અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૯ નવેમ્બર ૨૦૨૩, ગુરુવાર
વિક્રમ સંવત ૨૦૭૯, આસો વદ અગિયારસ

વર્ષ : ૧૫
અંક : ૧૦૫

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### મધ્યપ્રદેશમાં ચૂંટણી રેલીને સંબોધતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિપક્ષી ગઠબંધન ઈન્ડિયાને નિશાન પર લીધુ

# સરકારને ઊખાડી ફેંકવા વિપક્ષો ઈન્ડિયા ગઠબંધનના ઝંડા સાથે ફરી રહ્યા છે : મોદી

## ગઠબંધનનો એક પણ નેતા માતા-બહેનો પર આપવામાં આવેલા નિવેદન વિરુદ્ધ એક શબ્દ બોલવા માટે તૈયાર નથી, દુનિયામાં દેશની બદનામી કરાવી રહ્યા છે : વડાપ્રધાન





। ગુના, તા.૮ ।

વસતી નિયંત્રણ પર બિહારના મુખ્ય મંત્રી નીતીશ કુમારના વિવાદાસ્પદ નિવેદન અંગે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ તેમના પર આકરા પ્રહાર કર્યા છે. તેમણે વિપક્ષી ગઠબંધન ઈન્ડિયાને પણ નિશાન પર લીધુ છે. પીએમ મોદીએ મધ્ય પ્રદેશના ગુનામાં ચૂંટણી રેલીને સંબોધિત કરતા આજે કહ્યું કે, ગઠબંધનના નેતાએ વિધાનસભાની અંદર માતા-બહેન સાથે એવા ભાષામાં વાત કરી... તેમને કોઈ શરમ નથી. તેમણે કહ્યું કે, જે ઈન્ડિયા ગઠબંધનના નેતા ઝંડો લઈને ફરી રહ્યા છે અને જેઓ દેશની વર્તમાન સરકારને ઉખાડી ફેંકવા માટે જાત-જાતના ખેલ ખેલી રહ્યા છે. તે ઈન્ડિયા ગઠબંધનના નેતાએ વિધાનસભાની અંદર, જે સભામાં માતા-બહેનો હાજર હતા ત્યાં કોઈ કલ્પના ન કરી શકે તેવી ભાષામાં ગંદી વાત કરી.

પીએમ મોદીએ આગળ કહ્યું કે, એટલું જ નહીં ગઠબંધનનો એક પણ નેતા માતા-બહેનો પર આપવામાં આવેલા નિવેદન વિરુદ્ધ એક શબ્દ બોલવા માટે તૈયાર નથી. તેઓ તમારું શું ભલુ કરી શકશે? કેવું દુર્ભાગ્ય આવ્યુ છે. દુનિયામાં દેશની બદનામી કરાવી રહ્યા છે. તમારા સમ્માનમાં જે થઈ શકશે તે હું કરીશ.

પીએમ મોદીએ આ સાથે જ કોંગ્રેસ પર નિશાન સાધતા કહ્યું કે, તે લોકોને માત્ર પોતાના દીકરા-દીકરીની ચિંતા છે. કોંગ્રેસ દૂરનું નથી વિચારતી. વસતી નિયંત્રણ કરવા માટે મહિલાઓ વચ્ચે શિક્ષાના મહત્વ પર ભાર મૂકતા નીતીશ કુમારે ગઈ કાલે ગૃહમાં કહ્યું હતું કે, કેવી રીતે એક શિક્ષિત મહિલા પોતાના પતિને શારીરિક સબંધ દરમિયાન રોકી શકે છે. તેને લઈને વિપક્ષ તેને નિશાન પર લઈ રહ્યું છે.

બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારે ગૃહમાં નિવેદન આપ્યા બાદ ચારેબાજુથી તેનો વિરોધ શરુ થયો હતો અને પટનાથી લઈને દિલ્હી સુધી હોબાળો મચી ગયો હતો. જો કે તેજસ્વી યાદવે નીતિશ કુમારનો બચાવ કર્યો હતો ત્યારે નીતીશ કુમારે આજે તેમના નિવેદન પર માફી માંગતા કહ્યું હતું કે 'મેં માત્ર મહિલા શિક્ષણની વાત કરી હતી, જો મેં કંઈપણ ખોટું કહ્યું હોય તો હું માફી માંગુ છું.

### ન્યૂઝ બ્રિફ

#### મમતા બેનર્જીના ભત્રીજાને ઈડીએ પુછપરછ માટે બોલાવ્યો



। કોલકાતા, તા.૮ ।

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)એ મમતા બેનર્જીના ભત્રીજાને સમન્સ પાઠવ્યું છે. ઈડીએ તૃણમુલ કોંગ્રેસના રાષ્ટ્રીય મહાસચિવ અને મમતા બેનર્જીના ભત્રીજા અભિષેક બેનર્જીએ પુછપરછ માટે બોલાવ્યા છે. એજન્સીએ તેમને આવતીકાલે ૯ નવેમ્બરે હાજર થવા આદેશ આપ્યો છે. અભિષેકને સવારે ૧૧.૦૦ કલાકે હાજર થવું પડશે. પાર્ટીના સૂત્રોના જણાવ્યા મુજબ અભષિક બેનર્જી ગુરુવારે ઈડી સમક્ષ હાજર થશે. જોકે તેમને કયા કેસમાં ફરી સમન્સ પાઠવાયું છે, તેની કોઈ ચોક્કસ માહિતી સામે આવી નથી.

#### મહિલાઓ પર વિવાદાસ્પદ ટિપ્પણી બદલ નિતિશ કુમારે માફી માગી



। પટણા, તા.૮ ।

બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર જ્યારે વિધાનસભામાં બોલી રહ્યા હતા ત્યારે તેમણે મહિલાઓને લઈને એક વિવાદિત નિવેદન આપ્યું હતું જેના પગલે ભારે હોબાળો થયો હતો. હવે આ વિવાદ વચ્ચે તેમણે પોતાના નિવેદન પર માફી માંગી છે. બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારે ગૃહમાં નિવેદન આપ્યા બાદ ચારેબાજુથી તેનો વિરોધ શરુ થયો હતો અને પટનાથી લઈને દિલ્હી સુધી હોબાળો મચી ગયો હતો. ભાજપે આ નિવેદનની આકરી ટીકા કરી હતી.

#### કવિ કુમાર વિશ્વાસના કાફલા ઉપર હુમલો કરવામાં આવ્યો

। ગાઝિયાબાદ, તા.૮ ।

પ્રખ્યાત કવિ કુમાર વિશ્વાસના કાફલા પર હુમલો થયાના સમાચાર સામે આવ્યા છે. ગાઝીયાબાદથી અલીગઢ જતા સમયે કુમાર વિશ્વાસના કાફલા સાથે આ પ્રકારનો બનાવ બન્યો હતો. કોઈ અજાણ્યા કાર સવાર વ્યક્તિએ આજે બપોરે આ ઘટનાને અંજામ આપ્યો હતો. આ મામલે પોલીસે એ રીપોર્ટ મેળવી લીધો છે.

### ISISના નાપાક ઈરાદાઓને તોડી પાડવામાં સફળતા

# કેમિકલ અટેકના ષડયંત્રનો પર્દાફાશ, UP ATSએ ISISના આતંકીઓને પકડ્યા

## દિલ્હી પોલીસ ISISના પેન ઈન્ડિયા મોડ્યુલનો ખુલાસો કરતી વખતે ટીમ દ્વારા અલીગઢથી ધરપકડ કરાયેલા બે શંકાસ્પદ આતંકીની પૂછપરછ કરશે

। નવી દિલ્હી, તા.૮ ।

ફરી એકવાર સુરક્ષા એજન્સીઓને હાથ લાગ્યા છે આતંકીઓ. આતંકીઓને બદઈરાદાઓને નાકામ કર્યા છે યુપી એટીએસ એટલેકે, એન્ટી ટેરેરિસ્ટ સ્કોડની ટીમે. UP ATSએ અલીગઢમાંથી ISISના બે આતંકીઓની ધરપકડ કરી છે. હવે દિલ્હી પોલીસ સ્પેશિયલ સેલની ટીમ પણ બંનેની પૂછપરછ કરશે. ઉલ્લેખનીય છેકે, ધરપકડ કરાયેલા બંને આરોપીઓ અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી (SAMU) સંગઠનના વિદ્યાર્થી છે. દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલે તાજેતરમાં જામિયા મિલિયાઈસ્લામિયાના પીએચડી વિદ્યાર્થી અરશદ વારસી અને પૂણે ISIS કેસમાં નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (NIA)ના વોન્ટેડ આતંકવાદી શાહનવાઝની દિલ્હીથી ધરપકડ કરી હતી. કહેવામાં આવી રહ્યું છે કે NIA અને દિલ્હી સ્પેશિયલ સેલ દ્વારા ધરપકડ કરાયેલા બે આતંકીઓ પાસેથી અલીગઢના રહેવાસી અબ્દુલ્લા અર્સલાન અને માઝ બિન તારિક વિશે માહિતી મળી હતી. જે બાદ યુપી એટીએસે અલીગઢમાં દરોડા પાડીને બંનેની ધરપકડ કરી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ ISISનું એક અખિલ ભારતીય મોડ્યુલ છે જેમાં ઉત્તર પ્રદેશ, ઝારખંડ, પુણેના મોટાભાગે શિક્ષિત વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. આ ખતરનાક આરોપીઓ શાહનવાઝ અને રિઝવાન સાથે રાસાયણિક હુમલાની યોજના બનાવી રહ્યા હતા, જેમને NIA અને દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલ દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. તમને જણાવી દઈએ કે ધરપકડ કરાયેલ અબ્દુલ્લા અર્સલાને અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીમાંથી પેટ્રોકેમિકલ એન્જિનિયરિંગમાં B.Tech કર્યું છે. ISISના કેટલાક હેન્ડલરોએ પુણે મોડ્યુલ સાથે અબ્દુલ્લા અરસલાન અને માઝ બિન તારિકનો સંપર્ક કર્યો હતો.

### મણિપુરમાં હિંસા શાંત નથી થઈ રહી

## મણિપુરમાં ઉગ્રવાદીઓએ ચાર લોકોનાં અપહરણ કર્યા

। ઈમ્ફાલ, તા.૮ ।

મે મહિનામાં દેશના પૂર્વોત્તર રાજ્ય મણિપુરમાં ભડકેલી હિંસાની આગ શાંત થવાનું નામ લઈ રહી નથી. તાજેતરના ઘટનાક્રમમાં મૈતેઈ ઉગ્રવાદીઓએ ૪ લોકોના અપહરણ કરી લીધા હતા જેમાં સૈનિક પરિવારના ત્રણ લોકો પણ સામેલ છે. આ ઘટના મંગળવારે ઈમ્ફાલ પશ્ચિમ જિલ્લામાં બની હતી. જેના પછી ફરી હિંસાનો માહોલ સર્જાયો હતો. જેવા જ અપહરણના અહેવાલ ફરતા થયા કે હથિયારોથી લેસ કુકી આતંકીઓએ ઈમ્ફાલ પશ્ચિમ અને કાંગપોકપી જિલ્લા સાથે કાંગચુપ વિસ્તારમાં લોકોના સમૂહ પર ગોળીબાર કરી.

### પ્રદૂષણના સામના માટે દિલ્હી સરકારે અનેક પગલાં લીધા

## દિલ્હીમાં ઓડ-ઈવન સ્કીમ તદન નિષ્ફળ રહ્યાનો કોંગ્રેસનો દાવો

। નવી દિલ્હી, તા.૮ ।

દેશની રાજધાની હાલ ગંભીર વાયુ પ્રદૂષણનો સામનો કરી રહી છે. દિલ્હી સરકાર પણ પ્રદૂષણને નાથવા તમામ પગલાઓ તેમ નીત-નવા નિયમો અમલમાં મુકી રહી છે. એટલું જ નહીં સરકારે નાછુટકે 'ઓડ-ઈવન સ્કીમ' પણ લાગુ કરી દીધી છે, જોકે હવે કોંગ્રેસે પોતાના ઈન્ડિયા ગઠબંધનના સહયોગી આપપર પ્રદૂષણ મામલે આકરા પ્રહારો કરી મોટો દાવો કર્યો છે.

## દેશના ૧૦ રાજ્યોમાં એનઆઈએના દરોડા

। નવી દિલ્હી, તા.૮ ।

રાષ્ટ્રીય તપાસ એજન્સી એનઆઈએએ આજે જમ્મુ-કાશ્મીરથી લઈને તમિલનાડુ સુધી દરોડા પાડ્યા છે. એનઆઈએની ટીમ જમ્મુ અને સાંબા શહેરમાં ઘણા સ્થળોએ દરોડા પાડી રહી છે. ઉપરાંત આસામના ગુવાહાટીમાં પણ કાર્યવાહી કરવામાં આવી છે. ગુવાહાટીમાં નકલી ડોક્યુમેન્ટ બનાવવા મામલે એનઆઈએના અધિકારીઓ દરોડા પાડી રહ્યા છે. એનઆઈએ કુલ ૧૦ રાજ્યોમાં દરોડા પાડ્યા હોવાના અહેવાલો મળ્યા છે. એજન્સીએ માનવ તસ્કરી મામલે દરોડા પાડ્યા હોવાનું કહેવાઈ રહ્યું છે. મીડિયા અહેવાલો મુજબ માનવ તસ્કરી મામલે એનઆઈએએ જે રાજ્યોમાં દરોડા પાડ્યા છે, જેમાં ત્રિપુરા, આસામ, પશ્ચિમ બંગાળ, કર્ણાટક, તમિલનાડુ, તેલંગાણા, હરિયાણા, પુડુચેરી, રાજસ્થાન અને જમ્મુ-કાશ્મીરનો સમાવેસ થાય છે.




સંતરામપુર જિલ્લા અને તાલુકાઓ દરેક ગ્રામ્ય વિસ્તારોમાં પત્રકારો નિમવાના છે સંપર્ક કરો



સંતોષકુમાર જોષી
મો.63550 761743



સમાચાર પત્ર છે લોકતંત્રનો ચૌથો સ્તંભ અને પ્રાણ,
જે કરે છે એક લોકતંત્રનો નિર્માણ !

CNN Channel Nine Network GUJARAT Gujarati Daily News Paper

CHANNEL NINE NETWORK GUJARAT
◆ ન્યૂઝ પેપર, ◆ ન્યૂઝ ચેનલ, ◆ ન્યૂઝ વેબસાઈટ

LIVE cnngujarat.co.in

આજે જ cnngujarat.com વેબસાઈટ ઉપર
વિઝીટ કરો અને જોડાઈ જાઓ સમાચારની દુનિયા સાથે...



### એક કિલોનો ભાવ સાંભળી પરસેવો છૂટી જશે

# અમદાવાદમાં પ્રથમ વખત 'સોના'ની સ્પેશ્યલ મીઠાઇ

। અમદાવાદ, તા.૮ ।

આ વર્ષે દિવાળી ૧૨ નવેમ્બર, રવિવારના રોજ ઉજવવામાં આવી રહી છે. દિવાળીના દિવસે ધનની દેવી મા લક્ષ્મી અને ગણેશજી અને કુબેરજીની વિશેષ પૂજા કરવામાં આવે છે. દિવાળીના તહેવારમાં મીઠાઈનું અનેરૂ મહત્વ છે. ત્યારે અમદાવાદમાં પ્રથમ વખત દિવાળી સ્પેશિયલ સોનાની મીઠાઈ બનાવવામાં આવી છે. આ મીઠાઈ પર સોનાનો વરખ ચઢાવવામાં આવ્યો છે. દિવાળી પહેલાઅમદાવાદમાંમીઠાઈઓમાં અવનવા ટ્રેન્ડ શરૂ થયા છે. સુરત બાદ હવે અમદાવાદમાં મોંઘીદાટ મીઠાઈનો ટ્રેન્ડ વધ્યો છે. સિંધુભવન સ્થિત ગ્વાલિયા ભોગ તરફથી મીઠાઈ તૈયાર કરવામાં આવી છે. ગ્વાલિયા ભોગ તરફથી તૈયાર કરવામાં આવેલી આ મીઠાઈનો ભાવ ૨૨ હજાર ૨૦૦ રૂપિયે પ્રતિ કિલો રખાયો છે. ગોલ્ડ કોઈનના આકારમાં બનેલી આ મીઠાઈનું નામ છે પિસ્તા ક્રેઈનબેરી સ્વર્ણમુદ્રા અને આલમંડ બ્લુબેરી સ્વર્ણમુદ્રા. આ મીઠાઈઓ પિસ્તા અને બદામના ઉપયોગથી તૈયાર કરવામાં આવી છે. તો ફ્લેવર અને સ્વાદ માટે ક્રેઈનબેરી અને બ્લુબેરીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ મીઠાઈની આટલી કિંમત પાછળ મીઠાઈ પર લગાવવામાં આવેલો સોનાનો વરખ છે. ૨૪ કેરેટ સોનામાંથી આ વરખ બનાવ્યો હોવાનો દાવો કરાયો છે.

### RMCના આરોગ્ય વિભાગની તવાઈ

# ફરસાણની દુકાનમાંથી ઝડપાયો ૭૫૦ કિલોગ્રામ અખાદ્ય જથ્થો

। રાજકોટ, તા.૮ ।

દિવાળીના તહેવારને માત્ર અઠવાડિયુ જ બાકી ત્યાં આરોગ્ય વિભાગે રાજ્યભરમાં ખાણી પીણીની દુકાનો પર દરોડા પાડ્યા છે. તો રાજકોટમાં RMCના આરોગ્ય વિભાગે પણ અલગ અલગ દુકાનોમાં દરોડા પાડ્યા છે. અને કડક કાર્યવાહી હાથ ધરી છે. માહી જનરલ ફુડ પ્રોડકટમાં આરોગ્ય વિભાગે દરોડા પાડ્યા હતા. રાજકોટના વાવડી વિસ્તારમાં આવેલુ કારખામાં કરી અને ગાંઠિયા સહિતનો ફરસાણનો અખાદ્ય જથ્થો ઝડપાયો હતો. ફરસાણની દુકાનમાંથી ઝડપાયેલા ૭૫૦ કિલો અખાદ્ય જથ્થાને આરોગ્ય વિભાગ દ્વારા નાશ કરવામાં આવ્યો છે. આ અગાઉ રાજકોટના પરાબજારમાં મુખવાસનાં હોલસેલ વેપારીઓને ત્યાં આરોગ્ય વિભાગ દ્વારા દરોડા પાડવામાં આવ્યા હતા. જેમાં અમૃત મુખવાસ નામની પેઢીમાંથી ભેળસેળ યુક્ત મુખવાસ ઝડપાયો હતો. તે પણ કોઈ ૧૦-૨૦ કિલ નહીં પરંતુ ૧ હજાર ૪૦ કિલો ભેળસેળ યુક્ત મુખવાસનો જથ્થો ઝડપાયો. જેમાં કલર મિક્સ કરવામાં આવતો હતો.

# ગોંડલ માર્કેટિંગ યાર્ડ દિવાળીની રજાઓમાં ૭ દિવસ રહેશે બંધ

### શુક્રવારે ધનતેરસથી દિવાળીના તહેવારની શરૂઆત થશે, ૭ દિવસ સુધી માર્કેટિંગ યાર્ડમાં જસણીની આવકો બંધ રહેશે

। રાજકોટ, તા.૮ ।

સૌરાષ્ટ્ર અને ગુજરાતનું નંબર વન ગણાતું ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં વિવિધ જણસીની આવકથી ઉભરાતું હોય છે. ત્યારે આગામી દિવસોમાં આવતા દિવાળીના તહેવારોને લઈને ગોંડલ માર્કેટયાર્ડ અલગ અલગ રજાના દિવસે માર્કેટિંગ યાર્ડ બંધ રહેશે. ગોંડલ માર્કેટયાર્ડના સત્તાધીશો તેમજ કમિશન એજન્ટ એસોસિએશન તરફથી નક્કી કરવામાં આવેલ કે આગામી દિવાળી દરમિયાન આવતા વાર તહેવાર, અને જાહેર રજાઓ કારણે જણસીની આવક હરરાજી અને યાર્ડનું કામ કાજ બંધ રહેશે.

યાર્ડમાં આવતા ખેડૂતો વેપારીઓ, જનરલ કમિશન એજન્ટો, તોલાટ, મજૂરો, વાહનમાલિકો સહિતનાએ રજાના દિવસે કામ કાજ બંધ રાખવામાં આવશે.તાજેતરમાં જ સમગ્ર રાજ્યની માર્કેટીંગ યાર્ડની આવકમાં ગોંડલ માર્કેટિંગ યાર્ડનો પ્રથમ




નંબર આવવા પામ્યો છે. ગોંડલ માર્કેટીંગ યાર્ડમાં સૌરાષ્ટ્રભરમાંથી ખેડૂતો મગફળી, ધાણા, મરચા, ડુંગળી, લસણ સહિતની ૫૫થી પણ વધુ જણસીઓ લઈને આ માર્કેટયાર્ડ માં વેચવા આવી રહ્યા છે. ત્યારે દિવાળીના તહેવારને લઈને શુક્રવાર ને ધનતેરસના દિવસે છેલ્લી જણસીની આવક અને હરાજી થયા બાદ શનિવારને કાળી ચૌદશથી તમામ જણસીની આવક યાર્ડના સત્તાધીશો દ્વારા બીજી કોઈ જાહેરાતના થાય ત્યાં સુધી બંધ રહેશે.

માર્કેટિંગ યાર્ડના ચેરમેન અલ્પેશભાઈ ઢોલરીયાએ જણાવ્યું હતું કે આગામી દિવાળીના તહેવારો આવતા હોય જેને પગલે સાત દિવસ એટલે કે તારીખ ૧૧ નવેમ્બરથી ૧૭ નવેમ્બર સુધી દિવાળી વેકેશન રહેશે. માર્કેટિંગ યાર્ડમાં તમામ જણસીની આવક સદંતર બંધ રાખવામાં આવશે અને તારીખ ૧૮ નવેમ્બરને લાભ પાંચમના દિવસે સારા મુહૂર્તમાં રાબેતા મુજબ તમામ જણસીઓની આવક તેમજ વિવિધ જણસીઓની હરરાજી શરૂ કરવામાં આવશે. દિવાળીના તહેવાર દરમિયાન આ દિવસે ગોંડલ માર્કેટયાર્ડમાં હરરાજી અને યાર્ડ બંધ રહેશે. તા.૧૧/૧૧/૨૦૨૩ શનિવારને કાળી ચૌદશ સવારથી તમામ જણસીની આવક બંધ રહેશે. તા. ૧૨/૧૧/૨૦૨૩ - રવિવાર દિવાળી હરરાજી અને જણસીની આવક અને યાર્ડનું કામકાજ બંધ રહેશે. તા. ૧૩/૧૧/૨૦૨૩ - સોમવાર (ધોકો)ના દિવસે હરરાજી અને જણસીની આવક અને યાર્ડનું કામકાજ બંધ રહેશે.



જૂના વાડજથી આરટીઓના નવા રોડ તૈયાર થઈ ગયેલ છે. જેને થોડા સમયમાં ગાંધી આશ્રમનો રોડ બંધ કરીને નવા રોડને શરૂ કરવામાં આવશે.

# આવનાર દિવાળી વચ્ચે આવી કમોસમી વરસાદની આગાહી

### ગુજરાતમાં ૨થી ૩ દિવસ વાદળછાયું વાતાવરણ રહેશે ભેજનું પ્રમાણ વધુ હોવાથી વાદળછાયું વાતાવરણ રહેશે

। અમદાવાદ, તા.૮ ।

તૈયાર રહેજો, ગુજરાતમાં આજથી વાતાવરણ પલટાવા જઈ રહ્યું છે. ઠંડી ગરમીની બેવડી ઋતુ વચ્ચે વરસાદનું આગમન થશે. જોકે, શિયાળામાં આવનાર આ વરસાદ કમોસમી વરસાદ બની રહેશે. આજથી દિવાળીના પાવન પર્વની શરૂઆત થઈ ગઈ છે. લોકોએ ઉત્સવની ઉજવણીની શરૂઆત કરી દીધી છે. કેટલાક ફરવાના પ્લાન બનાવ્યા છે, આવામાં કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે. ગુજરાતના અનેક જિલ્લાઓમાં વાતાવરણમાં પલટો આવશે, અને કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે. આજથી પાંચ દિવસ ગુજરાતમાં કમોસમી વરસાદનો માહોલ રહી શકે છે. આ પાંચ દિવસોમાં ક્યાંકને ક્યાંક છુટાછવાયા તથા હળવા વરસાદની આગાહી છે. ત્યારે આ ૮ થી ૧૧નું આ સેશન ગુજરાતના ખેડૂતો માટે ચિંતાજનક હશે. ૮થી ૧૧ નવેમ્બર દરમિયાન ગુજરાતના કેટલાક વિસ્તારોમાં માવઠાની શક્યતા રહેલી છે. આ માવઠાથી દક્ષિણ ગુજરાતના જિલ્લાઓ અને સૌરાષ્ટ્રના દરિયાકિનારાના જિલ્લાઓ સૌથી વધુ પ્રભાવિત થશે. આ સાથે તેમણે રાજ્યના કયા કયા વિસ્તારોમાં માવઠું થશે તે અંગે જણાવતા કહ્યુ છે કે, સૌરાષ્ટ્રના ભાવનગર, અમરેલી, ગીર સોમનાથ, જુનાગઢ અને પોરબંદરના અમુક વિસ્તારો હશે તે વધારે પ્રભાવિત થઈ શકે છે. આ સાથે દક્ષિણ ગુજરાતના તમામ જિલ્લાઓમં માવઠાની તીવ્રતા વધારે રહેશે. આ વિસ્તારોમાં છૂટાછવાયા અને હળવા માવઠા થશે. હવામાન વિભાગ દ્વારા ઉત્તર ગુજરાતના જિલ્લાઓમાં જેમકે અમદાવાદ, ગાંધીનગર, અરવલ્લી અને સાબરકાંઠા તથા સૌરાષ્ટ્રના જિલ્લાઓ પોરબંદર, દ્વારકા, જૂનાગઢ અને રાજકોટમાં છૂટાછવાયા સ્થળોએ હળવા વરસાદની સંભાવના છે. ઉત્તર ગુજરાતની વાત કરીએ તો ત્યાં બનાસકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્લામાં વધારે પડતા ઘાટ્ટા વાદળો જોવા મળશે અને ક્યાંક ક્યાંક સામાન્ય વરસાદ થવાની શક્યતા છે. હાલ રાજ્યમાં રાત દરમિયાન ઠંડી હોય છે. પરંતુ તમને જણાવી દઈ કે, હાલ ગુજરાતનું વડોદરા શહેર સૌથી ઠંડુ શહેર બન્યું છે. તો હવામાન વિભાગની ઠંડીને લઈને આગાહી કરતા જણાવ્યું કે, રાજ્યમાં આગામી ૫ દિવસ વરસાદની શકયતા નહિવત છે. આગામી પાંચ દિવસ રાજ્યમાં વાતાવરણ સૂકું રહેશે. તેમજ તાપમાન યથાવત રહેશે. જોકે ૧ કે ૨ ડિગ્રી ફરક આવી શકે છે. હાલમાં રાત્રે ૨૦ ડિગ્રી, જ્યારે કે દિવસે ૩૬ ડિગ્રી તાપમાન નોંધાયું છે. રાતે સૌથી ઓછું વડોદરામાં૧૮ ડિગ્રી તાપમાન રહ્યું છે. અમદાવાદમાં રાતે ૨૦ ડિગ્રી જ્યારે ગાંધીનગરમાં રાતે ૧૮.૫ ડિગ્રી તાપમાન રહ્યું છે.

# જેનો કોન્ટ્રાક્ટ રદ કરાયો તેના બોક્સમાં જ પ્રસાદ પીરસાયો

। અંબાજી, તા.૮ ।

અંબાજીનો મોહનથાળ પ્રસાદ ફરીથી વિવાદમાં આવ્યો છે. નકલી ઘી મળ્યા બાદ બ્લેકલિસ્ટ કરાયેલી મોહિની કેટરર્સ ફરી ચર્ચામાં આવી છે. અંબાજી મંદિરે બ્લેક લિસ્ટેડ કરેલી મોહિની કેટરર્સ કંપની અને અંબાજી મંદિર ટ્રસ્ટ ફરીથી વિવાદમાં આવ્યુ છે. હાલ મોહનથાળ પ્રસાદ તો અંબાજી મંદિર બનાવે છે, પરંતુ પ્રસાદના બોક્સ પર મોહિની કેટરર્સનું નામ જોવા મળતા જ ખળભળાટ મચી ગયો છે. છેલ્લા સવા મહિનાથી અંબાજી મંદિર ટ્રસ્ટ મોહનથાળ પ્રસાદ બનાવે છે, તો પછી મોહિની કેટર્સનુ બોક્સ કેવી રીતે આવ્યું, તે વિવાદ ઉઠ્યો છે. બનાસકાંઠા એનએસયુઆઈ મહામંત્રી દ્વારા સમગ્ર મામલો ખુલ્લો પાડવામાં આવ્યો છે. અંબાજી મંદિર દેવસ્થાન ટ્રસ્ટ મોહનથાળ બંધ કર્યો ત્યારે વિવાદમાં આવ્યું હતું, ત્યારબાદ નકલી ઘીના ઉપયોગમાં પણ વિવાદમાં આવ્યું હતું, ત્યારબાદ રાજભોગ પ્રસાદ ૫૧ શક્તિ પીઠમાં બંધ થયો ત્યારે પણ વિવાદમાં આવ્યું હતું અને હવે ફરીથી મોહિનીના બોક્સના ઉપયોગનો વિવાદ આવ્યો છે. અંબાજી મંદિર ટ્રસ્ટ કઈ રીતે મોહિની કેટરર્સને બ્લેકલિસ્ટ કરાઈ છે, તો તેના બોક્સ ઉપયોગ કઈ રીતે ઉપયોગ કરી શકે તેવો સવાલ એનએસયુઆઈ દ્વારા પૂછાયો છે. એનએસયુઆઈ દ્વારા અંબાજી મંદિરના વહીવટદારને ફોન કર્યો તો સિદ્ધિ વર્માએ જણાવ્યું કે, મોહિની કેટરર્સના બોક્સ વધ્યા હતા એટલે ઉપ યોગમાં લઈએ છીએ. હવે જો ફૂડ વિભાગ કેસ કરે તો કેસ કોની પર થાય, મોહિની ઉપર કે મંદિર ટ્રસ્ટ ઉપર? એક તરફ અંબાજી મંદિર ટ્રસ્ટ મોહિની કેટરર્સની ડિપોઝિટ જપ્ત કરી રાખી છે, ત્યારે બીજી બાજુ અંબાજી મંદિર ટ્રસ્ટ મોહિનીનું લાઈસન્સ અને તેના બોક્સ કઈ રીતે પ્રસાદનો ઉપયોગ કરી શકે તે સવાલ ઉઠ્યો છે. હાલમાં મોહનથાળનો પ્રસાદ અંબાજી મંદિર ટ્રસ્ટ બનાવી રહ્યું છે. બીજી તરફ, મોહિની કેટરર્સનું ટેન્ડર રદ કર્યું છે, તો પણ છેલ્લા ૩૮ દિવસથી મોહિનીના બોક્સમાં જ અંબાજી મંદિર ટ્રસ્ટ પ્રસાદ વેચે છે. ઉલ્લેખનીય છે કે, ગત મહિને અંબાજીમાં પ્રસાદ માટે વપરાતા ઘીના નમુના ફેલ થતા ઉહાપોહ મચી ગયો હતો. જેથી આરોગ્ય વિભાગ દોડતું થયું હતું. ભાદરવી પૂનમના મેળામાં મોહનથાળ માફિયાઓએ ૪૮ લાખ ભક્તોની આસ્થા સાથે ચેડાં કર્યા હતા.

## વિશેષ

### "વોકલ ફોર લોકલ" ઘર દિવડા બનાવતા નર્મદા જિલ્લાના કારીગરો

# રાજપીપળાનો માછી પરિવાર ગામડાના માટીકામના કારીગરોને રોજગારી માટે બજાર પુરું પાડી સેતુરૂપ ભૂમિકા અદા કરે છે

### દિવાળી તહેવારમાં હાથબનાવટના દીવડાની માગ વધતા "વોકલ ફોર લોકલ"ને પ્રોત્સાહન પુરૂં પાડતા હરનીશભાઈ માછી દિવાથી દિપ પ્રગટાવી ઘરમાં અજવાળું પાથરી અંધકારને ઉજાસમાં ફેરવે છે





#VocalforLocal નાના માણસોને રોજગારી અર્થે ગ્રામીણ વિસ્તારના કારીગરોને પણ એક ઉત્તમ કક્ષાનું બજાર મળી રહે અને સ્થાનિક હાથ બનાવટની ઉત્પાદકતાને પ્રોત્સાહન મળે તેવા શુભ આશય સાથે કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા વોકલ ફોર લોકલને ખૂબજ પ્રાધાન્ય આપવામાં આવી રહ્યું છે. જેથી છેવાડાના માનવી પણ જાતે બનાવેલી કે હાથ બનાવટની વસ્તુઓનું યોગ્ય બજારભાવ સાથે વેચાણ કરી રોજગારી પ્રાપ્ત કરી શકે અને આત્મનિર્ભર તરફ આગળ વધે તેવો શુભ આશય રહેલો છે.

દિવાળીનો તહેવાર આંગણે આવી ગયો છે ત્યારે રોશનીના ઝડમગાટ માટે દીવાનું પણ અનેરું મહત્વ હોય છે. આવા સંજોગોમાં નર્મદા જિલ્લામાં ગ્રામીણ વિસ્તારોમાં માટીકામ થકી દીવડા-ઘોડાનું સર્જન ઉત્પાદન કરતા પ્રજાપતિ (કુંભાર) પરિવારોને રોજગારી માટે યોગ્ય બજાર પુરૂં પાડી રોજગારી સર્જન કરી શહેરી વિસ્તારના લોકોને ઘર આંગણે હાથબનાવટના દીવડા પુરાપાડી રાજપીપલાનો માછી પરિવાર રોજગારી મેળવી રહ્યો છે. રોજગારી અને કલા બંન્ને વચ્ચે સેતુરૂપ બનીને "વોકલ ફોર લોકલ"ના મંત્રને ચરિતાર્થ કરી રહ્યો છે અને કલાને જીવંત રાખે છે.

નર્મદા જિલ્લાના વડામથક રાજપીપલા ખાતે પહેલાં રજવાડી ઠાઠ હતો અને નંદરાજાએ વસાવેલું રાજપીપલા જ્યાં દિવાળી તહેવારમાં લોકોમાં અનેરો ઉત્સાહ જોવા મળે છે અને દૂર દૂરથી ખરીદી કરવા અહીં આવે છે. જેમાં મુખ્યત્વે ફટાકડા, મીઠાઈ, એકબીજાને ભેટ આપવાની ચીજવસ્તુઓ, કપડા, દિપોત્સવીમાં ઘરને શણગારવા માટેની સાધન-સામગ્રી, દીવડા વગેરે જેવી ચીજવસ્તુઓની ખરીદી કરે છે. રાજપીપલામાં દીવડા, માટીના ઘોડા, માટીના વાસણો સહિતની ચીજવસ્તુઓનું વર્ષોથી વેચણ કરતા શ્રી હરનીશભાઈ બચુભાઈ માછી જણાવે છે કે, જિલ્લાના ગામડાઓમાંથી સ્થાનિક લોકો આ વસ્તુઓ વધુ પસંદ કરે છે. જેઓ માટીકામ કરે છે અને માટીમાંથી વિવિધ ચીજવસ્તુઓ બનાવે છે તેમની પાસેથી અમે લોકો ખરીદી કરીએ છીએ અને બજારમાં વેચાણ કરી સ્થાનિક કારીગરો માટે રોજગારી સર્જન કરીએ છીએ. તેનાથી અમારૂં ઘર તો ચાલે જ છે પરંતુ શહેરી વિસ્તારમાં વસવાટ કરતા લોકોને પણ મનગમતી હાથ બનાવટની વસ્તુઓ ઘર આંગણે મળી રહે છે અને હોંશથી તેઓ ખરીદી કરે છે. કેન્દ્ર અને રાજ્ય સરકાર પણ 'પરિશ્રમને અજવાળીએ' કેમ્પેઈનને વેગવાન બનાવી વોકલ ફોર લોકલને પ્રાધાન્ય આપીને આત્મનિર્ભર ભારતના સ્વપ્નને સાકાર કરવા તરફ નક્કર કદમ ઉઠાવી રહી છે ત્યારે રાજપીપલાના શ્રી ભદ્રેશભાઈ માછી જણાવે છે કે, દિવાળીના તહેવારમાં હાથ બનાવટના દીવડાનું ખાસ મહત્વ હોય છે અને લોકો પણ તેની ડીમાન્ડ વધુ કરતા હોય છે ત્યારે નર્મદા જિલ્લો આદિવાસી વસ્તી ધરાવતો ગ્રામીણ વિસ્તાર હોય ગ્રામીણ વિસ્તારોમાં અનેક પ્રકારની હાથબનાવટની ચીજવસ્તુઓ બનાવતા કારીગરો-પરિવારો વસવાટ કરે છે. તેઓ પોતાના ઘરે જે માટીકામની વસ્તુઓ બનાવે છે તેની અમે ખરીદી કરી રાજપીપલામાં વેચાણ કરીને તેમને બજાર પુરૂં પાડી આત્મનિર્ભર ભારતના સ્વપ્નને સાકાર કરવા માટે સહાયરૂપ મદદ કરી રહ્યા છીએ. અત્રે ઉલ્લેખનીય છે કે, 'પરિશ્રમને અજવાળીએ' કેમ્પેઈન અંતર્ગત સમગ્ર રાજ્યમાં સ્થાનિક સ્તરે નાના વેપારીઓ માટે રોજગાર સર્જન થાય, આર્થિક સમૃદ્ધિમાં વૃદ્ધિ થાય તેવા શુભ આશયથી આરંભાયેલું કેમ્પેઈન આગામી તા.૨૦મી નવેમ્બર, ૨૦૨૩ સુધી ચાલનાર છે. જેમાં નાના-મધ્યમ વેપારીઓના વેપારને પ્રોત્સાહન મળે તે માટે સ્થાનિક કારીગરો પાસેથી ચિજવસ્તુઓની ખરીદી કરી આર્થિક રીતે મદદરૂપ થવા અને નાના મોટા શાકભાજી ઉત્પાદકો તેમજ શીતાફળ જેવા દેશી ફળોને પણ 'વોકલ ફોર લોકલ'ને પ્રોત્સાહિત કરવા જિલ્લાના નાગરિકોને પણ એક જાહેર અપીલ કરવામાં આવી રહી છે.

### પાકિસ્તાનની ટીમ હજુ સેમિફાઈનલની રેસમાં

# ઈંગ્લેન્ડ સામેની મેચ પહેલાં પાક.ના ચાર સ્ટાર ખેલાડી હોસ્પિટલમાં પહોંચ્યા

### ફાસ્ટ બોલર હરિસ રઉફના છાતીમાં દુખાવો, ફખર ઝમાન, મોહમ્મદ વસીમ જુનિયર અને જમાલ ખાન હોસ્પિટલ પહોંચ્યા



। મુંબઈ, તા.૮ ।

પાકિસ્તાનની ટીમ હજુ સેમિફાઈનલની રેસમાં છે. પાકિસ્તાન તેની આગામી મેચ ઈંગ્લેન્ડ સામે રમાશે. આ મેચ પાકિસ્તાન માટે કરો યા મરોની રહેશે. જો પાકિસ્તાન ઈંગ્લેન્ડ સામેની આ મેચ જીતવામાં સફળ થાય છે તો તેની સેમિફાઈનલમાં પહોંચવી ઉમ્મીદ વધી જશે. પરંતુ ઈંગ્લેન્ડ સામેની મેચ પહેલા પાકિસ્તાન ટીમને મોટો ઝટકો લાગ્યો છે. પાકિસ્તાનના ૪ સ્ટાર ખેલાડીઓ હોસ્પિટલ પહોંચ્યા છે. આ ચાર ખેલાડીઓમાં પાકિસ્તાન ટીમના સ્ટાર ફાસ્ટ બોલર હરિસ રઉફનું નામ પણ સામેલ છે. મળેલા અહેવાલો મુજબ પાકિસ્તાનના ફાસ્ટ બોલર હરિસ રઉફના છાતીમાં દુખાવો થયો હતો. જેના કારણે તેને હોસ્પિટલ જવું પડ્યું હતું. આવી સ્થિતિમાં તેના માટે ઈંગ્લેન્ડ સામે રમવું ખુબ મુશ્કેલ લાગી રહ્યું છે. હરિસ રઉફ ઉપરાંત ફખર ઝમાન, મોહમ્મદ વસીમ જુનિયર અને જમાલ ખાન પણ હોસ્પિટલ પહોંચ્યા હતા. જો કે હોસ્પિટલના એક કર્મચારીનું કહેવું છે કે હરિસ રઉફ ઉપરાંત અન્ય ત્રણ ખેલાડીઓ રૂટીન ચેકઅપ માટે હોસ્પિટલ પહોંચ્યા હતા. પરંતુ હરિસ રઉફ ખરેખર ઈજાગ્રસ્ત છે. પાકિસ્તાન વન-ડે વર્લ્ડ કપ ૨૦૨૩માં ૮ મેચમાંથી ૪ જીતી પોઈન્ટ્સ ટેબલ પર પાંચમા સ્થાને છે. પાકિસ્તાન તેની આગામી મેચ ઈંગ્લેન્ડ સામે ૧૧ નવેમ્બરના રોજ રમશે. જે પાકિસ્તાન આ મેચ જીતવામાં સફળ થાય છે તો તે સેમિફાઈનલમાં પહોંચી શકે છે. જો કે પાકિસ્તાનનું સેમિફાઈનલમાં પ્રવેશ અફઘાનિસ્તાન અને ન્યુઝીલેન્ડ પર પણ નિર્ભર કરશે. પાકિસ્તાની ફેન્સ ઈંગ્લેન્ડ સામે મેચ પહેલા હરિસ રઉફના સ્વસ્થ થવાની પ્રાર્થના કરતા હશે.



### મેક્સવેલે વિસ્ફોટક ઈનિંગ અંગે કર્યો મોટો ખુલાસો

# ગ્લેન મેક્સવેલે અફઘાનિસ્તાનની ટીમને વેરવિખેર કરી દીધી હતી

### અફઘાનિસ્તાને ખુબ સારી બોલિંગ કરી પરંતુ મારા માટે તકનો ફાયદો ઉઠાવીને ઈનિંગ રમવું ખુબ શાનદાર રહ્યું

। વાનખેડે, તા.૮ ।

મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં મંગળવારે વર્લ્ડ કપ ૨૦૨૩ની મેચમાં ગ્લેન મેક્સવેલ નામનું એક એવું તોફાન આવ્યું જેણે અફઘાનિસ્તાનની ટીમને વેરવિખેર કરીને મુકી દીધી. એક સમયે ઓસ્ટ્રેલિયા ૭ વિકેટે ૯૧ રનની સ્થિતિમાં હતું પરંતુ ત્યારબાદ જે થયું તે કોઈએ વિચાર્યું પણ નહીં હોય. ગ્લેન મેક્સવેલે લંગડાતા પગે કદાચ પોતાની કરિયરની સૌથી શ્રેષ્ઠ ઈનિંગ રમી. ગ્લેન મેક્સવેલે ઓસ્ટ્રેલિયા માટે ૧૨૮ બોલમાં અણનમ ૨૦૧ રન કર્યા. ગ્લેન મેક્સવેલની ઈનિંગમાં ૨૧ ચોગ્ગા અને ૧૦ છગ્ગા હતા.

અફઘાનિસ્તાનને તહેસ નહેસ કર્યા બાદ ગ્લેન મેક્સવેલે પોતાની આ વિસ્ફોટક બેટિંગ વિશે ચર્ચા કરી છે. ગ્લેન મેક્સવેલે લંગડાતા પગે કદાચ પોતાની કારકિર્દીની શ્રેષ્ઠ ઈનિંગ રમી છે. ગ્લેન મેક્સવેલે અફઘાનિસ્તાનના મોઢામાંથી જીતનો કોળિયો છીનવી લીધો. મેચ બાદ તેણે કહ્યું કે આજે ફિલ્ડિંગ કરતી વખતે ખુબ જ ગરમી હતી. મે ગરમીમાં વધુ કસરત પણ કરી નહતી. આજે ગરમી મારા પર હાવી થઈ ગઈ. હું મારા પગ પર ઊભા રહીને ક્રીઝ પર રહેવા માંગતો હતો. પછી મે પણ મારા શોટ્સ રમવાની કોશિશ કરી. અફઘાનિસ્તાને ખુબ સારી બોલિંગ કરી પરંતુ મારા માટે તકનો ફાયદો ઉઠાવીને ઈનિંગ રમવું ખુબ શાનદાર રહ્યું. આજે રાતે હું સોનેરી તકનો વધુમાં વધુ ફાયદો ઉઠાવવા માંગતો હતો. આ એક એવી ઈનિંગ છે જેના માટે મને મારા પર ગર્વ છે. આશ્ચર્યજનક છે. વર્લ્ડ કપ ૨૦૨૩ની પહેલી ૨ મેચોમાં હાર બાદ લોકોએ અમને તરત નકારી દીધા હતા. એક ટીમ તરીકે હંમેશાથી અમને અમારા પર ભરોસો હતો. મેક્સવેલે જણાવ્યું કે તેણે આ અવિશ્વસનીય ઈનિંગ્સ કોને સમર્પિત કરી. મેચ બાદ તેણે કહ્યું, ઓસ્ટ્રેલિયન ટીમ જીતી ગઈ! અમે જીતી ગયા, હું આ જીત તે મહિલાઓને સમર્પિત કરીશ જેમને અભ્યાસ કરવાની મંજૂરી આપવામાં આવી ન હતી, હું તેમની સાથે એકતામાં મારું બેટ ઉંચુ કરીશ અને વર્લ્ડ કપ અભિયાન ચાલુ રહેશે.

#### મેક્સવેલે કપિલના ૧૭૫ અણનમ રનનો રેકોર્ડ તોડ્યો

**ઓસ્ટ્રેલિયા અને અફઘાનિસ્તાન વચ્ચે વન-ડે વર્લ્ડ કપ ૨૦૨૩માં ગઈકાલે રમાયેલી મેચમાં ઓસ્ટ્રેલિયાએ અફઘાનિસ્તાનને ૩ વિકેટથી હરાવ્યું હતું. આ મેચમાં ઓસ્ટ્રેલિયાને જીત અપાવવામાં ગ્લેન મેક્સવેલે સૌથી મોટી ભૂમિકા ભજવી હતી. મેક્સવેલે અફઘાનિસ્તાન સામે ૧૫૭.૦૩ના સ્ટ્રાઈક રેટથી બેટિંગ કરતા અણનમ ૨૦૧ રન બનાવ્યા હતા. આ સાથે તેણે ૪૦ વર્ષ જૂના કપિલ દેવના રેકોર્ડને તોડી દીધો છે. કપિલ દેવે વન-ડે વર્લ્ડ કપ ૧૯૮૩માં ઝિમ્બાબ્વે સામે રન ચેઝ કરતા અણનમ ૧૭૫ રન બનાવ્યા હતા. મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં રમાયેલી આ મેચમાં અફઘાનિસ્તાને પ્રથમ બેટિંગ કરતા ૫ વિકટ ગુમાવીને ૨૯૧ રન બનાવ્યા હતા. અફઘાનિસ્તાન માટે ઈબ્રાહીમ ઝાદરાને શાનદાર સદી ફટકારી હતી. તે અફઘાનિસ્તાન માટે વન-ડે વર્લ્ડ કપમાં સદી ફટકારનાર પ્રથમ બેટ્સમેન બન્યો હતો. જવાબમાં ઓસ્ટ્રેલિયાએ માત્ર ૯૧ રનના સ્કોર પર ૭ વિકેટ ગુમાવી દીધી હતી. ત્યારબાદ મેક્સવેલે ઓસ્ટ્રેલિયાની ઈનિંગ સંભાળી અને તાબડતોડ બેટિંગ કરતા માત્ર ૧૨૮ બોલમાં ૨૦૧ રન ફટકારી દીધા હતા. આ સાથે જ તેણે ઘણાં રેકોર્ડ બનાવ્યા હતા.**

### અત્યંત ચેપી JN.1 વેરિઅન્ટ

# કોરોનાના નવા વેરિઅન્ટ સામે તો રસી પણ છે ફેલ

### આ અંગે વિજ્ઞાનીઓનું કહેવું છે કે તે માત્ર અત્યંત ચેપી જ નથી પણ શરીરની રોગપ્રતિકારક શક્તિને પણ છીનવી લે છે



। વોશિંગ્ટન, તા.૮ ।

વર્ષ ૨૦૨૧માં કોરોનાની મહામારીએ ભારત સહિત દુનિયાભરમાં હાહાકાર મચાવ્યો હતો. ભાગ્યે જ કોઈક એવો પરિવાર હશે કે જેણે કોરોનાના લીધે પોતાના પ્રિયજનો ન ગુમાવ્યા હોય. કોરોનાની મહામારીએ ભૌગોલિક સીમાઓ તોડી નાખ્યા હતાં. તે હજારો કિલો મીટર પાર સરહદોને પાર પણ મોતનો તાંડવ મચાવતી રહી હતી. ચીનના વુહાન શહેરમાં આ વાયરસ પહેલીવાર જોવા મળ્યો હતો. જોકે, સરહદો પાર કરીને આ વાયરસે દુનિયાભરમાં હડકંપ મચાવ્યો. એ અલગ વાત છે કે ચીને જાણીજોઈને કોરોના વાયરસ ફેલાવ્યો કે તે માત્ર એક અકસ્માત હતો? આ સવાલ આજે પણ એક સવાલ જ છે. જેનો સાચો જવાબ મળ્યો નથી. કોરાના વાયરસે અનેકવાર પોતાનો રંગ બદલ્યો છે. દરેકવાર કોરોના એક નવા વેરિઅન્ટ સાથે વધુ અસરકારક અને વધુ ઘાતક બનીને આવે છે. આ વખતે પણ કોરોનાનું વેરિઅન્ટ ચેન્જ થયું છે. જેને કારણે ફરી એકવાર ભારત સહિત દુનિયાભરમાં ચિંતાના વાદળો ઘેરાયા છે.

કોરોનાના નવા પ્રકારનું નામ JN.1 રાખવામાં આવ્યું છે અને તેની ઓળખ લક્ઝમબર્ગ તેમજ ઈંગ્લેન્ડ, આઈસલેન્ડ, ફ્રાન્સ અને અમેરિકામાં કરવામાં આવી છે. તમને જણાવી દઈએ કે સારી વાત એ છે કે અત્યાર સુધી ભારતમાં આ વેરિઅન્ટનો કોઈ કેસ સામે આવ્યો નથી. પરંતુ જે રીતે તે અત્યંત ચેપી હોવાનું કહેવાય છે તે અંગે ચિંતા કરવાનું કારણ છે. તે કોવિડના અન્ય પ્રકારો કરતાં વધુ ચેપી હોવાનું કહેવાય છે. વૈજ્ઞાનિકો કહે છે કે JN.1 XBB.1.5 અને HV.1 થી અલગ છે. જો આપણે કોરોનાની આ બે જાતો વિશે વાત કરીએ, તો અમેરિકામાં રસીનો બૂસ્ટર ડોઝ XBB.1.5 અને HV.1 સામે લડવામાં અસરકારક છે. પરંતુ JN.1 સંપૂર્ણપણે અલગ છે. XBB.1.5 અને HV.1 માં અત્યાર સુધીમાં ૧૦ મ્યુટેશન થયા છે. જ્યારે XBB.1.5 ની સરખામણીમાં JN.1 માં ૪૧ ફેરફારો થયા છે. મોટાભાગના ફેરફારો સ્પાઈક પ્રોટીન સાથે સંબંધિત છે, સૌથી મોટી વાત એ છે કે અત્યંત ચેપી હોવા ઉપરાંત, રસી પણ અસરકારક નથી. ન્યુયોર્કની બફેલો યુનિવર્સિટીના ડો. થોમસ રુસો કહે છે કે તે શરીરની રોગપ્રતિકારક શક્તિથી પોતાને બચાવે છે, એટલે કે જો કોઈને JN.1થી ચેપ લાગે છે, તો તેના માટે મુશ્કેલ દિવસો આવવાના છે. કેટલાક ડેટા અનુસાર, JN.1 માં ૪૧ પ્રકારના પરિવર્તનને કારણે રસીઓ પણ ઓછી અસરકારક છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના ડેટા અનુસાર, વિશ્વભરમાં અત્યાર સુધીમાં કોરોનાના ૭૭ કરોડ કેસ નોંધાયા છે. આ ૭૭ કરોડ કેસમાં ૬૯ લાખ લોકોએ જીવ ગુમાવ્યા છે.

### બિગ બોસ ૧૭ વિજેતા પર કાયદાનો ગાળિયો ભિંસાયો

# સાપના ઝેર મામલે એલ્વિશ યાદવની નોઈડા પોલીસે પુછપરછ કરાઈ હતી



। નવી દિલ્હી, તા.૮ ।

ફેમસ યુટ્યૂબર અને બિગ બોસ ઓટીટીવિજેતા એલ્વિશ યાદવની નોઈડા પોલીસે સાપના ઝેર મામલે પૂછપરછ કરી છે. એલ્વિશ યાદવ ગઈ કાલે મોડી રાત્રે ગુપ્ત રીતે સેક્ટર-૨૦ પોલીસ સ્ટેશન પહોંચ્યો હતો અને રજૂ થયો હતો. જ્યાં ડીસીપીઅને એસીપીલેવલના અધિકારીઓએ લગભગ ૩ કલાક સુધી તેની પૂછપરછ કરી હતી. રાત્રે ૨ વાગ્યાની આસપાસ તે મીડિયાથી છૂપાતો પોલીસ સ્ટેશનથી નીકળી ગયો હતો.

બીજી તરફ આજે આ મામલે ધરપકડ કરાયેલા ૫ આરોપીઓના પોલીસ કસ્ટડી રિમાન્ડ નોઈડા પોલીસને મળી શકે છે. ત્યારબાદ નોઈડા પોલીસ આમાંથી એક આરોપી રાહુલ સાથે આમને-સામને બેસાડીને એલ્વિશ યાદવની પૂછપરછ કરશે. અગાઉ પોલીસે તેને મંગળવારે રજૂ થવા માટે સમન્સ પાઠવ્યુ હતું.

# ઈઝરાયેલ અને હમાસ યુદ્ધમાં યુએનના ૮૯ કર્મચારીઓ માર્યા ગયા



। વોશિંગ્ટન, તા.૮ ।

મહિના અગાઉ શરૂ થયેલા ઈઝરાયલ-હમાસ વચ્ચેના યુદ્ધમાં એક માઠા સમાચાર આવ્યા છે. આ યુદ્ધમાં સંયુક્ત રાષ્ટ્ર (યુએન)ના ૮૯ જેટલાં કર્મચારીઓ પણ માર્યા છે. યુએનના ઈતિહાસમાં કોઈ યુદ્ધમાં માર્યા ગયેલા સંયુક્ત રાષ્ટ્રના કર્મચારીઓનો આ સર્વોચ્ચ આંકડો છે. મિડલ ઈસ્ટમાં પેલેસ્ટાઈની શરણાર્થીઓ માટે કાર્યરત સંયુક્ત રાષ્ટ્ર રાહત તથા બચાવ કાર્ય એજન્સી (યુએનરો)એ આ માહિતી આપી હતી. યુએનરોએ આ મામલે એક નવો રિપોર્ટ જાહેર કર્યો હતો જેમાં જણાવાયું હતું કે ૭ ઓક્ટોબરથી શરૂ થયેલા યુદ્ધને લીધે ગાઝા પટ્ટીમાં લગભગ ૧૫ લાખ લોકો વિસ્થાપિત થઈ ચૂક્યા છે. ઉત્તર ગાઝાના તમામ પાંચેય પ્રાંતમાં ૧૪૯ યુએનરોના કેમ્પ માં આશરે ૭૨૫૦૦૦ લોકોએ શરણ લીધી છે. માહિતી અનુસાર છેલ્લા ૨૪ કલાકમાં ઈઝરાયલી સૈન્યના હવાઈ હુમલાના નિશાને યુએનરોની સ્કૂલ પણ લપેટમાં આવી હતી. આ ઘટનામાં સ્કૂલમાં આશ્રય લેનારા આંતરિક રીતે વિસ્થાપિત લોકોમાંથી એકનું મોત નીપજ્યું હતું અને અનેક ઘવાયા હતા.

### ઈન્ટેલિજન્સ એજન્સીના અધિકારીનો દાવો

# ભારતમાં આતંકી પ્રવૃત્તીને અંજામ આપવા પન્નુને ISI એ ૬૦ હજાર ડોલર આપ્યા હતા



। નવી દિલ્હી, તા.૮ ।

પાકિસ્તાનની ગુપ્તચર એજન્સી આઈએસઆઈ (આઈએસઆઈ) એ ખાલિસ્તાની આતંકી ગુરુપતવંત સિંહ પન્નુ ને ભારતમાં આતંકી પ્રવૃત્તિઓને અંજામ આપવા માટે ૬૦ હજાર ડૉલર આપ્યા છે. આ ડીલ અમુક દિવસ પહેલાં કેનેડામાં પાક. હાઈ કમીશન નજીક એક હોટેલમાં આઈએસઆઈના અધિકારીઓ સાથે થઈ હોવાનો દાવો કરાયો છે. ભારતીય કરન્સી અનુસાર આ રકમ ૫૦ લાખ, ૪૦ હજાર જેટલી થાય છે. ઈન્ટેલિજન્સ એજન્સીના એક અધિકારીએ કહ્યું કે આતંકી પન્નુ હવે આ રકમથી ખાસ કરીને પંજાબમાં તેના સાગરીતોની મદદથી કોઈ મોટી ઘટનાને અંજામ આપવાની તાકમાં છે. આ મામલે સુરક્ષા એજન્સીએ તમામ રિપોર્ટ તૈયાર કરી કેન્દ્રની ઈન્ટેલિજન્સ એજન્સીને મોકલી દીધા છે.

### દિલ્હીમાં દિવસને દિવસે પ્રદૂષણ વધતું જ જઈ રહ્યું છે

# આનંદ વિહારનો એર ક્વોલિટી ઈન્ડેક્શ ૯૯૯ પર પહોંચ્યો



। નવી દિલ્હી, તા.૮ ।

રાજધાની દિલ્હીમાં દિવસને દિવસે પ્રદૂષણ વધતું જ જઈ રહ્યું છે. ઝેરી પ્રદૂષણને દિલ્હીને બાનમાં લીધું હોય તેવું સ્થિતિ સર્જાઈ છે. અહીં ઝેરી પ્રદૂષણ વચ્ચે જીવવા લોકો મજબુર બન્યા છે. દિલ્હી સરકાર પણ પ્રદૂષણ ડામવા સતત પ્રયાસો કરી રહી છે. અહીં નીત-નવા નિયમોનો પણ અમલ કરાયો છે, તેમ છતાં આજે પણ સ્થિતિ ગંભીર બની છે. દિલ્હીમાં પ્રદૂષણની સ્થિતિ ગઈકાલના મુકાબલે આજે અત્યંત ખરાબ સ્થિતિએ પહોંચી છે. રાજધાનીના આનંદ વિહારની વાત કરીએ તો અહીં એર ક્વોલિટી ઈન્ડેક્શ ૯૯૯ પર પહોંચી ગયો છે.

જ્યારે દિલ્હીના અન્ય શહેરોમાં પણ ગંભીર સ્થિતિ છે. કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (સીપીસીબી)ના જણાવ્યા મુજબ આજે બુધવારે આરકે પુરમમાં ૪૩૩, પંજાબ બાગમાં ૪૬૦ અને આઈટીઓમાં ૪૧૩ એક્યુઆઈ નોંધાયો છે. જ્યારે મુંબઈમાં પણ પ્રદૂષણના કારણે સ્થિતિ વણસી રહી છે. બીકેસીમાં ૨૦૦, ચેંબુરમાં ૧૫૦, અંધેરીમાં ૧૧૨, વિલે પાર્લેમાં ૧૭૫, મલાડમાં ૧૭૦, બોરીવલીમાં ૧૦૩, મુલુંદમાં ૧૨૬, વર્લીમાં ૧૪૦, કોલાબામાં ૧૫૭ એર ક્વોલિટી ઈન્ડેક્સ નોંધાયો છે. હવામાન એજન્સી એ ક્યુ આઈ સી એ ન. ઓ આર જી એ દિલ્હીના આનંદ વિહારમાં એક્યુઆઈ ૯૯૯ માપ્યું, જ્યારે દિલ્હીના અન્ય ભાગોમાં પણ ગંભીર સ્થિતિ છે.

જ્યારે એનસીઆરમાં ઈન્દિરાપુરમ, ગાઝિયાબાદમાં ૩૧૮, નોઈડા સેક્ટરમાં ૧૨૫માંથી ૩૩૬, ગુરુગ્રામ સેક્ટરમાં ૫૧માંથી ૩૬૬, ન્યૂ ઈન્ડસ્ટ્રિયલ ટાઉન, ફરિયાદાબાદમાં ૩૭૮ એક્યુઆઈનોંધાયું છે.

# જેલની અંદરથી જ સરકાર ચલાવો : અનિલ વિજ



। ચંડીગઢ, તા.૮ ।

ભારતીય જનતા પાર્ટી નેતા અને હરિયાણાના ગૃહમંત્રી અનિલ વિજે આમ આદમી પાર્ટી(આપ)પર નિશાન સાધ્યું છે. તેમણે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ પર કટાક્ષ કરતા કહ્યું કે, તેઓ જ્યાં પણ જાય છે, ત્યાં સારુ મોડલ રજુ કરી રહ્યા છે. વિજે કહ્યું કે, કેજરીવાલ ચૂંટણી રાજ્યોમાં કહે છે કે, જો આમ આદમી પાર્ટીની સરકાર બનશે તો તેઓ તે રાજ્યોમાં દિલ્હી મોડલ લાગુ કરશે. વિજ મંત્રીએ કટાક્ષ કરતા કહ્યું કે, દિલ્હીના ૪ મંત્રીઓ જેલમાં છે, તો તે રાજ્યોમાં કેટલા મંત્રીઓ જેલમાં હશે, કારણ કે દિલ્હી મોડલ તો આવું જ છે કે, જેલની અંદરથી સરકાર ચલાવો. વાસ્તવમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)એ લીકર પોલિસી કેસમાં અરવિંદ કેજરીવાલને નોટિસ મોકલી તો આ મામલે આપના ધારાસભ્યો દ્વારા એવું પણ કહેવાયું કે, કેજરીવાલની ધરપકડ થાય તો પણ તેઓ મુખ્યમંત્રી પદેથી રાજીનામું નહીં આપે. અનિલ વિજે આપ ધારાસભ્યોને આ વાતને લઈ કટાક્ષ કર્યો છે.

### નિફ્ટી બેન્ક એક્સપાયરી પર માર્કેટમાં કન્સોલિડેશન જોવા મળ્યું

# સેન્સેક્સમાં 33, નિફ્ટીમાં 3૭ પોઈન્ટનો ઊછાળો જોવા મળ્યો

### બીપીસીએલ, અદાણી પોર્ટ્સ, સિપ્લા, એશિયન પેઇન્ટ્સ અને ટાઇટન કંપની નિફ્ટીમાં ટોપ ગેઇનર રહ્યા હતા



। મુંબઈ, તા.૮ ।

નિફ્ટી બેંક એક્સપાયરી પર માર્કેટમાં કન્સોલિડેશન જોવા મળ્યું હતું અને સેન્સેક્સ-નિફ્ટી લીલા નિશાનમાં બંધ થયા હતા. મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં તેજી જોવા મળી હતી. રિયલ્ટી, ફાર્મા, મેટલ શેરો વધ્યા. ઓટો, એફએમસીજી સૂચકાંકો ઉછાળા સાથે બંધ થયા છે. આઈટી અને બેંકિંગ શેરોમાં દબાણ જોવા મળ્યું હતું. ટ્રેડિંગના અંતે સેન્સેક્સ ૩૩.૨૧ પોઈન્ટ અથવા ૦.૦૫ ટકાના વધારા સાથે ૬૪,૯૭૫.૬૧ પર બંધ થયો હતો. નિફ્ટી ૩૬.૮૦ પોઈન્ટ અથવા ૦.૧૯ ટકાના વધારા સાથે ૧૯૪૪૩.૫૦ પર બંધ થયો. બીપીસીએલ, અદાણી પોર્ટ્સ, સિપ્લા, એશિયન પેઈન્ટ્સ અને ટાઈટન કંપની નિફ્ટીમાં ટોપ ગેઈનર હતા. જ્યારે આઈસીઆઈસીઆઈબેંક, એનટીપીસી, ટેક મહિન્દ્રા, ઈન્ફોસિસ અને એચડીએફસીલાઈફ નિફ્ટીના ટોપ લૂઝર હતા. શેરબજારમાં તહેવારોની સિઝનના રંગો ચડવા લાગ્યા છે. આજના કારોબારમાં ફાર્મા, એફએમસીજી અને હેલ્થકેર સેક્ટરના શેરોમાં રોકાણકારો દ્વારા જોરદાર ખરીદારી થઈ છે, જેના કારણે બજાર લીલા નિશાનમાં બંધ થયું છે.

બજારના બંને મુખ્ય એક્સચેન્જોમાં થોડો વધારો જોવા મળ્યો છે પરંતુ મિડ કેપ અને સ્મોલ કેપ શેરોમાં જોરદાર ઉછાળો જોવા મળ્યો છે. આજના કારોબારના અંતે મ્જીઈ સેન્સેક્સ ૩૩ પોઈન્ટના ઉછાળા સાથે ૬૪,૯૭૬ અને નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ૩૭ પોઈન્ટના ઉછાળા સાથે ૧૯,૪૪૩ પોઈન્ટ પર બંધ રહ્યો હતો. આજના કારોબારમાં મિડ કેપ શેરોમાં ફરી જોરદાર ઉછાળો જોવા મળ્યો છે. નિફ્ટીનો મિડ કેપ ઈન્ડેક્સ ૩૯૭ પોઈન્ટ અથવા ૦.૯૯ ટકાના ઉછાળા સાથે ૪૦,૪૪૭ પોઈન્ટ પર બંધ રહ્યો હતો, જ્યારે નિફ્ટીનો સ્મોલ કેપ ઈન્ડેક્સ ૯૨ પોઈન્ટના ઉછાળા સાથે ૧૩,૩૩૫ પોઈન્ટ પર બંધ થયો હતો. આજના કારોબારમાં ફાર્મા, એફએમસીજી, મેટલ્સ, એનર્જી, કોમોડિટી કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, હેલ્થકેર, ઓઈલ એન્ડ ગેસ અને ઓટો સેક્ટરના શેરમાં ખરીદી જોવા મળી હતી.

જ્યારે બેક્કિંગ, આઈટી અને મીડિયા શેરોમાં ઘટાડો નોંધાયો હતો. સેન્સેક્સના ૩૦ શેરોમાંથી ૧૬ શેર ઉછાળા સાથે અને ૧૪ નુકસાન સાથે બંધ થયા હતા. જ્યારે નિફ્ટીના ૫૦ શેર્સમાંથી ૩૩ શેર તેજી સાથે અને ૧૭ શેર ઘટાડા સાથે બંધ થયા હતા. આઈટી અને બેંક સેક્ટર સિવાય તમામ સેક્ટરલ ઈન્ડેક્સ લીલા નિશાનમાં બંધ થયા છે. રિયલ્ટી, ઓઈલ એન્ડ ગેસ, હેલ્થકેર અને કેપિટલ ગુડ્સ ઈન્ડેક્સ ૧ ટકાના વધારા સાથે બંધ થયા છે.

## તંત્રી લેખ...

# પરપ્રાંતિઓ માટે ગુજરાત તેમનું બીજું ઘર છે

વિશ્રવમાં ગુજરાતીઓની સંસ્કાર, સંસ્કૃતિ, વિચક્ષણતા, વ્યાપારી અભિગમ, સર્વસમાવેશક ચરિત્ર, શાંતિપ્રિયતા, અહિંસક વલણ, મધ્યમમાર્ગે ચાલવાની વૃત્તિ વગેરે ગુણો પ્રખ્યાત છે. ઈરાનથી આવેલા પારસીઓ, કેરલથી આવેલ મત્સ્ય ઉદ્યોગના કામદારો-મહિલાઓ, બંગાળથી ત્રાસીને આવેલા ઉદ્યોગો સુરતમાં, મહારાષ્ટ્રમાં ય રાજકીય પક્ષની જોહુકમી-કનડગતથી હિજરત કરી ગયેલ વાપી-ઉંમરગામ-દમણના ઉદ્યોગો, નેપાળથી આવેલ હોટલ ઉદ્યોગના કારીગરો, કેન્દ્ર સરકારના જાહેર સાહસોમાં કામ કરતા અધિકારીઓ જે નિવૃત્તિ પછી ગુજરાતમાં જ રહેવાનું પસંદ કરે છે. બંગાળ-ઓરિસ્સામાંથી આવતા બાંધકામ ઉદ્યોગોના કારીગરો, રાજસ્થાનના વેપારીઓ, શ્રમજીવીઓ, કારખાનેદારો, યુ.પી. બિહારમાંથી આવેલ સરકારી કર્મચારીઓ કે બાંધકામના શ્રમજીવી અહીં આનંદથી રહી, આજીવિકા મેળવે છે. ગુજરાત તેમનું બીજું ઘર છે. ગુજરાતની સ્થાપનાથી આજદિન સુધી તેમની વસ્તીમાં અહીં સતત વધારો, વ્યાપાર-ઉદ્યોગ-નોકરીની સંખ્યામાં વધારો અને માલ-મિલકતમાં એ વધારો થયો છે. વાઈબ્રન્ટ ગુજરાત થકી આવનારા ઉદ્યોગો હોંશે-હોંશે અહીં સ્થાયી થાય છે અને ગુજરાતને 'મીની ભારત' જ સાચા અર્થમાં ગણી પ્રગતિની હરણફાળ ભરે છે. IAS-IPS અધિકારીઓય ૭૦%થી ઓછા નહીં જ હોય જેમાંના કેટલાંક દિલ્હીમાં નિયુક્ત થઈ ત્યાં જવાય રાજી નથી હોતા, અહીંની શાંતિમાં ખોવાઈ જવાના જોખમે જ. બધા રાજ્યો / જાતિના સામાજિક-ધાર્મિક-સંગઠનોય ગુજરાતમાં વિપુલ પ્રમાણમાં છે. ઉત્તર ગુજરાતની એક કુમળી ૧૪ માસની બાળકી પરના દુષ્કર્મને પ્રત્યાઘાત રૂપે ભભુકેલ પ્રચંડ રોષમાં, ઉત્તર ભારતીઓએ વતનની વાટ પકડી. હિંમતનગરના ઢુંઢર ગામમાં આચરાયેલ આ દુષ્કર્મની આસપાના વિસ્તારમાં પ્રતિક્રિયા જેટલી સ્વાભાવિક તેટલી જ સોશિયલ મીડિયા અને વાયુવેગે પ્રસરેલ અફવાઓ. ઠાકોર કોમના યુવાનોના રોષનો ભોગ બનેલા શ્રમજીવીઓ કરતાં ડરથી હિજરત કરી ગયેલ લોકોની સંખ્યા અનેક ગણી વધારે. લાગ જોઈને રાજકીય રોટલો શેકવા ધાકધમકી આપવાવાળાનો પણ ગ્રામ્ય કે અર્ધ શહેરી વિસ્તારમાં ક્યાં ખોટ હોય છે ? વિરોધ પક્ષ કોંગ્રેસની બચકાના હરકતો આવા સંજોગોમાં ઓછી હોય ખરી ? શાસન-પ્રશાસનનાં કાયદો-વ્યવસ્થા જાળવવાના અભિગમ અને વર્ગવિગ્રહ કોઈપણ ભોગે રોકવાના અણથક પ્રયાસોથી પરિસ્થિતિ ૪-૫ દિવસમાં થાળે પડવા છતાં, અન્ય કોઈ મારપીટ, લડાઈ-ઝઘડા કે હિંસક વાતાવરણ ન બનવા છતાં સમગ્ર મીડિયા અને રાતોરાત ફૂટી ગયેલ યુપી-બિહાર એકતા મંચ દ્વારા ગુજરાતની પ્રજાની સહિષ્ણુતાને, અસ્મિતાને લાંછન લગાડવાના પ્રગાઢ પ્રયત્નો થયા. ગુજરાતમાં સોશીયલ મીડિયા પર થયેલા ઉહાપોહના પ્રમાણમાં સૌરાષ્ટ્રમાં રાજકોટ, કચ્છ, મોરબી, ભાવનગર જેવા વિસ્તારોમાં પરપ્રાંતિઓની વસાહત હોવા છતાં કોડીનાર સિવાય ક્યાંય પરપ્રાંતિઓ પર હુમલા થતા નથી. ગુજરાતમાં વાતાવરણ ડહોળવાના પ્રયત્નો ઓછા નથી થયા. ભાજપા-એનડીએની સરકાર યુપી-બિહારના મુખ્યમંત્રીઓને જ્યાં સરકાર સાથે વાટાઘાટો-પૃચ્છા કરી પરિસ્થિતિ શાંત પાડવા વિનંતી કરી ત્યાં તેમના મંત્રી કે વિધાયકના કુટુંબીજનોએ પ્રધાનમંત્રી, મુખ્યમંત્રી, ન્યાયપાલિકા, પોલીસ વગેરે પર દોષારોપણ આદર્યુ. યુપી-બિહાર એકતા મંચે તો વિઘટનની જ વાત કરી પ્રધાનમંત્રી ગુજરાત પાછા જાવના પોસ્ટર લગાડી વારાણસીની પંડિતાઈ દૂષિત કરી. દિશાવિહિન રાષ્ટ્રીય માધ્યમોએ તો વરસાદ વગરના વાદળો જ ગગડાવી કડાકા કર્યા. પૂરા ચાર દિવસ.

## યુવા વયે હાર્ટ એટેકના કારણો કાઢવા એનાલિસીસ જરુરી

ગુજરાતમાં નવરાત્રિ દરમિયાન ગરબા-ગરબી મંડળોને મેડિકલ સુવિધાઓ તથા ૧૦૮ નેટવર્કને રાત્રિના સમયે નવરાત્રિના આયોજન સંદર્ભે સતર્ક રખાયું તેનું મોટું કારણ યુવાવયે હાર્ટ એટેકથી મૃત્યુનુ વધી રહેલું પ્રમાણ છે અને ખાસ કરીને નૃત્યોત્સવ અથવા કોઈ જાહેર સ્થળે થતી આ પ્રકારની ઘટનાઓએ ચિન્તા વધારી દીધી હતી. આ પ્રકારની વ્યવસ્થાઓના કારણે નવરાત્રિ દરમિયાન અચાનક તબિયત બગડે તો તરત જ પ્રાથમિક સારવાર સાથે હોસ્પિટલ સુધી ઘણાં લોકોને પહોંચાડાયા હોવાના અને એમ્બ્યુલન્સોને આ પ્રકારના ઘણાં કોલ આવ્યા હોવાના અહેવાલો પછી યુવાવયે હાર્ટએટેકથી વધી રહેલા મૃત્યુનો મુદ્દો ફરી એક વખત ચર્ચાના ચાકડે પડ્યો છે, અને તેના જુદા જુદા સંભવિત કારણો અને ઉપાયો અંગે ભિન્ન-ભિન્ન મંતવ્યો વ્યકત થઈ રહ્યા છે, પરંતુ હજુ મેડિકલ ક્ષેત્રે કે સાયન્સ-રિસર્ચના ક્ષેત્રોમાંથી સ્પષ્ટ અને વિશ્વસનિય તારણો નીકળી રહ્યા નથી, જે ઘણી જ ચિન્તાજનક સ્થિતિ ગણાય. જો કે, આ ચિન્તા પોલિટિકલ સેકટર અને મેડિકલ-હેલ્થ સેકટર કરતાં યે વધુ સોશ્યલ અને એજ્યુકેશનલ સેકટર્સ દ્વારા વધુ થઈ રહી હોય તેમ જણાય છે. બીજી તરફ રાજ્ય સરકાર દ્વારા પણ આ મુદ્દે હજુ સુધી કોઈ સ્પષ્ટ કારણો-તારણો સાથે ઉપાયો શોધવા માટે કોઈ ચોક્કસ રોડ-મેપ તૈયાર થઈ રહ્યો હોય, તેમ જણાતું નથી, જામનગરના પૂર્વ-મહિલા કોર્પોરેટરે આ મુદ્દે સરકારનું ધ્યાન ખેંચ્યા પછી જામનગર સહિત હાલારમાં પણ આ મુદ્દે જનરલ ડિબેટીંગ (ચર્ચા)નું કેન્દ્ર બન્યો છે. આ અંગે બનાસકાંઠામાં સરકારી શાળાઓની આરોગ્ય તપાસણી પછી બહાર આવેલા કેટલાક તથ્યોએ બધાને ચોંકાવી દીધા છે. અહેવાલો મુજબ બનાસકાંઠા જિલ્લાની સરકારી શાળાઓનું મેડિકલ ચેક-અપ દરમિયાન જે ચૌકાવનારા તથ્યો બહાર આવ્યા તેના પડઘા ગાંધીનગર સુધી પડ્યા છે, રાજ્ય સરકારના આરોગ્ય વિભાગ માટે પણ આ આંકડાઓ ચોંકાવનારા ગણાવાયા છે. અહેવાલો મુજબ બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા આઠ-નવ મહિનામાં જિલ્લાની મહત્તમ સરકારી શાળાઓમાં વિદ્યાર્થીઓની આરોગ્ય તપાસણી કરવામાં આવી હતી. આ હેલ્થ ચેક-અપ માટે મેડિકલ કેમ્પો યોજાયા હતાં. આ દરમિયાન ૩૫૩ વિદ્યાર્થીઓને હ્રદયરોગ હોવાનું બહાર આવ્યું છે. આ આંકડાઓએ સમગ્ર રાજ્યનું ધ્યાન ખેંચ્યું છે, અને તાજેતરમાં યુવાનોના હાર્ટએટેકસ થઈ રહેલા મૃત્યુ પાછળ કયાંક બાળવયેથી જ થઈ જતો હ્રદયરોગ તો કારણભૂત નથી ને ? તેવા સવાલો ઉઠી રહ્યા છે અને જો બનાસકાંઠા જિલ્લાની સરકારી શાળાઓમાં આ હેલ્થ ચેકઅપ થયું ન હોત, તો શું આ બાળકોની હ્રદયની બીમારીની ખબર જ ન પડી હોત ? શું બાળવયે થતાં હ્રદયરોગ કે તેને સંલગ્ન બીમારીઓનું સમયોચિત નિદાન ન થાય, તો કિશોરવયે કે યુવાવયે આ પ્રકારના બાળકોનું મોટા થયા પછી, હાર્ટને લગતી બીમારીના કારણે મૃત્યુ થઈ જાય, તેવી સંભાવનાઓ વધી જતી હશે ? તેવા સવાલો પણ ઉઠી રહ્યા છે.

# રમા એટલે સ્ત્રી, એવી સ્ત્રી કે જે મંગલકારી હોય છે, રમા એકાદશીનો મહિમા પાવનકારી, હિતકારી અને પ્રીતકારી છે



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)



હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. ઢોલ નગારા વગાડતી, આંગણિયે આસોપાલવના તોરણ બંધાવતી, ફટાકડાના ગડગડાટ કરતી, અને આનંદની છોળો ઉડાડતી દિવાળી આવી ગઈ છે. સમગ્ર વિશ્વને તહેવારોની ખૂબ ખૂબ વધાઈ, અને ઈશ્વર કરે આ દીવાળી એ આપણાં ચરણ રામરાજ્ય તરફ ગતિ કરે. આજે આસો વદ અગિયારસ એટલે કે રમા એકાદશીનો દિવસ છે, અને આજથી દિવાળીના તહેવારોનો પ્રારંભ થઈ ગયો છે. બધાના આંગણામાં લક્ષ્મીના સ્વાગત માટે કોડિયા મુકાય ગયા છે, અને તુલસી ક્યારે પણ આજે દીપ પ્રાગટ્યનું ખૂબ જ મહત્વ છે. વહેલી સવારે દરેક ઘરની ગૃહ લક્ષ્મી વહેલા જાગી આંગણું સાફ કરી, સ્નાન કરી અને દીવા મૂકે તો એનાં ઘરમાં સદૈવ લક્ષ્મીનો વાસ રહે છે. એટલે કે ધનદોલત તો ખરું જ, પરંતુ કમાણી રૂપે જે ધન ઘરમાં આવે એનાથી શાંતિ બની રહે અને બરકત થાય છે, અમે નાના હતા ત્યારે સવારના દિવાળીના દિવસોમાં આ દીવા મુકવાની, આંગણામાં રંગોળી કરવાની, આંગણું સાફ રાખવાની, આ બધી જ ક્રિયાઓ પાછળનું કારણ જણાવતાં મમ્મી કહેતી કે, બ્રહ્મમૂહુર્તમાં ઈશ્વર પાર્વતી દિવાળીના દિવસોમાં ફરવા નીકળે, અને જેના ઘરે ઘર સાફ સુથરુ, અને દીવા મુક્યા હોય, આંગણામાં દીપ પ્રગટતા હોય, એને ઘેર ઈશ્વર કાયમ વસે છે. એટલે આપણે આવું બધું કરવાનું હોય,અને એ વાત ગાંઠ બાંધી ને યાદ રાખી છે, તે આજ સુધી એ પરંપરા ચાલે છે. સાસરીના ઘરમાં પણ વડીલોની ધર્મ કર્મની ઉદાર મનો ભાવના એ જીવતરની રંગોળીમાં પરોપકારનો એક વૈવિધ્ય પૂર્ણ રંગ જાળવી શકાયો છે, અને એમનાં પણ એવાં જ ઉચ્ચ વિચારો હોવાથી બધું બેલેન્સ થાય છે. આમ તો આજે ગુરુવાર છે અને પ્રાર્થના હોય પણ આજે રમા એકાદશી છે, તો રમા એટલે સ્ત્રી અને એને લઈને પુરાણમાં ભગવાન શ્રી કૃષ્ણ અને યુધિષ્ઠિર વચ્ચેના સંવાદ રૂપે એક દંતકથા પ્રચલિત છે, તો આજે આપણે ચિંતનમાં આ એકાદશીના મહાત્મ્ય વિશે વાત કરીશું. એકવાર ભગવાન શ્રીકૃષ્ણને યુધિષ્ઠિર બંને વચ્ચે સ્ત્રી વિશે ચર્ચા ચાલી કે સ્ત્રી કોને કહીશું, અને યુધિષ્ઠિરે સ્ત્રીની જે ઉત્કૃષ્ટ વ્યાખ્યા આપી છે, એ યુધિષ્ઠિરના શબ્દોમાં કહીએ તો આ મુજબ છે.

જેની એક આંખમાં વિશ્વને ભસ્મીભૂત કરવાની શક્તિ અને બીજી આંખમાં વિશ્વનું સર્જન કરવાની શક્તિ છે, તેનું નામ સ્ત્રી. સ્ત્રીની સર્વોત્તમ પરિભાષા છેઃ સ્નેહ, સમર્પણ અને સહનશીલતા. સ્ત્રી એટલે ત્યાગ અને તપશ્ચર્યાની સાક્ષાત મૂર્તિ, સ્ત્રી થકી જ પુરુષની અવનતિ કે ઉન્નતિ સર્જાય છે. સ્ત્રીની સાચી શોભા અલંકારમાં નહિ, સદગુણોમાં છે. સ્ત્રીની અંતરંગ ધારાનો સહજ સ્વર છે સમર્પણ, પ્રતીક્ષા અને પ્રીતિ - આ ત્રણેયના સંગમથી સ્ત્રી તીર્થ બને છે. સ્ત્રીની વ્યવસ્થા શક્તિ, દીઘર્દ્રષ્ટિ, ઉત્સાહ, આવડત અને કરકસર પર આદર્શ ગૃહનું નિર્માણ થાય છે, માટે કહ્યું છે કે, સ્ત્રી વગર ગૃહાસ્થાશ્રમ ખરેખર અધૂરો જ રહે છે, સ્ત્રી સંસારની શોભા છે. જોકે આ બધું હવે સમયની માંગ છે, એમ કહી ઘટતું જાય છે, અને એનું કારણ ઘરની મુખ્ય સ્ત્રી એટલે માતા છે એણે જે રીતે વેલને સીંચી હોય તો આ બધું સંસ્કાર આગળ વધે.

સુંદર અને સુશીલ નારી સર્જનહારની સૃષ્ટિની સર્વોત્તમ કૃતિ છે. સ્ત્રી એ આ અવનિ પરનું જીવતું જાગતું કાવ્ય છે, કવિતા છે! સ્ત્રીનું અસ્તિત્વ જ પ્રેમ છે. સ્ત્રીની જીદગીમાંથી પ્રેમ લઈ લેવામાં આવે, તો પછી કશું જ બાકી રહેતું નથી. સમાજનો એકોએક વ્યક્તિ લગભગ આ સત્યને જાણે પણ છે, અને માને પણ છે. પરંતુ જાહેરમાં કોઈ આ વાત પોતાના અહમને કારણે સ્વીકારી શકતા નથી. ઈશ્વરની ઉત્કૃષ્ટ રચના તરીકે સ્ત્રીને ગણવામાં આવી છે, અને દેહાકૃતિની દ્રષ્ટિએ સુંદર હોય કે ના હોય, પણ સ્ત્રીમાં અમુક ગુણો તો હોય જ છે, અને એ સૌ કોઈએ સ્વીકારી લેવા જેવી વાત છે. તો ખરેખર જીવન ધન્ય બને, અને ઘર સંસાર તો સ્ત્રીથી જ શક્ય છે એમાં કોઈ બેમત નથી.

પૂર્વે મુચુકુંદ નામનો એક રાજા રાજ્ય કરતો હતો. તે ઈન્દ્રનો પરમ મિત્ર હતો. આ વિષ્ણુ ભક્ત કુબેર, યમ, વિભીષણ વગેરેનો પણ મિત્ર હતો. તેની પુત્રી ચંદ્રભાગા રાહકુમાર શોભનને પરણી હતી. એક વખત શોભન શ્વસુરગૃહે આવ્યો. રાજાએ સૌને ઢોલ પીટાવીને આસો વદ દસમના દિવસે આદેશ આપ્યો હતો કે એકાદશીનું વ્રત ફરજિયાત કરવાનું છે, શોભન એ પણ ઉપવાસ કર્યો પરંતુ ભૂખ-તરસને લીધે તેનું મૃત્યુ થયું. આથી ચંદ્રભાગા સતી થવા તૈયાર થઈ, પરંતુ પિતાએ તેમ કરવા ના કહી. આ વ્રતના પ્રભાવથી શોભન મંદરાચળ પર્વત પર દેવનગરીમાં રહેવા લાગ્યો. તેનો વૈભવ ઈન્દ્રના જેવો જ હતો. દેવાંગનાઓ તેની સેવામાં તત્પર રહેતી. મુનિવર્યની સલાહથી ચંદ્રભાગાએ આ એકાદશીનું વ્રત પ્રેમપૂર્વક કર્યું હતું, અને વ્રતના પ્રભાવથી તેને દૈવી સુખ પ્રાપ્ત થયું હતું, અને દિવ્ય દેહે શોભનનું સાન્નિધ્ય પ્રાપ્ત થયું હતું.

કહેવાનું તાત્પર્ય એ છે કે, રમા એકાદશીની કથા ચિંતામંઈ તુલ્ય છે. જે લોકો આ કથાનું શ્રવણ-પઠન કરે છે તે સર્વ પાપોથી મુક્ત થઈ વૈકુંઠને પામે છે. આ ઉત્તમ વ્રતની ફલશ્રુતિ ઘણી મોટી છે. "જેવી ભાવના એવી સિદ્ધિ" રમા એટલે સ્ત્રી, એટલે કે પોતાની પત્નીના કહેવાથી આસો વદ એકાદશી મુચુકુંદ રાજાએ વિધિપૂર્વક કરી હતી. અને આ રાજા તથા રાણી બંને આ લોકમાં સર્વ પ્રકારનાં સુખ ભોગવી વિષ્ણુલોકમાં રમમાણ કરવા ગયાં હતાં, એટલે આ એકાદશીનું નામ રમા એકાદશી પડ્યું. આ કથા મહાપાપનાશક કહેવાય છે, કામધેનુ તુલ્ય આ રમા એકાદશીનો મહિમા પાવનકારી છે, હિતકારી અને પ્રીતકારી છે. વ્રત અતિ સરળ છે, વિધિમાં માત્ર ઉપવાસને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. આ વ્રત આબાલવૃદ્ધ સર્વ કરી શકે છે. એકાદશી વ્રત એ મોક્ષમાર્ગનું સોપાન છે.

આમ પણ હિન્દુ સંસ્કૃતિમાં એકાદશીના વ્રતની ખૂબ જ મહત્વ આપવામાં આવે છે, એકટાણા ઉપવાસનો દોર પણ ઘણાં આખું વર્ષ જાળવતા હોય છે, અને જેનાં કોઈથી થાય એ ખરેખર વંદનીય છે. પરંતુ જેનાથી ન થાય તે એકાદશીના દિવસે દાન ધર્મ કરીને પણ આ વ્રત નિભાવી શકે છે, અને એકાદશીના દાનનો પણ ખૂબ મહિમા છે, આપણે ત્યાં અગિયાર ગણા પુણ્યની વાત શાસ્ત્રોએ કહી છે. તો જે અનુકૂળ પડે એ રીતે કરી અને આપણે ઈશ્વર અનુસંધાન કરતા રહેવાનું છે. કર્મના પક્ષે રહી શકીએ તો કોઈ ઉત્તમ કર્મ કરીએ, ધર્મનાં પક્ષે રહીએ તો ઉત્તમ ભાવથી ભગવાન ને ભજી અને તેનું સાનિધ્ય પ્રાપ્ત કરીએ, પરોપકાર કરી અને સમાજનાં દરેકે દરેક જણમાં હરિના દર્શન કરી તેને પણ એટલું જ મહત્વ આપીએ, અને માત્ર આપણી પૂજાવિધિ મૂર્તિપૂજા પૂરતી સીમિત ન રહેતાં, માનવ મૂર્તિને પણ પૂંજી શકીએ, વંદી શકીએ, કે પ્રેમ કરી શકીએ, ત્યાં સુધી આ ભાવના લઈ જવાની છે. દિવાળીનાં તહેવારોની સૌને ખૂબ ખૂબ શુભેચ્છા અને એકોએકના ઘરમાં આ દિવાળીએ આનંદનો પ્રકાશ પથરાય, અને એમના આંગણા પણ હર્ષોલ્લાસની રંગોળીથી સજે, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

# કોઈ પણ સંપ્રદાયમાં માનો પરંતુ જ્યાં સુધી રામજીની મર્યાદાનું પાલન નહીં કરો ત્યાં સુધી આનંદ મળતો નથી



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા

સંતના હોત સંસારમાં તો જલી જાત બ્રહ્માંડ. પૃથ્વી લોક પર સંતની સંતોના ચાર ધર્મો એટલે આપત્તિ માં પ્રભુ સ્મરણ,સર્વસ્વનું દાન, વચનપાલન અને શરણું. આ જો જીવનમાં ઊતરે તો વાસનાની ઉપાસના થઈ જાય.પછી રાસ લીલામાં જવાની વેળા પ્રાપ્ત થાય તો યે હજી ભય રહે છે.હજી બુદ્ધિ માં સૂક્ષ્મ વાસના રહી જાય છે. સંતોના જીવનમાં ઊતારવાથી સ્થૂલ વાસનાનો નાશ થાય છે. પણ મન બુદ્ધિમાં જે સૂક્ષ્મ વાસના રહેલ તેનો નાશ થતો નથી. વાસનાના પૂર્ણ ક્ષય વગર મોહનો ક્ષય થતો નથી અને મોહના થય વગ મુક્તિ મળતી નથી. બુદ્ધિગત વાસના સૂર્યચંદ્રની ઉપાસના ન કરે ત્યાં લગી જતી નથી. પ્રભુ મનમાં બિલકુલ સૂક્ષ્મ મળ ન રહે,તો જ મન મરે. મન શ્રીકૃષ્ણમાં મળી જાય મન મરે તો મુક્તિ મળે. આત્મા તો નિત્ય મુક્ત છે.એને કોઈ બંધન નથી.જે સદા મુક્ત છે તેને બંધન શું? મનને મુક્ત કરવાનું છે. ઈન્દ્રિય ગત વિકાર અને વાસનાનો નાશ સંતોના ધર્મો આચરણમાં મૂકવાથી થાય છે. પણ જે વિકાર-વાસના મન-બુદ્ધિમાં સૂક્ષ્મ રૂપે છે, તેનો વિનાશ જલદી થતો નથી. જેનો છેલ્લો જન્મ હોય તેનું જ મન અતિ શુદ્ધ થાય છે. મારું મન શુદ્ધ છે એવી કલ્પના કરી ચાલવામાં જોખમ છે. એથી સાધના તરફ ઉપેક્ષા જાગે છે. આપનું લક્ષ્યબિંદુ શ્રીકૃષ્ણને મળવાનું છે, ઈશ્વર સાથે એક થવાનું છે. ભગવાન સાથે એક થવા માટે એક ભગવાનની કથા છે. કથા સાંભળવી એ પુણ્ય છે. બીજાં કર્મોનું ફળ કાળાંતરે છે. ભાગવતની કથા સાંભળવાનું ફળ તરત મળે છે. એ ફળ છે સંસારના વિષયનું વિસ્મરણ અને ઈશ્વર સાથે તન્મયતા. સંસારના વિષય જેના મનમાં ન આવે તેને મુક્તિ સુલભ છે. પ્રભુએ જગત ઉત્પન્ન કર્યું છે તે ભજનમાં વિક્ષેપ કરતું નથી, પણ જીવ મનથી જે જગત ઊભું કરે છે તે ભજનમાં વિક્ષેપ કરે છે. મનમાંથી સંસારના સ્વરૂપને કાઢી નાખો એટલે ત્યાં શ્રીકૃષ્ણ આવશે. જગતમાં,પણ જગતને તમારામાં રાખશો નહીં. એક તેલની બરણી છે. તેમાં ઘણાં વર્ષોથી તેલ રાખો છો. બરણી પાંચ વખત ધોશો, તો બરણી સ્વચ્છ થશે પણ ચિકાશ રહી જશે.



હવે આ ચિકાશવાળી બરણીમાં મુરબ્બો નાખશો, તો મુરબ્બો બગડી જશે. મનુષ્યનું મસ્તક બુદ્ધિ એ બરણી જેવાં છે. અનેક વર્ષોથી આ બરણીમાં કામ-વાસના રૂપી તેલ રાખતા આવ્યા છો.હવે એ બુદ્ધિરૂપી પાત્રમાં શ્રી કૃષ્ણરૂપી રસ રાખવાનો છે. બુદ્ધિ કંચન જેવી નિર્મળ થાય ત્યારે પ્રેમ રસ,ભક્તિરસ તેમાં ઠરે છે. પરમાત્મા બુદ્ધિમાં આવે ત્યારે પૂર્ણ શાંતિ મળે છે.બુદ્ધિમાં ઈશ્વરનો અનુભવ ન થાય ત્યાં સુધી આનંદ નો અનુભવ નથી. તે માટે મનના માલિક ચંદ્રની થતો અને બુદ્ધિના માલિક દેવ સૂર્યની આરાધના કરવાનું કહ્યું છે. શુકદેવજી વિચારે છે કે પરીક્ષિતના મનમાં હજી સૂક્ષ્મ વાસના રહી છે. વાસનાનો સહેજ અંશ, તેલની ચિકાશ જેટલો પણ હશે તો રાસ લીલામાં જવાશે નહીં. રાસલીલા નાં દર્શનની પાત્રતા પ્રાપ્ત કરવાની છે. ખરેખર ઊંડાં જળમાં હવે પ્રવેશ કરવાનો છે, એટલે શુકદેવ જી રાજાને અને સૌ શ્રોતાઓ ને સાવધાન કરે છે કે, બુદ્ધિમાંની સૂક્ષ્માતિસૂક્ષ્મ વાસનાનો નાશ કરવા તત્પર બનો! દઢ સંકલ્પ વગર હવે આગળ ડગલું ભરી શકવાનું નથી,પણ ગુરુની કૃપા છે, પ્રભુની દયા છે, ભાગવત કથાનો આધાર છે, શુકદેવજી વાણીનો તરાપો છે, એટલે પરીક્ષિતને હોય છે તે દઢ ચિત્તે કથાનું શ્રવણ કરે છે.ભાગવતમાં મુખ્ય કથા શ્રીકૃષ્ણ ની છે,છતાં રામને પધરાવ્યા પછી શ્રીકૃષ્ણ આવે છે. કોઈ પણ સંપ્રદાયમાં માનો, પણ જ્યાં સુધી રામજીની મર્યાદાનું પાલન નહીં કરો ત્યાં સુધી આનંદ મળતો નથી. રામજીની મર્યાદાનું પાલન એટલે રામજીના જેવું વર્તન રાખો.ભાગવતની કથા સાંભળનાર વક્તા-શ્રોતા રામજીની મર્યાદામાં રહે. મનુષ્યને થોડી સંપત્તિ-અધિકાર મળે એટલે મર્યાદાને ભૂલી જાય છે, પણ રામજીની મર્યાદાનું પાલન કરો, રામના જેવું તમારું વર્તન રાખો, રામજીની મર્યાદા આપણી મર્યાદા બની શકે એ એનું મહત્ત્વ છે. રામજીનું ચરિત્ર સર્વથા અનુકરણીય છે,પણ શ્રીકૃષ્ણ લીલાનું અનુકરણ કરવાનું નથી. શ્રીકૃષ્ણલીલા ચિંતન કરવા માટે,ચિંતન કરી તન્મય થવા માટે છે.રામજી કરે તે કરવાનું અને શ્રીકૃષ્ણ કહે તે કરવાનું. રામ પૂર્ણ પુરુષોત્તમ હોવા છતાં મનુષ્યને આદર્શ બતાવે છે.રામજીનો માતૃ પ્રેમ, પિતૃપ્રેમ, બંધુપ્રેમ, રામજીનું એક પત્નીવ્રત વગેરે સઘળું જીવન માં ઉતારવા જેવું છે. રામાયણના દરેક પાત્રનું આદર્શ ચરિત્ર છે. શ્રીકૃષ્ણ કરે તે આપણાથી ન થાય. શ્રીકૃષ્ણ તો કાળીનાગ ઉપર નાચે છે અને કાળીનાગને નાથે છે. શ્રીકૃષ્ણ ટચલી આંગળી ઉપર ગોવર્ધનને ધરે છે.શ્રીકૃષ્ણના ચરિત્રનું અનુકરણ કરવું હોય તો પૂતના ચરિત્રથી કરજો. શ્રીકૃષ્ણ ઝેર પી ગયા હતા,તમે ઝેર પચાવ્યા પછી શ્રીકૃષ્ણચરિત્રનું અનુકરણ કરજો.કરશો? રામજી એ નિજ ઐશ્વર્ય છુપાવ્યું છે. મનુષ્ય સમક્ષ મનુષ્યનો આદર્શ ધર્યો છે.સાધકનું વર્તન રામના જેવું હોવું જોઈએ. સિદ્ધ પુરુષનું વર્તન શ્રીકૃષ્ણની લીલા હોઈ શકે. રામજીનો અવતાર રાક્ષસોને મારવા માટે થયો નથી,પણમનુષ્યો ને માનવધર્મ બતાવવા માટે થયો છે. રામજીની લીલા એવી સરળ છે, ત્યારે શ્રીકૃષ્ણની લીલા ગહન છે, અટપટી છે. રામજીની લીલા એવી સરળ છે કે,તરત મન માં વસી જાય. રામજી સરળતાની પ્રતિકૃતિ છે.એવો સરળ કોઈ પુરુષ કદી જગતમાં થયો નથી. અગ્નિનારાયણ ભગવાને પ્રગટ થઈ ને કહ્યું કે,સીતા માતાજી પરમ પવિત્ર છે, શુદ્ધ છે, પછી બીજા પુરાવાની ક્યાં જરૂર હતી. પણ ગામનો ધોબી માતાજી ની નિંદા કરે છે તેને રામજી મહત્ત્વ આપે છે. એટલા સારું કે,એમને આદર્શ બતાવવો છે કે,પ્રજાના સુખ રઘુ નાથ પોતાના સુખનો ભોગ આપે છે! આ માટે નિષ્ઠુર બની તેઓ સીતાજીનો ત્યાગ કરે છે અને માટે જગતભર માં એક અદ્ભુત લોક સેવાનો આદર્શ બતાવે છે. દુનિયાની કોઈ સંસ્કૃતિમાં આવો ત્યાગ જોવા નહીં મળે. રામાયણ એક અપ્રતિમ ગ્રંથ છે,અને રામકથા અપ્રતિમ કથા છે. રામજી મર્યાદા પુરુષોત્તમ.શ્રીકૃષ્ણ એ પુષ્ટિ પુરુષોત્તમ. રામજીનું નામ પણ સરળ. રામજીના નામમાં એક પણ જોડાક્ષર નથી.શ્રી કૃષ્ણના નામમાં એક પણ સરળ અક્ષર નથી. બધા જોડાક્ષર છે.. રામજી દિવસના બાર વાગે આવે છે. કનૈયો રાત્રે બાર વાગે આવે છે. દશરથજીના રાજમહેલમાં એક આવે છે, ત્યારે બીજો કંસના કારાગૃહમાં. રામજીને ઓળખવા સહેલા છે, શ્રીકૃષ્ણને ઓળખવા કઠણ છે. પરંતુ રામજીની મર્યાદાને જીવનમાં ઉતારવી કઠણ છે. રામજી એ મર્યાદા છે, શ્રીકૃષ્ણ એ પ્રેમ છે. મર્યાદા અને પ્રેમ જીવનમાં ઉતારશો તો સુખી થશો. નરસિંહ અવતારની કથાએ ક્રોધનો નાશ કેવી રીતે કરવો તે બતાવ્યું. વામન અવતારની કથાએ લોભનો નાશ કેવી રીતે કરવો એ બતાવ્યું. રામચંદ્રજીના અવતારે કામનો નાશ કેવી રીતે કરવો તે બતાવ્યું. ક્રોધ, લોભ, કામનો નાશ થાય તે પછી શ્રીકૃષ્ણ ભગવાન પ્રગટે છે. ક્રોધ, લોભ, કામનો નાશ થાય તે પછી જ પરમાત્મા મળે-કૃષ્ણ મળે એટલે પહેલા સ્કંધથી શ્રીકૃષ્ણ કથા શરૂ થતી નથી,પણ વાસના ક્ષય થયા પછી તેની શરૂઆત થાય છે. શુકદેવજી પછી સત્યવ્રત મનુ મહારાજ વંશની કથા છે. વૈવસ્વત મનુ સૂર્યવંશના આદિ પ્રવર્તક છે. તેમનાં પત્નીનું નામ શ્રદ્ધા. તેમને દશ બાળકો થયાં. ઈક્ષ્વાકુ,નૃપ,શર્યાતિ,દિષ્ટિ, કરૂપ, નરિષ્યન્ત,પૃષધ્ન,નભગ અને કવિ આમાંથી દિષ્ટિના વંશમાં મરુત્ત નામનો ચક્રવર્તી રાજા થયો. મરુત્તના ગુરુ હતા બૃહસ્પતિ.તે ઈન્દ્રના પણ ગુરુ હતા.મરુત્ત રાજા ને યજ્ઞ કરવાનો હતો,પણ બૃહ સ્પતિએ આવવાની ના પાડી. કહે કે હું ઈન્દ્રનો ગુરુ,બાવા રાજવીને ત્યાં જાઉં તે શોભે નહીં. હવે કરવું શું? એવામાં મરુત્ત ને નારદજી મળ્યા. નારદજીએ કહ્યુ કે, યજ્ઞ કરવો છે તો કરો. બૃહસ્પતિના આવે તો બૃહસ્પતિ ના ભાઈ સર્વત્તને બોલાવો. રાજા કહે, સંવર્ત યોગી છે. યોગી નો પત્તો શું? નારદજીએ કહ્યું,પત્તો હું આપું, પણ મારું નામ લેશો નહીં. પુરુષોને એકાંત પ્રિય હોય છે. તેઓ તેમની સાધનામાં લીન રહે છે, તેથી કોઈ તેમાં વિક્ષેપ કરે તે તેમને ગમતું નથી. એથી નારદજી આવી સાવધ વાણી ઉચ્ચારે છે.

# ભાવનાત્મક સ્વાસ્થ્ય અને સુખાકારી શું છે?



ભાવનાત્મક સુખાકારી અથવા સુખાકારી એ વ્યક્તિની તેમની લાગણીઓ વિશેની જાગૃતિ અને સમજણ અને જીવનની વિવિધ ઘટનાઓ દ્વારા તેઓ કેટલી સારી રીતે મેનેજ કરવામાં સક્ષમ છે તેનો ઉલ્લેખ કરે છે. ભાવનાત્મક સુખાકારી, અથવા ભાવનાત્મક સ્વાસ્થ્ય અથવા સુખાકારી, લોકો તેમની લાગણીઓને સ્વીકારવા અને સંચાલિત કરવામાં અને જીવનભર પડકારોનો સામનો કરવામાં કેટલી સારી રીતે સક્ષમ છે તેનો ઉલ્લેખ કરે છે. ભાવનાત્મક સુખાકારી અસર કરી શકે છે કે કોઈ વ્યક્તિ દરરોજ કેટલી સારી રીતે કાર્ય કરી શકે છે અથવા તેઓ કેવી રીતે પરિવર્તન અથવા અનિશ્ચિતતાનો સામનો કરવામાં સક્ષમ છે. ભાવનાત્મક સુખાકારીમાં મુશ્કેલીઓ વ્યક્તિના માનસિક અને શારીરિક સ્વાસ્થ્ય પર નકારાત્મક અસર કરી શકે છે. આ લેખ ભાવનાત્મક સુખાકારીને જુએ છે, કયા પરિબળો તેને અસર કરી શકે છે, કોઈ વ્યક્તિ ભાવનાત્મક સુખાકારીમાં મુશ્કેલીઓ અનુભવી શકે છે તેવા સંકેતો અને તેને સુધારવા માટેની ટીપ્સ. નેશનલ સેન્ટર ફોર ઈમોશનલ વેલનેસ (NCEW) ભાવનાત્મક સુખાકારી અથવા સુખાકારીને જાગૃતિ, સમજણ અને લાગણીઓની સ્વીકૃતિ અને પરિવર્તન અથવા ડકારના સમયમાં અસરકારક રીતે સંચાલન કરવાની ક્ષમતા તરીકે વર્ણવે છે. અસ્વસ્થતા અથવા પીડાદાયક લાગણીઓ અને અતિશય વિચારો વ્યક્તિઓ કેટલી સારી રીતે કાર્ય કરે છે તેના પર અસર કરી શકે છે અને લોકોને લાગે છે કે તેઓ તેમના જીવન પરનું નિયંત્રણ ગુમાવી રહ્યાં છે. દરેક વ્યક્તિ જે લાગણીઓ અનુભવે છે અને તેની પ્રક્રિયા કેવી રીતે કરવી તેની જાગૃતિ મેળવીને, દ્વઝઈઉ કહે છે કે લોકો ફરીથી નિયંત્રણની લાગણી મેળવી શકે છે, મુશ્કેલીઓ ઘટાડી શકે છે અને સ્વસ્થ રીતે કાર્ય કરવાનું ચાલુ રાખી શકે છે. તે એ પણ અસર કરી શકે છે કે વ્યક્તિઓ તણાવપૂર્ણ પરિસ્થિતિઓ અને પડકારોને કેવી રીતે હેન્ડલ કરવામાં સક્ષમ છે, તેઓ પરિવર્તન માટે કેવી રીતે અનુકૂલન કરે છે અને જીવનની મુશ્કેલ ઘટનાઓને તેઓ કેવી રીતે પ્રતિભાવ આપે છે.

# પાર્લર જવાનો ટાઇમ ન હોય તો ઘરે જ કરો ફેશિયલ, દિવાળી પહેલા ચહેરા પર આવશે ગ્લો

મહિલાઓ અને યુવતીઓ માટે અમે અહીં એલોવેરા ફેશિયલ વિશે જણાવી રહ્યાં છીએ, જેનાથી તમે ઘરે બેઠા જ ઈન્સ્ટન્ટ ગ્લો મેળવી શકો છો. આ ફેશિયલ કર્યા પછી તમારો ચહેરો બિલકુલ સાફ અને ચમકદાર થઈ જશે. નેચરલ રીતે ફેશિયલ કરવાની આ બેસ્ટ રીત છે. સૌથી પહેલા એલોવેરા જેલ લો અને તેમાં લીંબુનો રસ મિક્સ કરો. પછી આ પેસ્ટને તમારા આખા ચહેરા પર સારી રીતે મસાજ કરો. ૧૫ મિનિટ સુધી મસાજ કર્યા પછી કોટન બોલથી ચહેરાને સારી રીતે સાફ કરો. જો તમે તમારા ચહેરાને સ્ક્રબ કરવા માંગો છો, તો પહેલા ચોખાનો લોટ લો, તેમાં લીંબુનો રસ ઉમેરો, પછી તેમાં એલોવેરા જેલ ઉમેરો અને તેને તમારા આખા ચહેરા પર લગાવો. પછી જ્યારે આ માસ્ક સારી રીતે સુકાઈ જાય ત્યારે તેને ૫ મિનિટ સુધી સારી રીતે મસાજ કરો અને ધોઈ લો. આ પેસ્ટથી સ્ક્રબ કરવાથી તમારા ચહેરા પરથી સ્ક્રબ અને ડેડ સ્કિન સેલ્સ દૂર થઈ જશે અને તમારો ચહેરો ચમકવા લાગશે. એલોવેરા જેલમાં મધ મિક્સ કરો અને તમારા આખા ચહેરાને સારી રીતે મસાજ કરો. ૧૫ મિનિટ રાખ્યા બાદ ચહેરાને સારી રીતે ધોઈ લો. તેનાથી ચહેરાનું બ્લડ સર્ક્યુલેશન સુધરે છે. ચંદનના પાવડરમાં એલોવેરા જેલ મિક્સ કરીને આખા ચહેરા પર લગાવો અને પછી તેને ૧૫ મિનિટ સુધી ચહેરા પર સુકાવા દો. જ્યારે માસ્ક ચહેરા પર કડક થઈ જાય, ત્યારે આખા ચહેરાને ઠંડા



પાણીથી સારી રીતે ધોઈ લો. આમ કરવાથી તમારો આખો ચહેરો ચમકી ઉઠશે.

એલોવેરા ફેસ માસ્ક બનાવવા માટે, ૨ ચમચી એલોવેરા જેલ, ૨ ચમચી ગુલાબજળ અને ૧ ચમચી મુલતાની માટી ઉમેરીને પેસ્ટ તૈયાર કરો. હવે તેને ચહેરા અને ગરદન પર સારી રીતે લગાવો. ૨૦ મિનિટ સુકાઈ ગયા બાદ ચહેરાને સ્વચ્છ પાણીથી ધોઈ લો. હવે તમે જોશો કે તમારો ચહેરો ખૂબ જ ચમકદાર અને સુંદર દેખાવા લાગશે. દરેક માણસની ઈચ્છા હોય છે કે તેનો ચહેરો સારો દેખાય અને તેની ત્વચા એક્સ્ફોલિયેટ અને ખીલેલી દેખાય, આ માટે તે આજે અલગ-અલગ રીતો અજમાવે છે અને પછી છેલ્લે તે કોઈ પાર્લરમાં જઈને પોતાના માટે ફેશિયલ અથવા અલગ-અલગ ફેશિયલ કરાવે છે. તેને વસ્તુઓ મળે છે. થઈ જાય છે, પછી તેની ત્વચામાં ચમક જોવા મળે છે, પરંતુ આજના લેખ દ્વારા અમે તમને એવી વસ્તુઓ જણાવવા જઈ રહ્યા છીએ જે તમે સરળતાથી ઘરે કરી શકો છો અને તેનાથી તમારા પૈસા અને સમયની બચત થશે. કોઈ આડઅસર નથી, તો ચાલો જાણીએ કે તે કઈ વસ્તુઓ છે અને તેને કેવી રીતે લાગુ કરવી. તમે જાણતા જ હશો કે એલોવેરાના ઘણા ફાયદા છે અને એલોવેરા હંમેશા ચહેરા પર લગાવી શકાય છે, પરંતુ જો તેમાં બીજી કોઈ વસ્તુ નાખવામાં આવે તો તેના ગુણો ખૂબ વધી જાય છે, તો તમારે એલોવેરાનો ઉપયોગ કરવો જોઈએ. લગાવવા માટે તમારે એક ચમચી તાજા એલોવેરા જેલ અથવા એલોવેરા જેલ લઈ શકો છો. તેમાં એક ચમચી મધ, એક ચમચી દૂધ અને એક ચપટી હળદર મિક્સ કરો, અને પછી આ પેસ્ટને તમારા ચહેરા પર ૨૦ મિનિટ સુધી લગાવો, પછી તમારા ચહેરાને સારી રીતે ધોઈ લો. તમે અઠવાડિયામાં બે વાર આ પદ્ધતિને અજમાવી શકો છો જેથી તમારો ચહેરો પોષક બને. અને તમને તમારા ચહેરાની ચમક જોવા મળશે અને તમારે પાર્લર જવાની પણ જરૂર નહીં પડે, તમારા પૈસા બચશે, તમારો સમય બચશે અને તમારા ચહેરા પર કોઈ રોગ નહીં આવે. તમે જાણતા જ હશો કે તમે તમારા ચહેરા પર મધ પણ લગાવી શકો છો. મધ લગાવવાથી તમારા ચહેરા પર ઘણા ફાયદા થાય છે અને તે તમારા ચહેરાને ચમકદાર બનાવે છે. તમારે મધની જેમ જ મધ લગાવવા માટે વધુ મહેનત કરવાની જરૂર નથી.

# માનસિક સ્વાસ્થ્ય શું છે?




માનસિક સ્વાસ્થ્ય એ લોકો કેવું વિચારે છે, અનુભવે છે અને વર્તે છે. માનસિક સ્વાસ્થ્ય નિષ્ણાતો ડિપ્રેશન, ચિંતા, બાયપોલર ડિસઓર્ડર, વ્યસન અને તેમના વિચારો, લાગણીઓ અને વર્તણૂકોને અસર કરતી અન્ય પરિસ્થિતિઓમાં મદદ કરી શકે છે.

માનસિક સ્વાસ્થ્ય દૈનિક જીવન, સંબંધો અને શારીરિક સ્વાસ્થ્યને અસર કરી શકે છે. જો કે, આ લિંક બીજી દિશામાં પણ કામ કરે છે. લોકોના જીવનના પરિબળો, આંતરવ્યક્તિત્વ જોડાણો અને શારીરિક પરિબળો માનસિક બીમારીમાં ફાળો આપી શકે છે. માનસિક સ્વાસ્થ્યનું ધ્યાન રાખવાથી વ્યક્તિની જીવનનો આનંદ માણવાની ક્ષમતા જાળવી શકાય છે. આ કરવાથી જીવનની પ્રવૃત્તિઓ, જવાબદારીઓ અને મનોવૈજ્ઞાનિક સ્થિતિસ્થાપકતા પ્રાપ્ત કરવાના પ્રયત્નો સંતુલિત થાય છે. તણાવ, હતાશા અને ચિંતા એ બધા માનસિક સ્વાસ્થ્યને અસર કરી શકે છે અને વ્યક્તિની દિનચર્યાને વિક્ષેપિત કરી શકે છે. જો કે આરોગ્ય વ્યાવસાયિકો ઘણીવાર માનસિક સ્વાસ્થ્ય શબ્દનો ઉપયોગ કરે છે, ડોકટરો ઓળખે છે કે ઘણા મનોવૈજ્ઞાનિક વિકૃતિઓ શારીરિક મૂળ ધરાવે છે.

આ લેખ સમજાવે છે કે લોકો માનસિક સ્વાસ્થ્ય અને માનસિક બીમારીનો શું અર્થ કરે છે. અમે માનસિક વિકૃતિઓના સૌથી સામાન્ય પ્રકારનું પણ વર્ણન કરીએ છીએ, જેમાં તેમના પ્રારંભિક સંકેતો અને તેમની સારવાર કેવી રીતે કરવી. WHO જણાવે છે કે માનસિક સ્વાસ્થ્ય "માનસિક વિકૃતિઓ અથવા વિકલાંગતાની ગેરહાજરી કરતાં વધુ છે." પીક માનસિક સ્વાસ્થ્ય એ માત્ર સક્રિય પરિસ્થિતિઓનું સંચાલન કરવા માટે જ નહીં પરંતુ ચાલુ સુખાકારી અને સુખની સંભાળ રાખવાનું પણ છે. તે એ વાત પર પણ ભાર મૂકે છે.

# શું કોઈને બહિર્મુખ બનાવે તેમનું વ્યક્તિત્વ, લક્ષણો અને સ્વ-સંભાળ

કેટલાક લોકો ક્યારેય સામાજિક સમયથી બીમાર લાગતા નથી. આ લોકો પાર્ટીઓ અને પ્રોફેશનલ મીટઅપ્સમાં ચમકે છે. જો તમે આના જેવી કોઈ વ્યક્તિને ઓળખો છો, તો તમે કદાચ તેમને બહિર્મુખ તરીકે વર્ણવશો અંતર્મુખની વિરુદ્ધ ધ્રુવીય. પરંતુ શું આ સામાજિક શોર્ટહેન્ડ શબ્દનો બેકઅપ લેવા માટે વૈજ્ઞાનિક સંશોધન છે? બહિર્મુખ હોવાનો અર્થ શું છે તેના વિશે પુરાવા શું કહે છે (જેની જોડણી "બહિર્મુખ" પણ છે), અને જો તમે એક હોવ તો તે તમારા ભાવનાત્મક અને માનસિક સ્વાસ્થ્ય વિશે શું કહે છે?

બે લોકો જેઓ બહિર્મુખ છે તેઓ તેને સંપૂર્ણપણે અલગ રીતે વ્યક્ત કરી શકે છે. એક બહિર્મુખ વધુ અડગ હોઈ શકે છે, જ્યારે બીજો વધુ વાચાળ હોઈ શકે છે, તે નોંધે છે. "સરળતા ખાતર, અમે તેને એક પરિમાણમાં સ્ક્વિઝ કરીએ છીએ, પરંતુ, હકીકતમાં, તે ખૂબ જ બહુપક્ષીય છે," તે કહે છે. પરિણામ એ છે કે કોઈપણ આપેલ બહિર્મુખમાં બહિર્મુખતાની કેટલીક લાક્ષણિકતાઓ હોઈ શકે છે અને અન્ય નહીં. બહિર્મુખ લોકો વધુ સકારાત્મક લાગણીઓનો અનુભવ કરે છે અને વિશ્વને વધુ સકારાત્મક પ્રકાશમાં જુએ છે.




તેથી તેઓ તેમના અંતર્મુખી સમકક્ષો કરતાં વધુ ખુશીની જાણ કરે છે, એમ વેન શેપિંગેન કહે છે. એક સીમાચિહ્ન અધ્યયનમાં ૧૦-વર્ષના સમયગાળા દરમિયાન લોકોના વ્યક્તિત્વના લક્ષણો અને સુખના સ્તરો પર સર્વેક્ષણ કરવામાં આવ્યું હતું અને જાણવા મળ્યું હતું કે, જ્યારે બધા લોકો ઉતાર-ચઢાવનો અનુભવ કરે છે, ત્યારે લાંબા દૃષ્ટિકોણમાં, બહિર્મુખતા અને ખુશીઓ સાથે મળીને ગયા હતા. (સંશોધનમાં ઉપયોગમાં લેવાતું ૧૦૦-આઈટમ સ્કેલ જે લોકો માટે મફતમાં પણ ઉપલબ્ધ છે) અહીં કેટલાક સૌથી સામાન્ય સૂચકાંકો છે. બહિર્મુખ શું છે, આ વ્યક્તિત્વ પ્રકાર પાછળનું વિજ્ઞાન, તે તમારી સુખાકારી પર કેવી અસર કરે છે અને બહિર્મુખ લોકો માટે સ્વ-સંભાળની ટીપ્સ અહીં છે. અમેરિકન સાયકોલોજિકલ એસોસિએશન (APA) અનુસાર, બહિર્મુખ લોકો તેમની રુચિ અને ઊર્જાને લોકો અને વસ્તુઓની બાહ્ય દુનિયા પર કેન્દ્રિત કરે છે. આ શબ્દ મનોચિકિત્સક અને મનોવિશ્લેષક કાર્લ જંગ, એમડી, સો વર્ષ કરતાં વધુ સમયનો શોધી શકાય છે, જેમણે તેને ૧૯૨૧ના તેમના પુસ્તક સાયકોલોજિકલ ટાઈપ્સમાં લોકપ્રિય બનાવ્યું હતું. એ નોંધવું અગત્યનું છે કે બહિર્મુખતા એ માત્ર મિલનસાર હોવાનો પર્યાય નથી. મનોવૈજ્ઞાનિકો આજે તેને તેના કરતાં વધુ માને છે, થેરેસા એમ. એન્ટરિંગર, પીએચડી, બર્લિનમાં જર્મન ઈન્સ્ટિટ્યૂટ ફોર ઈકોનોમિક રિસર્ચના પોસ્ટડોક્ટરલ સંશોધક કહે છે, જે વ્યક્તિત્વના લક્ષણોનો અભ્યાસ કરે છે.

BOLLYWOOD NEWS FLASH

## સિદ્ધાર્થ મલ્હોત્રાની યોદ્ધા ફિલ્મનું સૂરસૂરિયું

। મુંબઈ, તા.૮ ।

સિદ્ધાર્થ મલ્હોત્રાની બે વર્ષથી બની રહેલી ફિલ્મ 'યોદ્ધા'ની રીલીઝ ડેટ ચોથી વાર પાછી ઠેલાઈ છે. 'યોદ્ધા' એવું ટાઈટલ ધરાવતી આ ફિલ્મ બોક્સ ઓફિસ પર અન્ય ફિલ્મોના મુકાબલા માટે તૈયાર નથી અને કોઈ સલામત તારીખની શોધમાં સતત ઠેલાતી રહી છે. હવે આગામી ડિસેમ્બરને બદલે માર્ચ ૨૦૨૪ની નવી તારીખ જાહેર કરાઈ છે. આ ફિલ્મની રીલીઝની તારીખો સતત બદલાતી રહે છે. અગાઉ તે ગત જુલાઈમાં રજૂ થવાની હતી. પછી સપ્ટેમ્બરની એક તારીખ નક્કી થઈ હતી. બાદમાં ડિસેમ્બરની આઠમી તારીખ નક્કી કરાઈ હતી. એ જ દિવસે કેટરીા કૈફ અને વિજય સેતુપતિની 'મેરી ક્રિસમસ' રીલીઝ કરવાનું અચાનક નક્કી થયું હતું. તે વખતે પણ 'યોદ્ધા'નો નિર્માતા કરણ જોહર ભારે ચિઢાયો હતો અને તેણે સોશિયલ મીડિયા પર ભારે ઉકળાટ ઠાલવ્યો હતો કે આ રીતે એકબીજા સાથે મસલત કર્યા વિના આડેધડ રિલીઝ ડેટ નક્કી કરવી કે બદલવી એ ખોટું છે. બોલીવૂડ વર્તુળોમાં બધા જાણે છે કે 'યોદ્ધા' ટિકિટબારી પર કશું ઉકાળવાની નથી. સિદ્ધાર્થ મલ્હોત્રા કોઈ એવો સેલેબલ સ્ટાર નથી જેના નામે ટિકિટબારી પર ટંકશાળ પડે.



## શાહરૂખ ખાનના રિપ્લેસમેન્ટ બાદ ફરીથી પ્રિયંકા ચોપરા બનશે જંગલી બિલાડી

। મુંબઈ, તા.૮ ।

ડોન ફ્રેન્ચાઈઝીની ત્રીજી ફિલ્મ ડોન ૩ની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. આ ફ્રેન્ચાઈઝીમાં શાહરૂખ ખાનની જગ્યાએ રણવીર સિંહ ડોનની ભૂમિકામાં જોવા મળશે. હવે આ ફિલ્મમાં પ્રિયંકા ચોપરાની પણ એન્ટ્રી થઈ છે, જેણે ૨૦૦૬ અને ૨૦૧૧ની ફિલ્મોમાં જંગલી બિલાડી (રોમા ભગત)ની ભૂમિકા ભજવી હતી. પ્રિયંકા પહેલા, કિયારા અડવાણી અને ક્રિતી સેનનને કાસ્ટ કરવાના અહેવાલો હતા, જો કે અહેવાલોનું માનીએ તો, હવે ફરહાન અખ્તરે અસલી જંગલી બિલાડી પ્રિયંકાને સાઈન કરી છે. થોડા સમય પહેલા એવા સમાચાર આવ્યા હતા કે પ્રિયંકાએ ફરહાનની ફિલ્મ જી લે ઝારા રિજેક્ટ કરી છે. તાજેતરના અહેવાલ મુજબ, પ્રિયંકા ચોપરા 'ડોન ૩'માં કામ કરવા માટે રાજી થઈ ગઈ છે. પ્રિયંકા થોડા સમય પહેલા ભારત આવી હતી, ત્યારે જ તેણે ફિલ્મ વિશે વાત કરી હતી. હવે તે ફરી એકવાર નવા ડોન રણવીર સિંહ સાથે જંગલી બિલાડીના રોલમાં જોવા મળશે. પ્રિયંકા ચોપરાએ સૌપ્રથમ ૨૦૦૬માં આવેલી ફિલ્મ ડોનમાં રોમા ભગતની ભૂમિકા ભજવી હતી, જે તેના ભાઈ રમેશની હત્યાનો બદલો ડોન પાસેથી લે છે. આ પછી પ્રિયંકાએ ૨૦૧૧માં આવેલી ફિલ્મ ડોન ૨માં પણ રોમા ઉર્ફે જંગલી બિલાડીનો રોલ કર્યો હતો. એવા અહેવાલો હતા કે ડોન ૩ માં જંગલ બિલાડીની ભૂમિકા માટે કિયારા અડવાણી અને કૃતિ સેનનના નામ પર વિચાર કરવામાં આવી રહ્યો હતો, જો કે હવે નિર્માતાઓ મૂળ જંગલ બિલાડીને કાસ્ટ કરી રહ્યા છે. પ્રિયંકા પહેલા, આ ભૂમિકા ઝીનત અમાને ૧૯૭૮ની ફિલ્મ ડોનમાં ભજવી હતી, જેમાં પ્રથમ ડોન અમિતાભ બચ્ચન હતા.




## ફિલ્મ અભિનેત્રી ઐશ્વર્યાએ ફરી સાઉથની ફિલ્મ સ્વીકારી

। મુંબઈ, તા.૮ ।

તાજેતરમાં જ ૫૦ વર્ષ પૂરાં કરી ૫૧માં વર્ષમાં પ્રવેશેલી ઐશ્વર્યા રાયે તેનાથી ૧૮ વર્ષ મોટા ચિરંજીવીની હિરોઈન બનવાનું સ્વીકાર્યું છે. 'મેગા ૧૫૬' એવું કામચલાઉ ટાઈટલ ધરાવતી ફિલ્મમાં તે ચિરંજીવી સાથે ઓનસ્ક્રીન રોમાન્સ કરવાની છે. આશરે ૨૦૦ કરોડનાં બજેટમાં બની રહેલી આ ફિલ્મ એક ફેન્ટસી વાર્તા પર આધારિત હોવાનું કહેવાય છે. ફિલ્મમાં કુલ પાંચ હિરોઈનો હશે. સાઉથની અનુષ્કા શેટ્ટી અને મૃણાલ ઠાકુર પણ આ ફિલ્મમાં ઐશ્વર્યાની સહકલાકાર હશે. 'આરઆરઆર' ના સંગીત કાર એમ. એમ. કિરવાની આ ફિલ્મનું સંગીત આપવાના છે. નિર્માતાઓનો ઈરાદો સમગ્ર ભારતનાં ઓડિયન્સને આકર્ષવાનો છે. આ માટે જ ચિરંજીવી ઉપરાંત ઐશ્વર્યા, અનુષ્કા, મૃણાલ જેવા હિન્દી ઓડિયન્સમાં જાણીતા ચહેરાઓને કાસ્ટ કરાયા છે. ફિલ્મની સત્તાવાર જાહેરાત જોકે, હજુ બાકી છે. ઐશ્વર્યાએ છેલ્લે મણિરત્નમની 'પોનિઈન સેલ્વન' ફિલ્મના બે ભાગમાં કામ કર્યું હતું. તે પછી તેણે વધુ એકવાર સાઉથની જ આ ફિલ્મ સ્વીકારી છે. છેલ્લા કેટલાય સમયથી ઐશ્વર્યા બોલીવૂડના કોઈ મોટા પ્રોજેક્ટમાં દેખાઈ નથી.



## રશ્મિકા મંદાનાએ વાયરલ ફેક વીડિયો પર તોડી ચુપ્પી

### વીડિયો પછી ટ્વીટ થઈ વાયરલ

**રશ્મિકા મંદાનાનો એક વિડીયો વાયરલ થયો હતો, જેમાં રશ્મિકા એક બોલ્ડ અને સેક્સી બ્લેક ડ્રેસમાં જોવા મળે છે**

। મુંબઈ, તા.૮ ।

બોલીવુડમાં ત્યારે ખડભડાટ મચી ગયો જ્યારે અભિનેત્રી રશ્મિકા મંદાનાનો અત્યંત બોલ્ડ વિડીયો વાયરલ થવા લાગ્યો. આ વિડીયો જોયા પછી રશ્મિકા મંદાનાને ટ્રોલ પણ કરવામાં આવી. પરંતુ થોડા જ સમયમાં ક્લિયર થઈ ગયું કે આ વિડીયો ફેક છે. હવે આ વિડિયો પર રશ્મિકા મંદાનાએ ચુપ્પી તોડી છે. અભિનેત્રીએ ટ્વિટર પર એક પોસ્ટ શેર કરી છે. રશ્મિકાએ કહ્યું છે કે આ ઘટનાથી તે ખૂબ દુઃખી થઈ ગઈ છે અને આ ખૂબ જ ભયાનક ઘટના છે. રશ્મિકાના વિડિયો પછી શેર કરવામાં આવેલી આ પોસ્ટ પણ વાયરલ થઈ રહી છે અને લોકો તેના પર કોમેન્ટ કરીને પોતાના રિએક્શન આપી રહ્યા છે. રશ્મિકા મંદાનાએ ટ્વિટમાં લખ્યું છે કે," મને આ જણાવતા ખૂબ જ તકલીફ થઈ રહી છે. જે ફેક વિડીયો ઓનલાઈન વાયરલ થઈ રહ્યો છે તે ઘટનાથી તે ખૂબ જ દુઃખી છે આ ઘટના ખૂબ જ ભયાનક છે. આ ઘટના ફક્ત મારા માટે જ નહીં પરંતુ બધા લોકો માટે ડરાવનારી છે. આ રીતે ટેકનોલોજી નો મિસ યુઝ કરવો યોગ્ય બાબત નથી. "રશ્મિકા એ આગળ લખ્યું છે કે, "એક સ્ત્રી તરીકે અને એક અભિનેત્રી તરીકે તે પોતાના પરિવાર, મિત્રો અને શુભચિંતકોનો આભાર માનવા માંગે છે. આ પ્રકારની ઘટના દરેક વ્યક્તિ માટે મોટું જોખમ છે." સોશિયલ મીડિયા પર રશ્મિકા મંદાનાનો એક વિડીયો વાયરલ થયો હતો. જેમાં રશ્મિકા એક બોલ્ડ અને સેક્સી બ્લેક ડ્રેસમાં જોવા મળે છે. રશ્મિકા લિફ્ટમાં બંધ થતા દરવાજાને ખોલીને ઝડપથી અંદર પ્રવેશ કરે છે. વીડિયોમાં જે મહિલા છે તેણે બ્લેક કલર નું ટાઈટ અને એક્સપોઝિંગ જીમ વેર પહેર્યું છે.



# મહીસાગર જીલ્લાના વિવિધ જગ્યાઓએ સાફ-સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યુ

## જિલ્લાના દરેક તાલુકાઓમાં ગ્રામજનો સહભાગી થઈને સ્વચ્છ ભારત, સ્વચ્છ ગુજરાત અને સ્વચ્છ મહીસાગર રાખવા આહ્વાન કર્યું

। મહીસાગર, તા.૮ ।

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સમગ્ર દેશમાં ચાલી રહેલા સ્વચ્છ ભારત અભિયાનને જન આંદોલન બનાવવા માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સમગ્ર રાજ્યમાં આગામી બે માસ સુધી પ્રતિ દિન સ્વચ્છતા કાર્યક્રમો યોજવાની પહેલ કરી હતી.

સ્વચ્છતા હી સેવા અભિયાન સાથે જોડી સમગ્ર ગુજરાતને સ્વચ્છ- સુઘડ બનાવવાની નેમને ચરિતાર્થ કરતું સ્વચ્છતા હી સેવા અભિયાન સફળ થઈ રહ્યું છે. આ અભિયાનના ભાગરુપે આજરોજ મહીસાગર જીલ્લાના વિવિધ તાલુકાઓમાં સાફ-સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યુ. જે અંતર્ગત મહીસાગર જિલ્લામાં ચારણગામ સરાડીયાથી વીરપુર જતાં રસ્તાની સાફ સફાઈની કામગીરી, સંતરામપુર તલાધરા જીપીમાં અને રીંગણિયા બસ સ્ટેન્ડ પાસે સફાઈની કામગીરી હાથ ધરવામાં આવી હતી જેમાં કર્મયોગીઓ સહિત ગ્રામજનો જોડાઈને સ્વચ્છ મહિસાગરનો સંદેશો પાઠવ્યો હતો. મહાત્મા ગાંધીજીના



સ્વચ્છતાલક્ષી વિચારોને આજે ગુજરાતનો જન જન સાર્થક કરી રહ્યો છે. સમગ્ર રાજ્યમાં સ્વચ્છતા હી સેવા અભિયાન પૂરજોશમાં આગળ ધપી રહ્યુ છે ઉપરાંત આ અભિયાનમાં સામાજિક સંસ્થાઓ સહિત સૌ જનભાગીદાર બની રહ્યા છે. આવો સૌ સ્વચ્છતા હી સેવા અભિયાનમાં જોડાઈને સ્વચ્છ ગુજરાતનું નિર્માણ કરીએ.

# ઝાલોદ વણિક સમાજને વાઇબ્રન્ટ દિવાળી-૨૦૨૩ નિમિત્તે આવકારતાં કેળવણી મંડળના પ્રાંગણમાં રંગોળી બનાવાઇ

। ઝાલોદ, તા.૮ ।

શૈક્ષણિક સંસ્થાઓમાં હવે દિવાળી વેકેશન ચાલુ થઈ રહેલ છે. ઝાલોદ નગરની સહુથી મોટી શૈક્ષણિક સંસ્થા કેળવણી મંડળના પ્રાંગણમાં વિદ્યાથી-ઓ દ્વારા વણિક સમાજને વાઈબ્રન્ટ દિવાળી -૨૦૨૩ ના ઉત્સવને આવકારતાં વિવિધ રંગોળી બનાવવામાં આવેલ છે. કેળવણી મંડળમાં આવેલ શૈક્ષણિક સંસ્થાઓમાં વણિક સમાજનો સહુથી મોટો ફાળો રહ્યો છે તેથી વાઈબ્રન્ટ દિવાળી ૨૦૨૩ ને આવકારતાં સહુ




વૈષ્ણવ સમાજનું સ્વાગત કરતા રંગોળી બનાવવામાં આવી હતી. આ નિમિત્તે વિધાર્થીઓ, શિક્ષકો તેમજ કેળવણી મંડળનો સ્ટાફ ઉપસ્થિત રહેલ હતો.

# શહેરના ૭ ઝોનના વિવિધ લોકેશનોની ૬૬૨૫ કલાકમાં સફાઈ કરવામાં આવી

# અમદાવાદ શહેરમાં આવેલાં ઓવર બ્રીજ, બ્રીજ, ફ્લાય ઓવર, બસ સ્ટેન્ડ, રેલ્વે સ્ટેન્ડ અને મેટ્રો સ્ટેશનોનાં સફાઇ અભિયાન અન્વયે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આયોજિત સ્વચ્છતા અભિયાન

## AMCના સ્વચ્છતા અભિયાનમાં ૨૧૧.૧૯ મેટ્રીક ટન કચરાનું કલેકશન અને તેનો આખરી નિકાલ કરવામાં આવ્યો

। અમદાવાદ, તા.૮ ।

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ગુજરાત સરકારનાં 'સ્વચ્છતા હી સેવા' થીમ હેઠળ શરૂ કરવામાં આવેલ ૬૦ દિવસનાં સફાઈ ઝુંબેશ કાર્યક્રમોનાં સ્વચ્છતાનાં અભિયાનમાં તારીખ પ્રમાણે આપવામાં આવેલ શિડ્યુલ પ્રમાણે તા. ૦૬ ઓકટોબરથી ૧૨ નવેમ્બર, ૨૦૨૩ દરમ્યાન શહેરમાં આવેલાં ઓવર બ્રીજ, બ્રીજ, ફલાય ઓવર, બસ સ્ટેન્ડ, રેલ્વે સ્ટેન્ડ અને મેટ્રો સ્ટેશનોની સફાઈ ઝુંબેશ અંતર્ગત ૦૭નવેમ્બર, ૨૦૨૩ ના રોજ શહેરના ૭ ઝોનના વિવિધ લોકેશનોની સફાઈ હાથ ધરવામાં આવેલ હતી.

શહેરના પૂર્વ ઝોનમાં ઓમકારેશ્વર મંદિર રોડ, વેદાંત સ્કૂલ, સબ ઝોનલ ઓફિસ, વીરાટનગર બ્રિજ પાસે, રાજેન્દ્ર પાર્ક બ્રિજની નીચેનો ભાગ, ઈંદોર હાઈવે બસ સ્ટેન્ડ, નિરાંત મેટ્રો સ્ટેશન, સી.ટી.એમ. બ્રીજ નીચે, વટવા જીઆઈડીસી જુનો બ્રિજ સહિતના વિસ્તારોમાં ૭૬૨ કલાકનું શ્રમદાન કરી ૪.૬ મેટ્રિક ટન કચરાનો નિકાલ કરવામાં આવ્યો હતો.

**શહેરના પશ્ચિમ વિસ્તારમાં ST સ્ટેન્ડ ચાંદખેડા**

સાબરમતી રેલવે સ્ટેશન, રાણીપ ગામ, એ.એમ.ટી.એસ.બસ સ્ટેન્ડ, અખબારનગર બસ ડેપો, અખબારનગર અન્ડર પાસ, જુના વાડજ બસ સ્ટેશન, બસ સ્ટેન્ડ, નેહરૂબિજ, રાભિયા સર્કલ ભુદરપુરા, સરદાર બ્રીજ, આંબેડકર બ્રીજ, ચંદ્રનગર જેવા વિસ્તારોમાં ૧૮૯૩ કલાકનું શ્રમદાન કરી ૧૦૬.૭૩ મેટ્રિક ટન કચરાનો નિકાલ કરવામાં આવ્યો હતો.

**શહેરના ઉત્તર ઝોનમાં સૈજપુર-મેમ્કો બ્રિજની નીચે**

હાઉસીંગ દેગામા EWS ક્વાટર, બદ્રિનારાયણ સોસાયટી પાસે, એસ.ટી.બસ સ્ટેન્ડ, ગાયત્રી મંદિર સામે, બાપુનગર, ચામુંડા બ્રિજ વગેરે વિસ્તારોમાં ૨૦૬ કલાકનું શ્રમદાન કરી ૦.૬૩ મેટ્રિક ટન કચરાનો નિકાલ કરવામાં આવ્યો હતો.

શહેરના દક્ષિણ ઝોનમાં આંબેડકર બ્રીજ ખોડીયારનગર, વૈકુઠધામ મંદીર બી.આર. ટી.એસ રોડ દાણીલીમડા, ઝગડીયા બ્રિજથી એલ.જી હોસ્પીટલ, રાજેન્દ્ર પાર્ક, ગુરુજી ત્રીજ, નારોલ બ્રીજ, નારોલ સર્કલ અને સદભાવના પોલીસ ચોકી પાસે ૨૮૨ કલાકનું શ્રમદાન કરી ૨.૬ મેટ્રિક ટન કચરાનો નિકાલ કરવામાં આવ્યો હતો.

**શહેરના મધ્ય ઝોનમાં મેઘાણીનગર ઓવર બ્રીજ**

ગિરધરનગર બ્રીજ, દધીચિ બ્રીજ, ઘીકાંટા મેટ્રો સ્ટેશન, એસ.ટી. ગીતા મંદિર, લાલ દરવાજા એ.એમ.ટી.એસ. વગેરે સ્થળોએ ૮૬ કલાકનું શ્રમદાન કરી ૦.૬૩ મેટ્રિક ટન કચરાનો નિકાલ કરવામાં આવ્યો હતો.

**શહેરના ઉત્તર પશ્ચિમ ઝોનમાં સોલા ઓવરબ્રીજ શાયોના, ચાંદલોડિયા રેલ્વે સ્ટેશન, સિલ્વર સ્ટાર રોડ**

ચાણક્યપુરી બ્રીજ નીચે ઘાટલોડિયા, આંબલી રેલ્વે સ્ટેશન, ઈસ્કોન,આંબલી BRTS બસ સ્ટેન્ડ જેવા વિસ્તારોમાં ૧૦૪૦ કલાકનું શ્રમદાન કરી ૧૫.૫ મેટ્રિક ટન કચરાનો નિકાલ કરવામાં આવ્યો હતો.

શહેરના દક્ષિણ-પશ્ચિમ ઝોનમાં AMTS બસસ્ટેન્ડ, જય અંબેની ગલીનાં પ્લોટમાં, જીવરાજ પાર્ક મેટ્રો સ્ટેશન, AMTS બસ સ્ટેન્ડ-સરખેજ વી.આઈ.પી., AMTS બસસ્ટેન્ડ-જુહાપુરા હાઈવે જેવા વિસ્તારોમાં ૨૩૫૬ કલાકનું શ્રમદાન કરી ૮૦.૫ મેટ્રિક ટન કચરાનો નિકાલ કરવામાં આવ્યો હતો.

આ ઉપરાંત, મિશન મોડ પર વિવિધ લોકેશનો પરથી લીગસી વેસ્ટ દૂર કરી જગ્યાને સ્વચ્છ કરવાની સફાઈ ઝુંબેશ સ્થાનિક નાગરિકો અને સેવાભાવી સંસ્થાઓની મદદ સાથે જરૂરી વાહનો, મશીનરીનો ઉપયોગ કરી હાથ ધરવામાં આવી હતી જેમાં પૂર્વ ઝોનમા કામદાર મેદાન, પશ્ચિમ ઝોનમાં ભરવાડ વાસ છસ્ઝ પ્લોટ લીગાસી વેસ્ટ પાયલ પાર્ટી પ્લોટ લીગલ વેસ્ટ, એમ.પી.ચાલી, ભગવાન નગર, રંગ સાગર રોડ લિગસી વેસ્ટ વાસણા, ઉત્તર ઝોનમાં આંગણવાડી ટેનામેન્ટ પાસે, વિજય મીલ નેળીયા રોડ ઈન્ડીયા કોલોની, દક્ષિણ પશ્ચિમ ઝોનમાં મેટ્રો ટ્રેન વર્કશોપ સામેની જગ્યાઓ પરથી લીગસી વેસ્ટ દૂર કરી જગ્યાને સ્વચ્છ કરવામાં આવી હતી.

આજનાં આ સફાઈ ઝુંબેશ કાર્યક્રમોમાં કુલ ૬૬૨૫ કલાકનું શ્રમદાન કરી, ૨૧૧.૧૯ મેટ્રીક ટન કચરાનું કલેકશન કરી તેનો આખરી નિકાલ કરવામાં આવ્યો હતો.

# માછલીઓમાંથી બનતી વિવિધ મૂલ્યવર્ધિત માછલીની બનાવટો વિષય પર બે દિવસીય તાલીમ યોજાઇ



। તાપી, તા.૮ ।

સેન્ટર ઓફ એક્સલન્સ ઈન એક્વાકલ્ચર કામધેનુ યુનિવર્સીટી ઉકાઈ કેન્દ્ર દ્વારા "માછલીઓમાંથી બનતી વિવિધ મૂલ્યવર્ધિત માછલીની બનાવટો" અંગે બે દિવસીય તાલીમનું આયોજન તાપી જિલ્લાના મલંગદેવ ગામમાં કરવામા આવ્યુ હતું. આ કાર્યક્રમમાં મુખ્ય મેહમાન તરીકે શ્રીમતી પ્રીતિબેન ગામીત સોનગઢ તાલુકા પ્રમુખ, શ્રીમતી વનીતાબેન ગામીત, સરપંચ શ્રી ઓટા અને ગામીત અમરસિંહભાઈ ડેપ્યુટી સરપંચ શ્રી મલંગદેવ જુથ ગ્રામ પંચાયત તેમજ સેન્ટર ઓફ એક્સલન્સ ઉકાઈના વડા ડો. સ્મિત લેન્ડે હજાર રહ્યા હતા. ડો. સ્મિત લેન્ડે અને એમની ટીમ દ્વારા માછલીઓથી બનતી વિવિધ વાનગીઓ બનાવવામાં આવી હતી. આ તાલીમ ખરેખર અત્રેના વિસ્તારના બહનો માટે વ્યાવસાયિક દ્દષ્ટિએ ભવિષ્યમાં ફાયદાકારક થશે એમ આશા વ્યક્ત કરી હતી.

# સંજેલી ન્યુ પાર્થ નવોદય તાલીમ વર્ગનો દિવાળી વેકેશન સ્પેશિયલ બેંચનો શુભારંભ



। પંકજ પંડિત ઝાલોદ, તા.૮ ।

સંજેલી તાલુકામાં આવેલ જય અંબે એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત ન્યુ પાર્થ નવોદય તાલીમ વર્ગ છેલ્લા ૧૮ વર્ષથી કાર્યરત છે. જેમાં નવોદય વિદ્યાલય પ્રવેશ પરીક્ષાની તૈયારી કરાવવામાં આવે છે.

જય અંબે એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખશ્રી અને ન્યુ પાર્થ નવોદય તાલીમ વર્ગ સંજેલીના સંચાલક શ્રી દિલીપકુમાર એચ. મકવાણાના અધ્યક્ષ સ્થાને તાલીમ વર્ગ સંજેલી - મોરા - સુખસર - રંધિકપુર ખાતે તાલીમ વર્ગ શરૂ કરવામાં આવેલ છે. તાલીમ વર્ગના સંચાલકે જણાવ્યું હતું કે અમારા તાલીમ કેન્દ્રો પર જે બાળકોએ નવોદયના ફોર્મ ભરેલા હોય તેમને નવોદય પરીક્ષાની તૈયારી કરાવવામાં આવશે.. અમારા તમામ ક્લાસ પર જે બાળકો અનાથ હોય તેમને વિનામૂલ્યે માર્ગદર્શન અને તાલીમ તેમજ જરૂરી મટીરીયલ આપવામાં આવશે.. જે બાળકોને દિવાળી વેકેશનમાં સ્પેશિયલ બેંચમાં એડમિશન મેળવવું હોય તેમને સંજેલી - દિલીપ સર, મોરા - અશ્વિન સર, સુખસર - રાજુ સર, રંધિકપુર, ચેતક સર નો સંપર્ક સવારના ૧૦.૩૦ થી ૪.૧૫ વાગ્યા સુધી સંપર્ક કરવો તથા વધુ માહિતી માટે સીધો સંપર્ક હેડ ઓફિસ શ્રી શ્રધ્ધા વિદ્યાલય સંજેલી (ઠાકોર ફળિયું) દિલીપકુમાર એચ. મકવાણા સાહેબ નો સંપર્ક કરવા જણાવાયું છે.

# છોટાઉદેપુર જિલ્લામાં બે માસ સુધી પરિભ્રમણ કરશે વિકસિત ભારત સંકલ્પ યાત્રા

। છોટાઉદેપુર, તા.૮ ।

સરકારની વિવિધ યોજનાઓની માહિતી અને લાભો ઘરઘર સુધી પહોંચાડવા માટે આપણા જિલ્લામાં આગામી તા.૧૫થી લગલગાટ બે માસ સુધી વિકસિત ભારત સંકલ્પ યાત્રા દરેક ગ્રામ પંચાયતમાં ફરવાની છે. આ માટે કેન્દ્ર સરકાર દ્વારા છોટા-ઉદેપુર જિલ્લાને બે આધુનિક પ્રકારના રથોની ફાળવણી કરવામાં આવી છે. આ રથ તા. ૧૫ નવે.થી આપણા ગામમાં આગમન સાથે વિવિધ પ્રકારના કાર્યક્રમો પણ ફરશે.

વિકસિત ભારત સંકલ્પ યાત્રાના સુચારૂ સંચાલન માટે ગાંધીનગરથી વિકાસ કમિશનર દ્વારા એક વીસી યોજવામાં આવી હતી. જનસેવાના ઉદ્દેશ સાથે યોજનાર આ યાત્રા દરમિયાન સરકારની વિવિધ યોજનાઓની માહિતી અને લાભો પાત્રતા ધરાવતા નાગરિકોને આપવાના છે. યાત્રા દરમિયાન ૧૦૦% લાભાર્થીઓને વિવિધ યોજના હેઠળ આવરી લેવાના આયોજન સાથે યોજનાની માહિતી લોકો સુધી પહોંચે તે માટે ગામડાઓમાં સંબંધિત વિભાગના અધિકારીઓ દ્વારા માર્ગદર્શન પૂરૂ પાડવામાં આવશે. વિકસિત ભારત સંકલ્પ યાત્રા દરમિયાન આયુષ્યમાન ભારત યોજના, પ્રધાન મંત્રી ગરીબ અન્ન કલ્યાણ યોજના, દીનદયાલ અંત્યોદય યોજના, પ્રધાન મંત્રી આવાસ યોજના, ઉજ્જવલા યોજના, પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજના, કિસાન સન્માન યોજના, કિસાન ક્રેડિટ કાર્ડ, પોષણ અભિયાન, જલજીવન મિશન, સ્વામિત્વ યોજના, જનધન યોજના, જીવન જ્યોતિ વીમા યોજના, સુરક્ષા વીમા યોજના, અટલ પેન્શન યોજના, પ્રાકૃતિક કૃષિ અને રસાણિક ખાતરોનો વપરાશ ઓછો કરવા સહિતની ૧૭ યોજનાઓને આવરી લેવામાં આવી છે.

# નર્મદા જિલ્લાના ગરુડેશ્વર તાલુકામા રોજગાર કચેરી દ્વારા કારકિર્દી માર્ગદર્શન સેમીનાર યોજાયો



। રાજપીપળા, તા.૮ ।

નર્મદા જિલ્લા કલેકટર શ્રીમતી શ્વેતા તેવતિયાના રાહબરી અને જિલ્લા રોજગાર વિનિમય કચેરી અધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ નર્મદા જિલ્લાના રોજગાર કચેરી દ્વારા ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓને કારકિર્દી માર્ગદર્શન મળે તે હેતુથી કારકિર્દી માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે.

નર્મદા જિલ્લાની અંદાજિત ૨૮ જેટલી સ્કૂલો" સર્વ શિક્ષા અભિયાન હેઠળ આવેલી છે. જેમાં જિલ્લા રોજગાર કચેરીના કાઉન્સેલર દ્વારા ઉપરોક્ત તમામ ૨૮ સ્કૂલોમાં કારકિર્દી માર્ગદર્શન આપવામાં આવેલ છે. જિલ્લાના બુજેઠા અને ડુમખલ જેવા અંતરિયાળ વિસ્તારમાં આવેલી સ્કૂલોમાં પણ વિદ્યાર્થીઓને સર્વ શિક્ષા અભિયાન હેઠળ આવરી લેવામાં આવે છે.

તા.૦૭/૧૧/૨૦૨૩ મંગળવારના રોજ જિલ્લા કેરિયર કાઉન્સેલર સુશ્રી કૃષિકા વસાવા દ્વારા તિલકવાડા તાલુકાની બુજેઠા ગામની શ્રી ગુરુકુળ વિદ્યાલય અને શ્રી સ્વામિનારાયણ હાઈસ્કુલ, એકતાનગર ખાતે કારકિર્દી માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

# આજથી રાજ્યની તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં એકવીસ દિવસનું દિવાળી વેકેશન

। યશપાલસિંહ ટી. વાઘેલા થરા, તા.૮ ।

આજથી રાજ્યની તમામ સરકારી ગ્રાન્ટેડ અને સ્વનિર્ભર અધ્યાપન મંદિરો, બાલ અધ્યાપન મંદિરો, પ્રાયોગિક શાળાઓ પ્રાથમિક અને માધ્યમિક ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં દિવાળી વેકેશન તા.૦૯/૧૧/ ૨૦૨૩ થી તા.૨૯/૧૧/૨૦૨૩ સુધી કુલ- ૨૧ દિવસનું જાહેર થતાં શૈક્ષણિક કર્મચારીઓ બાળકો વતનથી દૂર રહેતા હોય તેઓ દિવાળી કરવા વતન તરફ રવાના થયા હતા ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધી નગર દ્વારા ધોરણ ૧૦ એસ.એસ. સી.અને ધોરણ ૧૨ એચ. એસ. સી. માર્ચ -૨૦૨૪ની પરીક્ષાના આવેદન પત્રો ભરવાની પ્રક્રિયા ચાલી રહી છે ત્યારે હવે



દિવાળીના તહેવારો પછી આ કામગીરી આગળ ચાલશે. વાલીઓ વિદ્યાર્થીઓ જેઓ દિવાળી તહેવારો એટલે લાભ પાંચમ પછી બોર્ડના આવેદનપત્રો પોતાની શાળામાંથી ભરી શકશે. આગામી તા.૩૦/૧૧/૨૦૨૩થી બીજા શૈક્ષણિક સત્રની શરૂઆત થશે.જેમાં શાળાકીય અને બોર્ડની પરીક્ષાઓ લેવાય છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે ધૂમ્રપાન છોડો કેમ કે એનાથી તમે શારીરિક રીતે સ્વસ્થ રહેશો. આર્થિક લાભ તમારી અપેક્ષા મુજબ નહીં હોય. કોઈક નવા-સવા પરિચયમાં આવેલા સાથે તમારી અંગત બાબતો શૅર કરતા નહીં. તમે રૉમેન્ટિક વિચારો તથા ભૂતકાળના સપનાંમાં જ ગળાડૂબ રહેશો. કામના સ્થળે અને ઘરે દબાણ તમને ગુસ્સાવાળા સ્વભાવના બનાવશે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે શારીરિક લાભ અને ખાસ કરીને માનસિક દૃઢતા માટે ધ્યાન અને યોગ કરવાનું શરૂ કરો. જે લોકોએ કોઈ સંબંધી જોડે પૈસા ઉધાર લીધેલા તેમને કોઈપણ હાલત માં આજે પૈસા પાછા આપવા પડી શકે છે. તમારૂં બાળક જેવું તથા નિર્દોષ વર્તન પારિવારિક સમસ્યા ઉકેલવામાં મહત્વની ભૂમિકા ભજવશે. તમારો રૉમેન્ટિક સંબંધ આજે મુશ્કેલીમાં આવશે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે આજે તમારું આરોગ્ય સ્વસ્થ રહેવાની અપેક્ષા છે. પોતાના સારા સ્વાસ્થ્ય ના લીધે તમે આજે મિત્રો સાથે રમતગમત ની યોજના બનાવી શકો છો? તમારી કોઈ જૂની બીમારી તમને આજ હેરાન કરી શકે છે જેના લીધે તમને હૉસ્પિટલ જવું પડી શકે છે અને તમારું ઘણું ધન પણ ખર્ચ થયી શકે છે. લાંબા સમયથી જેના સંપર્કમાં ન હો એવા લોકો તથા સંબંધોને ફરી તાજા કરવા માટે સારો દિવસ.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે સ્વાસ્થ્યની દ્દષ્ટિએ સારો દિવસ. તમારી ખુશખુશાલ મનઃસ્થિતિ તમને ઈચ્છિત ટૉનિક આપશે તથા તમને આત્મવિશ્વાસથી સભર રાખશે. ઘર ની નાની નાની વસ્તુઓ પર આજે તમારું ઘણું ધન ખરાબ થયી શકે છે જેથી તમને માનસિક તાણ થયી શકે છે. આજે ઘરે તમારાથી કોઈની પણ લાગણી ન દુભાય તેની કાળજી રાખજો અને તમારા પરિવારની જરૂરિયાતોને અનુકુળ થજો.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે મજા માટેની ટ્રીપ તથા સામાજિક મેળાવડા તમને નિરાંતવા તથા ખુશ રાખશે. નાણાં તમારા હાથમાંથી આસાનીથી સરી જવા છતાં-તમારા શુકનવંતા ગ્રહો નાણાં પ્રવાહ જાળવી રાખશે. મિત્રો તથા પરિવારના સભ્યો તમારો મોટાભાગનો સમય લેશે. કોઈક ખાસ વ્યક્તિનું ધ્યાન તમે તમારી તરફ ખેંચી શકશો-જો તમે તમારા ગ્રુપ સાથે રહેશો તો.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે ધ્યાન રાહત લાવશે. રોકાણ કરવું જોઈએ પણ એ પૂર્વે યોગ્ય સલાહ લો. તમારે નિરાંત અનુભવવાની તથા નિકટના મિત્રો અને પરિવારના સભ્યો વચ્ચે ખુશી શોધવાની જરૂર છે. આજે તમને જાણ થશે કે તમારું પ્રિયપાત્ર તમને અનંતકાળ સુધી પ્રેમ કરશે. આજે નવી ભાગીદારી આશાસ્પદ ઠરશે. સમસ્યાઓ વચ્ચે ઝડપથી કામ કરવાની તમારી ક્ષમતા તમને માન-મરતબો અપાવશે.

**તુલા (ર,ત) :**
આજના દિવસે દરેકેદરેક જણને મદદ કરવાની તમારી તૈયારી તમને થકવી નાખશે. આર્થિક મુશ્કેલીઓનો અંત આવતો હોય એવું જણાય છે, કેમ કે તમારા માતા-પિતા તમને સહકાર આપશે. પરિવારના સભ્યોની મદદ તમારી જરૂરિયાતોનું ધ્યાન રાખશે. તમારા પ્રિયપાત્ર સાથે કૅન્ડીફ્લૉસ તથા ટૉફી શૅર કરશો એવી શક્યતા જોવાય છે. કેટલાક માટે વ્યાવસાયિક ચડતી.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે તમારા પ્રચંડ પ્રયાસો તથા પરિવારના સભ્યોની સમયસર મદદ વાંછિત પરિણામ લાવશે. વર્તમાન મનોબળ જાળવી રાખવા માટે સખત મહેનત જાળવી રાખો. થોડા વધુ નાણાં બનાવવા માટે તમારા નાવિન્યસભર વિચારોનો ઉપયોગ કરો. તમારી નિકટના લોકો અંગત સ્તરે સમસ્યાઓ ઊભી કરશે. ભૌતિક અસ્તિત્વનું હવે કોઈ મહત્વ નથી.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે તમારા ઉત્સાહને વધારવા માટે તમારા મગજમાં ઉજ્જવળ તથા ગરિમાયુક્ત ચિત્ર ઊભું કરો. જો તમે પરિણીત છો તો આજે પોતાના બાળકો નું વિશેષ ખ્યાલ રાખો કેમકે જો તમે આવું નહિ કરો તો તેમની તબિયત બગડી શકે છે અને તમને તેમના સ્વાથ્ય પર તમારે ઘણા પૈસા ખર્ચ કરવા પડી શકે છે. જીવનસાથી તમને ધૂમ્રપાનની લત છોડવા પ્રેરણા આપશે.

**મકર (ખ,જ) :**
આજના દિવસે ઝળહળતો અને ખડખડાટ હાસ્યથી ભરેલો દિવસ જ્યારે મોટા ભાગની ઘટનાઓ તમારી ધારણા મુજબ આકાર લેશે. નાણાંનો અચાનક આવેલો પ્રવાહ તમારા બિલ તથા નિકટના ખર્ચને પહોંચી વળવામાં તમારી મદદ કરશે. સંબંધીઓ સહકાર આપશે તથા તમારા મગજને સંતાપ આપતો ભાર હળવો કરશે. પ્રેમમાં તમારા કઠોર વર્તન માટે માફી માગો.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે આલ્કોહૉલનું સેવન ન કરો કેમ કે એનાથી તમારી ઊંઘમાં બગાડ થશે અને ગાઢ આરામ લેવાથી તમને વંચિત કરશે. જે લોકોએ પોતાના પૈસા જુગાર માં લગાવી રાખ્યા છે તેમને આજે નુકસાન થવાની શક્યતા છે. તમને જુગાર થી દૂર રહેવાની સલાહ આપવા માં આવે છે. તમારા માતા-પિતાને ખુશ કરવામાં તમને મુશ્કેલી પડશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે તમારી સાંજ મિશ્ર લાગણીઓથી ભરેલી હશે જે તમને તાણગ્રસ્ત રાખી શકે છે.પમ એમાં ઝાઝી ચિંતા કરવા જેવું નથી- કેમ કે તમારી ખુશી તમને નિરાશા કરતાં વધુ આનંદ આપશે. જો તમારી ધન સંબંધી કોઈ બાબત કોર્ટ કચેરી માં અટવાયેલી હોય તો તે આજે ઉકેલાઈ શકે છે અને તમે વિજયી થયી શકો છો સાથે તમને ધન લાભ થયી શકે છે.

### ઇઝરાયેલ ડિફેન્સ ફોર્સ દ્વારા એક ટ્વીટ કરવામાં આવ્યું

# હમાસના આતંકીઓ પાસેથી હથિયારો, રોકેટ-ગ્રેનેડ જપ્ત

## આ એવા કેટલાક હથિયારો છે જેનો ઉપયોગ ૧,૪૦૦થી વધુ ઇઝરાયેલી નાગરિકોની હત્યા કરવા માટે કરવામાં આવ્યો હતો

। જેરૂસલેમ, તા.૮ ।

ઈઝરાયેલ અને હમાસ વચ્ચે છેલ્લા એક મહિના કરતા પણ વધારે સમયથી યુદ્ધ ચાલી રહ્યું છે અને આ યુદ્ધ વધુને વધુ ઉગ્ર બની રહ્યું છે જેમાં અનેક લોકોએ જીવ ગુમાવ્યા છે જ્યારે કેટલાય લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. આ યુદ્ધ વચ્ચે ઈઝરાયેલ ડિફેન્સ ફોર્સ દ્વારા એક ટ્વીટ કરવામાં આવ્યું છે. ઈઝરાયલ અને હમાસ વચ્ચે છેલ્લાં એક મહિના કરતા પણ વધારે દિવસથી ઘમસાણ યુદ્ધની સ્થિતિ જોવા મળી રહી છે. આ યુદ્ધમાં ગાઝાના ઘણા વિસ્તારો ખંડેર બન્યા છે અને મૃત્યુઆંક ૧૧ હજારને વટાવી ગયો છે. ૭ ઓક્ટોબરથી શરૂ થયેલા યુદ્ધને લીધે ગાઝા પટ્ટીમાં લગભગ ૧૫ લાખ લોકો વિસ્થાપિત થઈ ચૂક્યા છે ત્યારે હવે યુદ્ધ વચ્ચે ઈઝરાયેલ ડિફેન્સ ફોર્સે તેના સોશ્યલ મીડિયા એકાઉન્ટ એક્સ (અગાઉનું ટ્વીટર) પર પોસ્ટ કરી છે. આ પોસ્ટમાં તેમણે લખ્યું છે કે ૧,૪૯૩ હેન્ડ ગ્રેનેડ અને વિસ્ફોટકો, ૭૬૦ આરપીજી, ૪૨૭ વિસ્ફોટક બેલ્ટ, ૩૭૫ અગ્નિ હથિયારો, ૧૦૬ રોકેટ અને મિસાઈલ મળી



આવી છે. ટ્વીટમાં કહેવામાં આવ્યું છે કે આ એવા કેટલાક હથિયારો છે જેનો ઉપયોગ ૧,૪૦૦થી વધુ ઈઝરાયેલી નાગરિકોની હત્યા કરવા માટે કરવામાં આવ્યો હતો. આ હથિયારોનો ઉપયોગ નિર્દોષોને મારવા માટે કરવામાં આવ્યો છે. ઈઝરાયેલ-હમાસ યુદ્ધ વચ્ચે અમેરિકાએ ઈઝરાયેલને ચેતવણી આપી છે. અમેરિકાએ ઈઝરાયેલને ગાઝા પર ફરીથી કબજો કરવા સામે ચેતવણી આપતા કહ્યું કે આવું કરવું ઈઝરાયેલ માટે સારું નહીં હોય.

### ઈઝરાયેલ-હમાસ યુદ્ધમાં યુએનના ૮૯ કર્મચારીઓ માર્યા ગયા

। વોશિંગ્ટન, તા.૮ ।

મહિના અગાઉ શરૂ થયેલા ઈઝરાયલ-હમાસ વચ્ચેના યુદ્ધમાં એક માઠા સમાચાર આવ્યા છે. આ યુદ્ધમાં સંયુક્ત રાષ્ટ્ર (યુએન)ના ૮૯ જેટલાં કર્મચારીઓ પણ માર્યા છે. યુએનના ઈતિહાસમાં કોઈ યુદ્ધમાં માર્યા ગયેલા સંયુક્ત રાષ્ટ્રના કર્મચારીઓનો આ સર્વોચ્ચ આંકડો છે. મિડલ ઈસ્ટમાં પેલેસ્ટાઈની શરણાર્થીઓ માટે કાર્યરત સંયુક્ત રાષ્ટ્ર રાહત તથા બચાવ કાર્ય એજન્સી (યુએનરો)એ આ માહિતી આપી હતી. યુએનરોએ આ મામલે એક નવો રિપોર્ટ જાહેર કર્યો હતો જેમાં જણાવાયું હતું કે ૭ ઓક્ટોબરથી શરૂ થયેલા યુદ્ધને લીધે ગાઝા પટ્ટીમાં લગભગ ૧૫ લાખ લોકો વિસ્થાપિત થઈ ચૂક્યા છે. ઉત્તર ગાઝાના તમામ પાંચેય પ્રાંતમાં ૧૪૯ યુએનરોના કેમ્પ માં આશરે ૭૨૫૦૦૦ લોકોએ શરણ લીધી છે. માહિતી અનુસાર છેલ્લા ૨૪ કલાકમાં ઈઝરાયલી સૈન્યના હવાઈ હુમલાના નિશાને યુએનરોની સ્કૂલ પણ લપેટમાં આવી હતી.

### રામનગરીમાં ત્રેતા યુગ જેવી દિવાળીની તૈયારી

# સરયુ નદીના કાંઠે ૨૧ લાખ દીવડાનો વર્લ્ડ રેકોર્ડ સર્જાશે

## ૨૨ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ થનારી પ્રાણ પ્રતિષ્ઠા પહેલાં નિર્ધારિત કામો પૂરા કરવામાં આવી રહ્યા છે

। અયોધ્યા, તા.૮ ।

અયોધ્યામાં તૈયાર થઈ રહેલા રામ મંદિરના લોકાર્પણને આડે હવે ગણતરીના દિવસો બાકી છે, ત્યારે ભગવાન રામની આ નગરીમાં આ વખતે દિવાળીની રોનક સૌથી અલગ હશે. સરયુ નદીના ઘાટ પર લાખોની સંખ્યામાં દીવડાનો નવો વિશ્વવિક્રમ રચાશે. આ માટે ૨૫ હજાર સ્વયંસેવકો કામે લાગ્યા છે. સમગ્ર અયોધ્યાને રોશનીથી શણગારવામાં આવી છે. અયોધ્યામાં દિપોત્સવની તૈયારીઓ ધૂમધામથી ચાલી રહી છે. દિવાળી અને અયોધ્યા એકબીજાનો પર્યાય છે...ત્રેતા યુગમાં લંકા પર વિજય મેળવીને ભગવાન રામ અયોધ્યા પરત ફર્યા, ત્યારે અયોધ્યાવાસીઓએ દીપક પ્રજ્વલિત કરીને તેમનું સ્વાગત કર્યું હતું. અયોધ્યાનો ઉજાસ સમય જતાં દિવાળી રૂપે દુનિયાભરમાં ફેલાયો. છેલ્લા ૬ વર્ષથી ઉત્તર પ્રદેશ સરકાર અયોધ્યામાં દીપોત્સવની ઉજવણી કરે છે. આ વર્ષે સાતમો દીપોત્સવ સૌથી ખાસ હશે. ૨૦૨૨માં દિવાળી પર અયોધ્યામાં ૧૫ લાખ ૭૬ હજાર



દિવા પ્રજવલિત કરાયા હતા. ત્યારે આ વર્ષે સરયુ નદીના ૫૧ ઘાટ પર એક સાથે ૨૧ લાખ દીવડા પ્રજવલિત કરવાનો નવો રેકોર્ડ સ્થાપિત થશે. એક સમયે એક સાથે ૨૧ લાખ દિવા પ્રજવલિત જોઈ શકાય તે માટે કુલ ૨૪ લાખ દીવા પ્રજવલિત કરાશે. દીવડાના આ આંકડાનો ઉલ્લેખ ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં થશે. આ સમગ્ર કામગીરીની જવાબદારી ૨૫ હજાર વોલન્ટિયરને સોંપાઈ છે. તેઓ દિવડા પ્રજવલિત કરવા એક લાખ લીટર સરસવના તેલનો ઉપયોગ કરશે.

### દ.આફ્રિકાના કેન્દ્રીય મંત્રીને બંદૂકની અણીએ લૂંટી લેવાયા

। જોહાનિસબર્ગ, તા.૮ ।

સુરક્ષા કર્મચારીઓ હોવા છતાં દિગ્ગજ મંત્રીના માથે રિવોલ્વર તાકી લૂંટ ચલાવાઈ હોવાની ઘટના ભાગ્યે જ સાંભળવા મળતી હોય છે, ત્યારે સાઉથ આફ્રિકાના જોહાનિસબર્ગમાં આવો જ એક કિસ્સો સામે આવ્યો છે. અહીં કેટલાક બદમાશોએ દક્ષિણ આફ્રિકાના એક કેન્દ્રીય મંત્રીના માથા પર બંદૂક તાકીને તેમને લૂંટી લીધા હતા. આરોપીઓએ કેન્દ્રીય મંત્રીના સુરક્ષા કર્મીઓને પણ લાચાર કરી દીધા. સાંભળીને વિશ્વાસ નહી આવે? પરંતુ તે સાચું છે. પોલીસ હવે બદમાશોને શોધી રહી છે. આ ઘટના જોહાનિસબર્ગ હાઈવે પર બની હતી. મામલો સોમવારનો છે પરંતુ તે મંગળવારે પ્રકાશમાં આવ્યો હતો. દક્ષિણ આફ્રિકન પોલીસના જણાવ્યા અનુસાર, કેન્દ્રીય પરિવહન મંત્રી સિંદિસિવે ચિકુંગા તેમના સુરક્ષા કર્મચારીઓ સાથે જોહાનિસબર્ગ હાઈવે પર મુસાફરી કરી રહ્યા હતા. આ દરમિયાન તેમની કારમાં પંચર પડી ગયું, જેના કારણે કેન્દ્રીય મંત્રીના સુરક્ષાકર્મીઓએ કારને તેની બાજુમાં પાર્ક કરી અને પંચર રિપેર કરવાનું શરૂ કર્યું. આ દરમિયાન ત્રણ બદમાશો બંદૂક સાથે ત્યાં પહોંચ્યા હતા. આરોપીને જોઈને સુરક્ષાકર્મીઓ કંઈ કરે તે પહેલા બદમાશોએ સુરક્ષાકર્મીઓને બંદૂકની અણી પર જમીન પર સુવડાવી દીધા હતા. બદમાશો અહીંથી ન અટક્યા. તેમણે કેન્દ્રીય મંત્રી ચિકૂંગા તરફ પણ બંદૂક તાકી હતી. આરોપીઓએ બંદૂકની અણીએ ચિકૂંગાનો અંગત સામાન પણ લૂંટી લીધો હતો. પોલીસ પ્રવક્તા એથ્લેન્ડા માથેએ જણાવ્યું હતું કે ઘટનાની માહિતી મળતાની સાથે જ સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું.

### સુરક્ષા કર્મચારીનું મોત; વીડિયો આવ્યો સામે

# યુદ્ધ વચ્ચે પેલેસ્ટાઇનનાં પ્રમુખની હત્યાનો પ્રયાસ

। જેરૂસાલેમ, તા.૮ ।

પેલેસ્ટાઈનના રાષ્ટ્રપતિ મહમૂદ અબ્બાસના કાફલા પર હુમલાના સમાચાર છે. આ હુમલામાં એક સુરક્ષાકર્મીનું મોત થયું છે. એવું માનવામાં આવે છે કે પેલેસ્ટાઈનના રાષ્ટ્રપતિની હત્યાના પ્રયાસમાં આ હુમલો કરવામાં આવ્યો હતો. આ હુમલો એવા સમયે થયો છે જ્યારે ઈઝરાયેલ અને હમાસ વચ્ચે યુદ્ધ ચાલી રહ્યું છે. ઈઝરાયેલ ગાઝા પટ્ટી પર સતત હુમલા કરી રહ્યું છે. આ હુમલામાં અત્યાર સુધીમાં ૧૦ હજારથી વધુ લોકોના મોત થયા છે. તુર્કી મીડિયા અનુસાર, આ હુમલાની જવાબદારી સન્સ ઓફ અબુ જંદાલ નામના સંગઠને લીધી છે. હુમલા પહેલા રાષ્ટ્રપતિ મહમૂદ અબ્બાસને ઈઝરાયેલ વિરુદ્ધ કડક કાર્યવાહી કરવાની ધમકી મળી હતી. પરંતુ



જ્યારે અબ્બાસે તેમ ન કર્યું તો સંગઠને પેલેસ્ટિનિયન રાષ્ટ્રપતિને નિશાન બનાવીને હુમલો કર્યો. જેમાં તેમના એક સુરક્ષાકર્મીનું મોત થયું છે.

તાજેતરમાં, 'અબુ જંદાલના પુત્રો' એ એક ધમકીમાં કહ્યું હતું કે, "હવે ગાઝા પટ્ટીમાં (ઈઝરાયલી) કબજાના નરસંહાર વિશે વધુ કહેવાનો સમય નથી. ગાઝામાં થયેલા રક્તપાત વિશે કહેવા માટે કંઈ બાકી નથી. ગાઝામાં અમારા બાળકો અને અમારી મહિલાઓની હત્યા કરવામાં આવી રહી છે.

### અમેરિકા જવામાં ગુજરાતીઓ અવ્વલ!

# ચાલુ વર્ષે અમેરિકાએ ૧૦ લાખથી વધારે ભારતીયોને વિઝા આપ્યા

## ભારતીયોમાં સ્ટુડન્ટ અમેરિકન વિઝાની જબરદસ્ત ડિમાન્ડ

। નવી દિલ્હી, તા.૮ ।

અમેરિકામાં નોકરી કરીને પૈસા કમાવવા કે પછી ઉચ્ચ અભ્યાસના નામે અમેરિકામાં એન્ટ્રી મેળવવા માટે ભારતીયોમાં ભારે ક્રેઝ જોવા મળી રહ્યો છે. એમાંય ખાસ કરીને ગુજરાતીઓ તો અમેરિકાનું નામ સાંભળતા જ ઘેલા થાય છે. લાખો રૂપિયા ખર્ચીને પણ ગુજરાતીઓ અમેરિકા જવાનું સેટિંગ કરી રહ્યાં છે. આસ્થિતિની વચ્ચે વિઝા અંગે પણ ચોંકાવનારા આંકડા સામે આવ્યાં છે. જે મુજબ ભારતીયોમાં સ્ટુડન્ટ અમેરિકન વિઝાની જબરદસ્ત ડિમાન્ડ જોવા મળી રહી છે. જુલાઈ-ઓગસ્ટમાં જ ૯૦ હજાર કરતા વધારે ભારતીયોને સ્ટુડન્ટ વિઝા, ચાર પૈકી એક ભારતીયને વિઝા



આપવામાં આવ્યાં છે. બદલાતા સમયની સાથોસાથ અમેરિકા જવાનો ક્રેઝ ભારતીયોમાં જબરો વધી રહ્યો છે. અમેરિકા દ્વારા વર્ષ ૨૦૨૩માં ભારતીયોને આપવામાં આવેલા વિઝાનો આંકડો ૧૦ લાખને વટાવી ગયો છે. ભારતીયોમાં અમેરિકન વિઝાની અને ખાસ કરીને સ્ટુડન્ટ વિઝાની જબરદસ્ત રહી છે. ભારત ખાતેનાં રાજદૂત એરિક ગાસેટી દિલ્હી ખાતેનાં યુએસ મિશન પહોંચ્યા હતા અને વિઝા આપવાની કાર્યવાહીનું નિરીક્ષણ કર્યું હતું.

તેમણે વિઝા મેળવવા માંગતા અરજદારોને મદદ કરી હતી અને માર્ગદર્શન આપ્યું હતું. રાજદૂત એરિક ગાર્મેટીએ ભારતીયોને આપવામાં આવેલા વધુ વિઝા અંગે આનંદ વ્યક્ત કર્યો હતો. કોન્સ્યુલર ટીમ સાથે કામ કરીને તેમણે ખુશી વ્યક્ત કરી હતી. ભારતીયોમાં અમેરિકાનાં ક્રેઝ સતત રહ્યો છે. જે એના પરથી પુરવાર થાય છે કે જુલાઈ અને ઓગસ્ટ એમ બે મહિનામાં જ ૯૦,૦૦૦ ભારતીયોને સ્ટુડન્ટ વિઝા આપવામાં આવ્યા છે. અમેરિકાએ આખા વિશ્વને આપેલા કુલ વિઝામાં દર ૪ પૈકી એક વિઝા ભારતીય વિદ્યાર્થીને આપ્યો છે.

### વૃદ્ધની કાર પબના બિયર ગાર્ડન પર ફરી વળતાં પાંચ ભારતીયોનાં મોત

। વિક્ટોરિયા, તા.૮ ।

ઓસ્ટ્રેલિયાના વિક્ટોરિયામાં એક વૃદ્ધ વ્યક્તિની કાર પબના બિયર ગાર્ડનમાં ફરી વળી હતી જેમાં ૯ અને ૧૧ વર્ષના બે બાળકો સહિત કુલ ૫ ભારતીયો મૃત્યુ પામ્યાના અહેવાલ મળી રહ્યા છે. આ કારની અડફેટે આવતાં અનેક લોકો ઘવાયા હતા. પોલીસે આ માહિતી આપી હતી.

આ અકસ્માતમાં વિવેક ભાટિયા (૩૮), તેમનો દીકરો વિહાન(૧૧), પ્રતિભા શર્મા(૪૪), તેમની દીકરી અન્વી(૯) અને સાથી જતિન ચુઘ (૩૦) મૃત્યુ પામી ગયા. ઘટના અનુસાર એક એસયુવી રોડ કિનારે બનેલા ફૂટપાથ પર ચઢી ગઈ હતી અને પછી તે રોયલ ડેલેસફોર્ડ હોટેલના લોનમાં બેસેલા ગ્રાહકો પર ફરી વળી હતી. ભાટિયાની પત્ની રુચિ (૩૬), નાનો દીકરો અબીર (૬) અને ૧૧ મહિનાના બાળકો સહિત પાંચ અન્ય લોકો ઘાયલ થયા હતા અને તેમની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. વિક્ટોરિયા પોલીસના મુખ્ય કમિશનર શેટ પેટને સોમવારે પત્રકારો સાથેની વાતચીતમાં કહ્યું હતું કે આ તમામ પીડિતો બહારથી અહીં આવ્યા હતા. તેમણે આ ઘટનાને દુઃખદ ગણાવી હતી. પેટને કહ્યું કે એક સફેદ રંગની બીએમડબ્લ્યૂના ડ્રાઈવર માઉન્ટ મેસેડોનના ૬૬ વર્ષીય વ્યક્તિને હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો જ્યાં તે નશો કરેલી હાલતમાં ગાડી ચલાવી રહ્યો હોવાનો ખુલાસો થયો હતો. આ મામલે સંવેદના વ્યક્ત કરતાં વડાપ્રધાન એન્થોની અલ્બાનિસે ટ્વિટ કરી કે ડેલ્સફોર્ડમાં જે કંઈ થયું તેનાથી અમે સ્તબ્ધ અને અત્યંત દુઃખી છીએ. એ લોકો માટે જેમના જીવન આટલી ક્રૂરતાપૂર્વક ખતમ કરી દેવામાં આવ્યા.

# નેક્સસ સિલેક્ટ ટ્રસ્ટે મજબૂત પ્રદર્શન જાળવી રાખતા પ્રતિ યુનિટ INR 2.98નું પ્રથમ ડિસ્ટ્રિબ્યુશન જાહેર કર્યું

। મુંબઈ, તા.૮ ।

નેક્સસ સિલેક્ટ ટ્રસ્ટ (NSE: NXST / BSE: 543913), ભારતની પ્રથમ લિસ્ટેડ રિટેલ REIT, એ ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૩ ના રોજ પૂરા થયેલા બીજા ક્વાર્ટર (પ્રથમ સંપૂર્ણ ક્વાર્ટર) માટે પરિણામો જાહેર કર્યા. નેક્સસ સિલેક્ટ મોલ મેનેજમેન્ટ પ્રાઈવેટ લિમિટેડના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ, નેક્સસ સિલેક્ટ ટ્રસ્ટના મેનેજર દ્વારા અગાઉ યોજાયેલી તેની બોર્ડ મીટિંગમાં નેક્સસ સિલેક્ટ ટ્રસ્ટના નાણાકીય પરિણામોની સમીક્ષા અને મંજૂરી આપી હતી.

નેક્સસ સિલેક્ટ ટ્રસ્ટના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર અને ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર દલીપ સેહગલે જણાવ્યું હતું કે, "Q1FY24 માં મજબૂત શરૂઆત ઊરહ્નરૂ૨૪ માં ૧૮% ની મજબૂત વપરાશ વૃદ્ધિ સાથે ચાલુ રહી. ક્વાર્ટર માટે અમારી ચોખ્ખી ઓપરેટિંગ આવક અપેક્ષિત રીતે ૧૭% પ્રતિવર્ષ વધી હતી. અમારું પ્રદર્શન એ ગુણવત્તા અને સ્કેલનું પ્રતિબિંબ પણ છે કે જેના પર અમે મજબૂત કાર્બનિક વૃદ્ધિ આપવાનું ચાલુ રાખીએ છીએ. આ મજબૂત પ્રદર્શનની પાછળ, અમu INR ૪,૫૨૧ મિલિયનના અમારા પ્રથમ ડિસ્ટ્રિબ્યુશનની જાહેરાત કરતા આનંદ અનુભવીએ છીએ જે લિસ્ટિંગની તારીખથી (એટલે કે મે ૧૯, ૨૦૨૩) થી ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૩ સુધીના સમયગાળા માટે ૧૦૦% ચૂકવણીને પ્રતિબિંબિત કરતા યુનિટ દીઠ INR ૨.૯૮ માં છે. વૃદ્ધિની અમારી વ્યૂહરચના જાળવી રાખીને, અમે દક્ષિણ ભારતમાં ૩ ઉચ્ચ ગુણવત્તાવાળા મોલ્સ હસ્તગત કરવા માટે બિન-બંધનકર્તા ટર્મ શીટ પર હસ્તાક્ષર કર્યા છે. અમે અમારા પોર્ટફોલિયોમાં ૧,૦૦૦ થી વધુ સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય બ્રાન્ડ્સને સાથે રિટેલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં શ્રેષ્ઠ પ્રદાન કરવાની અમારી પ્રતિબદ્ધતા જાળવી રાખી છે."

**રોકાણકારો માટે માહિતી અને અને ત્રિમાસિક રોકાણકારની કોલ વિગતો**

નેક્સસ સિલેક્ટ ટ્રસ્ટે ત્રિમાસિક પરિણામો અને કામગીરી પર માહિતીનું પેકેજ બહાર પાડ્યું છે, જેમાં (i) સપ્ટેમ્બર ૩૦,૨૦૨૩ ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક ગાળા માટે કન્ડેન્સ્ડ કોન્સોલિડેટેડ અને કન્ડેન્સ્ડ સ્ટેન્ડઅલોન નાણાકીય નિવેદનો અને (ii) Q2 FY24 પરિણામોને આવરી લેતી આવકના પ્રેઝન્ટેશનનો સમાવેશ થાય છે. આ તમામ સામગ્રી અમારી વેબસાઈટ **www.nexusselecttrust.com** પરના રોકાણકારો વિભાગમાં ઉપલબ્ધ છે.

**વિશેષ** | દિવાળીના તહેવારમાં પણ જરૂરિયાતમંદોને સમયસર સહાય પુરી પાડવા માટે સુરત ૧૦૮ ઇમરજન્સી સેવા પ્રતિબદ્ધ : EMRI ગ્રીન હેલ્થ સર્વિસના સીઇઓ જશવંત પ્રજાપતિ

# દિવાળી પર્વમાં પ્રજાજનોની સલામતી અને સુખાકારી સુનિશ્ચિત કરવા સુરત ૧૦૮ ઇમરજન્સી સેવા વિશેષ તૈયારી સાથે ખડેપગે

## ૧૦૮ કર્મયોગીઓ પોતાની રજા કેન્સલ કરી ઘરથી દુર રહી ૨૪*૭ સેવાના સંકલ્પ સાથે ખડેપગે હાજર રહી લોકોની સેવા કરશે : અભિષેક ઠાકરે




દિવાળીના પર્વની ઉજવણી દરમિયાન બાળકો, વૃદ્ધો,પુરૂષો કે સ્ત્રીઓ ફટાકડાઓથી દાઝી જવાના બનાવો બનતા હોય છે ત્યારે તેમને ઝડપથી સેવા આપવા માટે સુરત ૧૦૮ ઈમરજન્સી સેવા સતત ચાલુ રહેશે. એમ્બુલન્સના કર્મચારીઓ પોતાની રજા કેન્સલ કરી ઘરથી દુર રહી ૨૪*૭ સેવાના સંકલ્પ સાથે ખડેપગે હાજર રહી લોકોની સેવા કરશે.

ગુજરાત EMRI ગ્રીન હેલ્થ સર્વિસના સીઈઓ **(EMRI green health servicesના CEO)** શ્રી જશવંત પ્રજાપતિએ જણાવ્યું હતું કે,દિવાળીએ એવો સમય છે, જ્યારે પરિવારો અંધકાર પર પ્રકાશના વિજયની ઉજવણી કરવા માટે ભેગા થતાં હોય છે. તહેવારોમાં પ્રજાજનોની સલામતી અને સુખાકારી જળવાઈ રહે તે માટે સાવધાની રાખવી આવશ્યક છે, જ્યારે ફટાકડા ફોડતી વખતે સાવધાની સાથે તકેદારી રાખવાનો અનુરોધ કર્યો હતો.

સુરત જિલ્લામાં પ્રજાજનોની સલામતી અને સુખાકારી સુનિશ્ચિત કરવા માટે ૧૦૮ ઈમરજન્સી સેવાઓ દિવાળી દરમિયાન વધારાની કટોકટીને પહોંચી વળવા માટે સંપૂર્ણપણે તૈયાર છે.ઈમરજન્સી કોલનો ઝડપી પ્રતિસાદ સુનિશ્ચિત થઈ શકે તે માટે હોટસ્પોટ સ્થાનો પર એમ્બ્યુલન્સ ગતિશીલ રીતે તૈનાત કરવામાં આવશે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, ઈમરજન્સી રિસ્પોન્સ સેન્ટર સમર્પિત કર્મચારીઓ દ્વારા ઈમરજન્સી ફોન-કોલ્સને ઝડપી પ્રતિસાદ મળે તે માટે એમ્બ્યુલન્સને ઝડપી રવાના કરી શકાશે. જેનાથી સમસ્યાનું નિરાકરણ માત્ર ફોનથી દુર થશે. સમર્પિત ફિલ્ડ સુપરવાઈઝરી ટીમ સમગ્ર દિવાળીના દિવસોમાં હોસ્પિટલમાં ઉપલબ્ધ રહેશે. જેથી જરૂરિયાતમંદને સરળતાથી હોસ્પિટલમાં પહોંચાડી સારવાર આપી શકાશે.

સુરત જિલ્લાના પ્રોગ્રામ મેનેજરશ્રી અભિષેક ઠાકરે જણાવ્યું હતું કે,અગાઉના વર્ષોમાં કટોકટીના વધતા જતા આંકડાને આધારે આ વર્ષેના ડેટા આધારે પર્વ દરમિયાન દિવાળીના દિવસે ૯.૦૬%, નવા વર્ષમાં ૨૩.૩૦% તથા ભાઈબીજ પર ૨૨.૨૪%નો વધારો થવાની શક્યતા સામે સુરત શહેરમાં ૪૭ તથા સુરત ગ્રામ્ય વિસ્તારમાં ૧૫ એમ કુલ ૬૨ એમ્બ્યુલન્સ સાથે તમામ વોરિયર્સ પોતાની રજા કેન્સલ કરી ઘરથી દુર રહી ૨૪*૭ સેવાના સંકલ્પ સાથે ખડેપગે હાજર રહેશે.



દિવાળીમાં ઘર પર રોશની કરવા માટે લાઈટીંગની સિરીઝ અને તોરણની ખરીદી કરવામાં આવી રહેલ છે.

ન્યૂઝ બ્રિફ

## અમદાવાદનો પોલ્યુશન સિટીમાં ૧૫મો ક્રમાંક સામે આવ્યો

| અમદાવાદ, તા.૮ |

દિલ્હીમાં હવામાં પ્રદૂષણના કારણે લોકોને આંખોમાં તકલીફ થઈ રહી છે. ત્યારે વર્તમાનમાં સૌથી મોટો અને સતાવતો સવાલો છે ગ્લોબલ વોર્નિંગ. અમદાવાદમાં પ્રદૂષણ વધવાનો મામલો સામે આવ્યો છે. એર પોલ્યુશન વધતા છસ્ક્ર તંત્રનો સર્વેમાં ચૌકાવનારા આંકડા સામે આવ્યા છે. નેશનલ લેવલે પોલ્યુશન પ્રમાણે વધતા પ્રદૂષણને લઈ તંત્ર ચિંતામાં મુકાયો છે. અત્રે જણાવીએ કે, અમદાવાદનો પોલ્યુશન સિટીના ૧૫મો ક્રમાંક સામે આવ્યો છે. હાલ અમદાવાદનો એર ક્વોલિટી છઊઁ ૧૬૦ નોંધાયો છે. સ્ટેડિયમ,પીરાણા રાયખડ વિસ્તારમાં એર ક્વોલિટી ૧૦૦થી ઉપર રિપોર્ટમાં નોંધાયો છે. એએમસીએ કહ્યું કે, મણિનગર, એરપોર્ટ, પીરાણામાં સૌથી વધુ પોલ્યુશન છે. જ્યારે આરોગ્ય અધિકારીએ કહ્યું કે, કંટ્રેક્શન સાઈટ પોલ્યુશન માટે મુખ્ય જવાબદાર છે. સિટીમાં આવેલ ઈન્ડસ્ટ્રીલ એકમોમાં પણ ૅઝ્રસ્ દ્વારા કાર્યવાહી કરવામાં આવી રહી છે.

## સુરતમાં રામ દરબારની થીમ પર વિશાળ ૩૫૦૦ ફૂટની રંગોળી સજાવી

| સુરત, તા.૮ |

દિવાળી એટલે પ્રકાશનો પર્વ દશેરાએ રાવણનો વધ કરી ભગવાન શ્રી રામ દિવાળીના દિવસે અયોધ્યા પહોંચ્યા હતા. દિવાળીના પર્વએ અયોધ્યા સ્થિત રામમંદિર અચૂક ધ્યાનમાં આવે છે. દિવાળી પર્વને લઈને સુરતીઓમાં પણ નહેરો ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. સુરતમાં આવેલા અગ્રવાલ વિકાસ ટ્રસ્ટની યુવા શાખાએ રામ દરબારની થીમ પર વિશાળ ૩૫૦૦ ફૂટની રંગોળી સજાવી છે. આ વિશાળ રંગોળી રામભક્તોમાં આકર્ષણનું કેન્દ્ર બની છે. આ રંગોળી ખુબ બારીક માહિતીને સમાવવાના પ્રયાસ સાથે તૈયાર કરવામાં આવી છે જે દિવાળી સુધી લોકોને દર્શનનો લાભ આપશે. અયોધ્યાના રામ મંદિરની આબેહૂબ પ્રતિકૃતિની ઝલક આ રંગોળીમાં જોવા મળી રહી છે. વિશાલ રંગોળીના નયનરમ્ય જેના આકાશી દશ્ય પણ સામે આવ્યા છે જે રામભક્તો માટે ખૂબ જ આકર્ષક અવસર બન્યા છે.

## મોરબીના ખાનપર ગામે પતિએ પત્નીની હત્યા કરી

| છોટાઉદેપુર, તા.૮ |

છોટાઉદેપુર તાલુકાના નવાગામ ગામના રહેવાસી રેમલા નાયકા તેની પત્ની ઝીનકીબેન નાયકા અને બે સંતાનો સહિત પરિવાર સાથે મજૂરી અર્થે મોરબીના ખાનપર ગામે રાજેશ લક્ષ્મણભાઈ ડાવેરાની વાડીમાં રહેતા હતા. ગતરાત્રિએ કોઈ કારણોસર પતિ રેમલા નાયકાએ પોતાની પત્ની ઝીનકી બેનને દાતરડી વડે મોઢા ઉપર બેરહેમીપૂર્વક વાર કરી હત્યા નિપજાવી હતી. રેમલા અને ઝીનકી બેન વાડીમાં નાની ઝૂંપડીમાં સૂતા હતા જ્યારે અન્ય પરિજનો બહાર ખુલ્લામાં ઊંઘતા હતા દરમિયાન મોડી રાત્રે માતા ઝીનકીબેનના રડવાનો અવાજ આવતા મોટો પુત્ર હસમુખ ઝૂંપડી માં જોવા ગયો તો પિતા ના હાથમાં દાંતરડું હતું અને માતા લોહીલુહાણ હાલતમાં નીચે પડી હતી.

## દાહોદમાં મિલાપ શાહની હત્યા કેસમાં વધુ બે આરોપીની ધરપકડ

| દાહોદ, તા.૮ |

દાહોદમાં ૨૬ ઓક્ટોબરે હત્યા કરાયેલી હાલતમાં મિલાપ શાહનો મૃતદેહ મળ્યો હતો. આ હત્યાના કેસમાં પોલીસે અગાઉ બે યુવકોની ધરપકડ કરીને તેમના ૧૦ દિવસના રિમાન્ડ મેળવ્યા હતા. ત્યારે તપાસ મુંબઈમાં તપાસ દરમિયાન પોલીસે મિલાપ પાસેથી લુંટેલા દાગીના રિકવર કર્યા હતા. દાહોદમાં મિલાપ શાહની હત્યા કેસમાં મુંબઈના અન્ય બે આરોપીની ધરપકડ કરવામાં આવી છે. હત્યા બાદ લૂંટાયેલા દાગીના ફાઈનાન્સ કંપનીમાં ગીરવે મૂક્યા હતા. પોલીસે ઘરેણા રિકવર કર્યા છે. કબજે લેવાયેલા દાગીનામાં લોહીના નિશાન જોવા મળ્યા છે.

# ગુજરાત સાયન્સ સિટી ખાતે વર્લ્ડ સાયન્સ ડેની ઉજવણી કરવામાં આવી



| અમદાવાદ, તા.૮ |

આજ રોજ વિશ્વ વિખ્યાત વિજ્ઞાન નગરી ગુજરાત સાયન્સ સિટી ખાતે એક ખાસ કાર્યક્રમ “Pre-celebration of world science day for peace and development” યોજાયો, જેમાં આશરે ૫૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહ પુર્વક ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ડો.એમ.આઈ. જોષી, ડાયરેક્ટર પ્રાઈમરી એજ્યુકેશન. ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત ડો. સંજય ઠાકર તથા ડો.ભાનુ સોલંકીએ તેમનુ વક્તવ્ય આપ્યુ હતુ.આ સમગ્ર કાર્યક્રમ ‘‘બિલ્ડીંગ ટ્રસ્ટ ઈન સાયન્સ’’ની થીમ પર આધારીત હતો. ગુજરાત સાયન્સ સિટી અવિરતપણે વિજ્ઞાનના પ્રચાર-પ્રસારના કાર્યક્રમો કરતી રહે છે.

### સરકારી પરીક્ષાઓમાં ગેરરીતિ મામલે હાઇકોર્ટ નારાજ

# સરકારી પરીક્ષાઓમાં કોઈપણ પ્રકારની ચૂક ચાલાવી લેવાય નહી : હાઇકોર્ટ

### અસામાજીક તત્વોને કારણે હજારો યુવાનોને હેરાનગતિનો સામનો કરવો પડે છે

| અમદાવાદ, તા.૮ |

રાજ્યમાં વિવિધ સરકારી પરીક્ષાઓમાં થતી ગેરરીતિ અને ચુકને લઈ હાઈકોર્ટે નારાજગી વ્યક્ત કરી છે. તેમજ ગેરરીતિના આરોપીઓને જામીન આપવા બાબતે અને અન્ય કેટલીક ટકોર પણ કરી છે. સરકારી પરીક્ષાઓમાં ગેરરીતિ મામલે હાઈકોર્ટે નારાજગી વ્યક્ત કરતા કહ્યું કે, સરકારી પરીક્ષાઓમાં કોઈપણ પ્રકારની ચૂક ચાલાવી લેવાય નહી અને લાખો યુવાનો દિવસ-રાત એક કરીને પરીક્ષાની તૈયારી કરતા હોય છેહાઈકોર્ટે જણાવ્યું કે, કેટલાક અસામાજીક તત્વોને કારણે હજારો યુવાનોને હેરાનગતિનો સામનો કરવો પડે છે. ૨૦૧૪માં લેવાયેલ ક્લાર્કની પરીક્ષામાં થયેલી ગેરરીતિ મુદ્દે ચાલી રહેલા કેસ મામલે હાઈકોર્ટની આકરી ટકોર સામે આવી છે. કેસમાં સંડોવાયેલા અને ૮ વર્ષથી ફરાર આરોપીના આગોતરા જામીન સમયે કોર્ટે ટકોર કરી છે. અત્રે જણાવીએ કે, સંબધિત કેસમાં કોર્ટે જામીન આપવાથી ઈક્રાર કર્યો છે. અત્રે જણાવીએ કે, જયારે કોઈ વિદ્યાર્થી કે વ્યકિત સ્પર્ધાત્મક પરીક્ષા આપે ત્યારે તે કંઈ કેટલાય સપના જોઈ લેતો હોય છે. સારી સારી સરકારી નોકરીઓની કલ્પના કરી લેતો હોય છે પરંતુ એજ સપના ત્યારે ચકનાચૂર થાય જયારે ષડયંત્રકારોની ચાલાકીના લીધે પેપર ફૂટી જાય અને પરીક્ષા રદ થઈ જાય છે. પછી તો સ્વભાવિક છે કે ફરી પરીક્ષા લેવાય એમા પછી કોઈ કારણોસર ભરતીપ્રક્રિયા અટકે અને એવી અનેક સરકારી વાતોની વચ્ચે કોઈ ઉજજવળ ભવિષ્યનો ઉદય થતા પહેલા જ અસ્ત થઈ જાય છે

### વસ્ત્રદાન કાર્યક્રમમાં ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીની પ્રોત્સાહક ઉપસ્થિતિ

# સ્વામી વિવેકાનંદ યુવા બોર્ડ દ્વારા ગુજરાતમાં કુલ ૭૬ હજાર વસ્ત્રોનું દાન કરવામાં આવ્યું : હર્ષ સંઘવી

### દિવાળીના અવસર નિમિત્તે આપણા ઘરોમાં કે ઓફિસમાં આપણી સાથે કામ કરતા કર્મચારીઓ કે જરૂરિયાતમંદ નાગરિકોને યથાશક્તિ પ્રમાણે મદદરૂપ થઈએ અને સૌને દિવાળીની ખુશીઓ અર્પણ કરીએ : હર્ષ સંઘવી



| અમદાવાદ, તા.૮ |

સ્વામી વિવેકાનંદ ગુજરાત રાજ્ય યુવા બોર્ડ દ્વારા અમદાવાદમાં શાહપુર ખાતે વસ્ત્રદાન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાતના ગૃહ રાજ્યમંત્રીશ્રી હર્ષ સંઘવી ઉપસ્થિત રહ્યા હતા અને તેમના હસ્તે જરૂરિયાતમંદ નાગરિકોને વસ્ત્રદાન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે, દિવાળીના અવસર નિમિત્તે ગુજરાત રાજ્ય સ્વામી વિવેકાનંદ યુવા બોર્ડ દ્વારા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ આ વસ્ત્રદાન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, સ્વામી વિવેકાનંદ ગુજરાત રાજ્ય યુવા બોર્ડ દ્વારા સમગ્ર ગુજરાતના ઘણા એવા વિસ્તારોમાં ઘરે ઘરે મુલાકાત કરીને વસ્ત્રો એકત્રિત કરવામાં આવ્યાં હતાં અને તે વસ્ત્રોને સુવ્યવસ્થિત કરીને જરૂરિયાતમંદ સામાન્ય નાગરિકોના ઘરોમાં વિતરણ કરવામાં આવી રહ્યું છે. અત્યાર સુધીમાં ગુજરાતના કુલ ૭૬ હજાર ઘરોમાં આવા વસ્ત્રોનું દાન કરવામાં આવ્યું છે, જે ખૂબ જ ગૌરવની બાબત છે, તેમ તેમણે ઉમેર્યું હતું. વધુમાં મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, આપણે સૌ પણ દિવાળીના અવસર નિમિત્તે આપણા ઘરોમાં કે ઓફિસમાં આપણી સાથે કામ કરતા કર્મચારીઓ કે જરૂરિયાતમંદ નાગરિકોને યથાશક્તિ પ્રમાણે મદદરૂપ થઈએ અને સૌને દિવાળીની ખુશીઓ અર્પણ કરીએ. આ કાર્યક્રમમાં ધારાસભ્ય શ્રી કૌશિકભાઈ પટેલ, સ્વામી વિવેકાનંદ ગુજરાત રાજ્ય યુવક બોર્ડના આગેવાનો, સભ્યો તેમજ મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.




માલધારી સમાજની ગાયો એએમસી દ્વારા પકડાઈ જવાના વિરોધમાં દાણાપીઠ એએમસી ઓફિસ પર માલધારી સમાજે દેખાવો કરી આવેદનપત્ર આપ્યું હતું.

### પોલીસ ખાતાને લઇને એક મોટા સમાચાર સામે આવ્યા

# પોલીસ ખાતા માટે દિવાળી શુભ, ૫૩૮ ASIને અપાઇ PSI તરીકે બઢતી

### આ તમામ ૫૩૮ એએસઆઇ લાંબા સમયથી પ્રમોશનની રાહ જોઈ રહ્યાં હતા, હવે તેમને હંગામી બઢતી મળી છે

| અમદાવાદ, તા.૮ |

ગુજરાતમાં પોલીસ ખાતાને લઈને એક મોટા સમાચાર સામે આવ્યા છે. હાલમાં જ જાહેરાત થઈ છે કે, રાજ્યમાં ૫૩૮ એએસઆઈને હંગામી પ્રમોશન આપવામાં આવ્યુ છે, ગુજરાતમાં પોલીસ ખાતાને લઈને એક મોટા સમાચાર સામે આવ્યા છે. હાલમાં જ જાહેરાત થઈ છે કે, રાજ્યમાં ૫૩૮ એએસઆઈને હંગામી પ્રમોશન આપવામાં આવ્યુ છે, બઢતી પામેલા તમામ એએસઆઈને ગૃહ વિભાગે પીએસઆઈ તરીકે પ્રમોટ કર્યા છે. રાજ્યના ગૃહ વિભાગે આજે દિવાળી ટાણે પોલીસ ખાતા માટે શુભ સમાચાર આપ્યા છે જે અંતર્ગત આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેકટરની દિવાળી સુધારી છે, આ પછી રાજ્યમાં પોલીસ તંત્રમાં પીએસઆઈની ઘટ્ટ ઓછી થઈ શકે છે. ગૃહ વિભાગે આજે જાહેરાત કરતા કહ્યું કે, ૫૩૮ જેટલા જુનિયર કક્ષાના ASIને PSI તરીકે હંગામી બઢતી આપવામાં આવી છે. આ તમામ ૫૩૮ એએસઆઈ લાંબા સમયથી પ્રમોશનની રાહ જોઈ રહ્યાં હતા, હવે તેમને હંગામી બઢતી મળી છે. ગુજરાતના સરકારના ગૃહ વિભાગે બે અધિકારીઓની કરેલો બઢતીનો હુકમ સોશિયલ મીડિયામાં ખૂબ વાયરલ થયો છે. ગુજરાત પોલીસમાં એક અલગ જ નામ અને કામ ધરાવતા બે ડીવાયએસપીને ગૃહ વિભાગે સુપ્રિટેન્ડન્ટ ઑફ પોલીસ તરીકે બઢતી આપી છે. ગૃહ વિભાગે ATS ના DySP કે. કે. પટેલ અને સુરત ક્રાઈમ બ્રાંચના ACP ભાવેશ રોજિયાને આઉટ ઑફ ટર્ન પ્રમોશન આપ્યા છે. એક સાથે બબ્બે ડીવાયએસપીને એસપી તરીકેની બઢતી આપવામાં આવતા ગુજરાત પોલીસમાં એક નવો ઈતિહાસ રચાયો છે. ગૃહ વિભાગે બંને અધિકારીઓને બઢતી આપવાની સાથે સાથે તેમની બદલી પણ કરી છે.

ડીવાયએસપી કે. કે. પટેલને SP મરીન ટાસ્ક ફોર્સ કમાન્ડર ગાંધીધામ-કચ્છ તરીકે નિમણૂંક આપી છે. જ્યારે બી. પી. રોજિયાને નાયબ પોલીસ કમિશનર ક્રાઈમ-૨ સુરત તરીકે નિમણૂંક કરી છે. પોલીસ વિભાગમાં બેદાગ રહીને જે અધિકારી-કર્મચારી કોઈ અતિ નોંધપાત્ર કામગીરી કરે છે તેને રાજ્ય સરકાર આઉટ ઑફ પ્રમોશન આપે છે. જે અધિકારી કે કર્મચારીને આઉટ ઑફ ટર્ન પ્રમોશન આપવાનું હોય તેની કામગીરી-મેડલ સહિતની માહિતી રાજ્ય પોલીસ વડા તરફથી ગૃહ વિભાગને મોકલવામાં આવે છે. ત્યારબાદ સામાન્ય વહીવટ વિભાગ અને આખરે મુખ્યમંત્રી પાસે પહોંચે છે.

# શિક્ષણ વિભાગ દ્વારા હેકાથોન-૨૦૨૩માં સરકારની વિવિધ સંભવિત ૨૩૧ સમસ્યાઓની યાદી બહાર પાડવામાં આવી

### હેકાથોન-૨૦૨૩માં વિદ્યાર્થીઓની રોજબરોજની સમસ્યાઓ જેવી કે એથલિટ્સ માટે પોષણ એપ્લીકેશન, નકલી સોશિયલ મીડિયા પ્રોફાઈલની શોધ અને રીપોર્ટિંગ, વેસ્ટ ટુ એનર્જી ટ્રાન્સફર્મેશન સિસ્ટમ જેવી સમસ્યાઓની ચર્ચા અને પ્રશ્નોનું નિરાકરણ કરવામા આવ્યું

| અમદાવાદ, તા.૮ |



અમદાવાદમાં આવેલી ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટી દ્વારા તાજેતરમાં ગુજરાત સરકાર દ્વારા હેકાથોનની પાંચમી આવૃતિનું આયોજન સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું. યુવાનોમાં સર્જનાત્મકતા પ્રગટે તથા સમસ્યા નિવારણની તક મળે તે માટે આ હેકાથોનમાં શિક્ષણ વિભાગ દ્વારા સરકારની વિવિધ સંભવિત ૨૩૧ સમસ્યાઓની યાદી બહાર પાડવામાં આવી છે. ગુજરાતમાં આ સમસ્યાઓનું નિરાકરણ લાવવા માટે કુલ ૧૪૬૩ ટીમ બનાવવામાં આવી છે. જેમાં ૭૮૮૬ લોકો સામેલ છે. ૧૪૬૩ ટીમોમાંથી ૭૫ ટીમો ગુજરાત રાજ્ય બહારની હતી.

સમગ્ર ગુજરાતમાં ૧૬ જૂદા જૂદા નોડલ કેન્દ્રોમાં હાથ ધરવામાં આવતી આ હેકાથોનનું એક કેન્દ્ર ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટી છે. જેમાં યુનિવર્સિટી તરફથી ૮૮ ટીમો અને ૫૧૧ સહભાગીઓએ ભાગ લીધો હતો. જેમાં ૩૬૮ પૂરુષો હતા અને ૧૪૨ મહિલાઓ હતી. આ હેકાથોનમાં રાજસ્થાન, મહારાષ્ટ્ર, ઉત્તરાખંડ, આંધ્રપ્રદેશ અને તામિલનાડુ સહિતની ગુજરાત બહારની ૧૮ ટીમો સામેલ થઈ હતી. આ હેકાથોનમાં અભ્યાસુ વિદ્યાર્થીઓની રોજબરોજની સમસ્યાઓ જેવી કે એથલિટ્સ માટે પોષણ એપ્લીકેશન, નકલી સોશિયલ મીડિયા પ્રોફાઈલની શોધ અને રીપોર્ટિંગ તથા વેસ્ટ ટુ એનર્જી ટ્રાન્સફર્મેશન સિસ્ટમ જેવા પ્રશ્નોનું વિદ્યાર્થીઓ દ્વારા નિરાકરણ કરવામાં આવ્યું હતું. આ હેકાથોનમાં સિનિયર સાયન્ટીસ્ટ અને સેક-ઈસરો ગ્રુપનાં ડાયરેક્ટર શ્રી ડી. કે. પટેલ તથા કાર્યકારી કુલપતિ ડૉ. શ્રી એસ. ડી. પંચાલ ઉપસ્થિત રહ્યા હતા.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
દૈનિક સમાચાર પત્ર
ઉપાડો ફોન
9800708900
આ નંબર પર માત્ર વોટ્સએપ મેસેજ જ કરવો
આપની આસપાસ બનતી ઘટનાઓના ફોટાઓ વિડીયો મોકલી આપો
દરેક જાતના પ્રસંગ, ઉમંગ, શાળાઓ, કોલેજોથી લઈને સોસાયટીઓ સુધી અવસરથી લઈને તહેવારો સુધી બધા જ સમાચારોને આવરી લેતુ અખબાર “ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત” દૈનિક હંમેશા તૈયાર રહે છે, આપની આસપાસ બનતી રસપ્રદ ઘટનાઓની માહિતી વોટ્સએપ નંબર ઉપર અથવા ઈ-મેઈલ પર અમને લખીને મોકલો...
cnngujarat@gmail.com

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨